શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

કિંમત ૨૦/-

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એકતા કટ્ટા • વર્ષ : ૯ • અંક : ૧ • ઓક્ટોબર/નવેમ્બર-૧૩



વિજેતા લોગો ડિઝાઈન

'સ્મૃતિ હોલ'ના દાતાશ્રીઓનું સન્માન



પ્રભુદાસ ખેતશી સોની




કેપ્ટન ચંદાબેન બુદ્ધભટ્ટી

ઐતિહાસિક કિલ્લાની નગરી : લખપત

'શબ્દ બાગ'-શુભારંભ

યોગ શિક્ષણ




૨૮ મો સમૂહલગ્ન સમારોહ-ભુજ

Chimanlal Soni 98985 15125 Pratish C. Soni 98240 31029

# PRATISH Industries

## MANUFACTURER OF :

- Sheet Metal Press Components
- Electronics Sheet Metal Press Components
- Tools & Dies
- CNC Wire Cut



Factory : 390 GIDC, Makarpura, Baroda-390010

Tel. : 0265-2637736 Telefax : 0265-2643155

E-mail : pratishindustries@yahoo.in

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ


વર્ષ : ૯ ● અંક : ૧
ઓક્ટોબર' ૧૩ - નવેમ્બર'૧૩

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**<u>વ્યવસ્થાપક સમિતિ</u>**

***ચેરમેન***
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

***માનદ્ સંયોજક***
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

***મુદ્રણ આયોજન***
સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

***વેબસાઈટ***
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

***નાણાકીય આયોજન***
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**<u>જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક</u> :**

● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮


**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-



'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશયક નથી.


## તંત્રી સ્થાનેથી



'સેતુ' દશાબ્દી ઉજવણી અંતર્ગત આ બીજો અંક પ્રસ્તુત કરતા સેતુ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે. 'સેતુ' સહયોગીઓનો 'સહૃદય' પ્રતિભાવ આપણા સમાજની મહિલા વર્ગની 'સેતુ' પ્રત્યેની 'મમતા' અને સમાજના પ્રબુદ્ધ વડીલોનું પ્રેરક અને પીઠ થાબડતું પ્રોત્સાહન અમને 'આગે બઢો' નું આવાહ્ન આપે છે. સામર્થ્ય આપે છે અને સેતુ પરિવાર સમાજ પ્રત્યેની એની પ્રતિબદ્ધતા વિષે વધુ મક્કમ બને છે.

ગત બે અંકોના અનુસંધાને કેટલાક નોંધનીય અને રચનાત્મક પ્રતિસાદ વિષે વાચકોને જણાવતાં અમને હર્ષ થાય છે. શ્રી હરિલાલભાઈ વીસાપરમારે દશાબ્દીનો પ્રથમ અંક પુરો વાંચ્યા પછી તરત જ ફોનથી અભિનંદન આપ્યા એટલું જ નહિ જે કેટલાક મહત્વના સૂચનો, કર્યા તેમાનું એક સૂચન એ હતું કે 'સેતુ' આપણા સમાજના પ્રત્યેક પરિવારને મળવું જોઈએ. અત્યારે 'સેતુ' માત્ર લવાજન ભરી સભ્યો થનારને જ મોકલાય છે. સમાજના ઘણા પરિવારો હજુ કદાચ લવાજમ ભરી સભ્ય થયા નથી. જેના કારણો જે હોય તે, પરંતુ એમના મતે નિવારણ એ છે કે દરેક સ્થળના જ્ઞાતિ મંડળના સર્વે લાગણીદારો સંબંધિત મંડળ મારફ્ત 'સેતુ' પહોંચાડવામાં આવે. એમનું આ સૂચન ખરેખર આદર્શ અને વ્યવહારું છે. આ બાબતમાં જ્ઞાતિ વડીલો તેમજ આમ વાચકો એમના વિચારો મોકલશે તો તેને 'સેતુ' એના દશાબ્દી અંકોમાં ક્રમશઃ પ્રકાશીત કરવામાં આવશે.

આપણી ભુજ જ્ઞાતિના સમર્પિત વરિષ્ઠ સેવક અને સમસ્ત સમાજમાં ખૂબ જ સન્માનીત અને પ્રતિષ્ઠિત વડીલનું સુચન છે કે આપણા સમાજમાં થતા આંતરજ્ઞાતિય લગ્નોની પારિવારીક વિભાવના અને દાંપત્યજીવનનું વૈજ્ઞાનિક ઢબે અવલોકન થવું જોઈએ. ભુજ મહિલા મંડળની કાર્યકર્તા બહેનોએ આ સૂચનનો અમલ કરી પ્રારંભે, આંતરજ્ઞાતિય દંપતિઓની વિગતો એકઠી કરવાનું સ્વીકાર્યું છે. પ્રથમ વિગતો એકઠી થાય પછી તેનું વૈજ્ઞાનિક ઢબે વિશ્લેષણ વિચારી શકાય. શિક્ષણ પ્રસાર, વ્યવસાય વૈવિધ્ય મહિલા સશક્તિકરણ અને શહેરીકરણના પરિણામ સ્વરૂપ આંતર જ્ઞાતિય લગ્નોનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જશે.

હકીકત છે સમયના વહેણ સાથે એને સાર્વત્રિક સ્વીકૃતિ પણ મળેલી જ છે. સમસ્ત દેશમાં હવે જ્ઞાતિબંધનો અગાઉ જેવા કઠીન અને કઠોર રહ્યા જ નથી. બલકે વિભિન્ન જ્ઞાતિ સમાજો પ્રગતિશીલ વિચારધારાને અનુરૂપ થતા જાય છે. તેમ છતાં આજ પ્રત્યેક જ્ઞાતિના સભ્યોની એમની જ્ઞાતિ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને મમતા મહદઅંશે પ્રબળ રહી છે. આંતરજ્ઞાતિય દંપતિઓનું સર્વેક્ષણ અને એમના સંપર્ક થકી એના કારણો અવશ્ય જાણી શકાશે.

'સેતુ' ને આવા સમાજલક્ષી સંશોધન કાર્યોમાં ખૂબ જ રસ છે. આ સંદર્ભે પણ વાચકોના અભિપ્રાયો તેમજ સહયોગ અપેક્ષિત છે.

**હંસરાજ કંસારા**
**મુખ્ય તંત્રી**

## ‘જ્ઞાતિ સેતુ’ દશાબ્દી વર્ષ

‘જ્ઞાતિ સેતુ’ દશાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે જ્ઞાતિના વડીલો, શ્રેષ્ઠીઓ તથા માનવંતા વાચક વર્ગ તરફથી મળી રહેલ પ્રોત્સાહક પ્રતિભાવો બદલ આભાર.

છેલ્લા દસ વર્ષમાં ‘જ્ઞાતિ સેતુ’ નું ધ્યેય કચ્છ અને કચ્છ બહાર વસતા સમાજના પરિવારો વચ્ચે સંવાદનો સેતુ રચવાનું રહેલ છે. આપણો સમાજ એક પ્રગતિશીલ સમાજ છે. હાલના સમયમાં પણ અન્ય સમાજમાં પ્રવર્તમાન કુરિવાજો, ગેરમાન્યતાઓ અને ખોટી પરંપરાઓની માયાજાળથી આપણો સમાજ મહદ્‌અંશે મુક્ત રહેલ છે. સમાજે સદા પ્રગતિશીલ વિચારસરણીને અપનાવી છે અને તેથી જ સમાજ વિકાસના પંથે છે. એવું નથી કે સમાજ સામે કોઈ પડકાર નથી. હજુ પણ ઉચ્ચ શિક્ષણ તથા રાજકીય ક્ષેત્રે આપણા સમાજની હાજરી નહીવત્ છે. સમાજના યુવાવર્ગમાં ફેલાતા દૂષણો વખતોવખત ચિંતાનો વિષય બની રહેલ છે. સમયાંતરે સમાજના આગેવાનો તથા બૌદ્ધિકોએ સમાજને સાચો રાહ દર્શાવે છે.

હાલમાં જ્યારે ‘જ્ઞાતિ સેતુ’ દશાબ્દી વર્ષની ઉજવણી કરે છે ત્યારે એ યાદ કરવું જોઈએ કે વર્ષો પહેલા વર્ષ-૧૯૬૧માં પ્રસિદ્ધ થયેલ સમાજના યુવા મુખપત્ર ‘સાગર’ જે વિચારો પ્રસિદ્ધ થયેલ તે આજે પણ એટલા જ પ્રાસંગિક છે. સાગરના અંકમાં પ્રસિદ્ધ થયેલ એક લેખ યાદગીરી રૂપે આ અંકમાં પ્રસિદ્ધ છે.

દશ વર્ષ પૂર્વે અમદાવાદથી સેતુનો પ્રારંભ થયો ત્યારે પ્રથમ અંકના તંત્રીલેખમાં આવનારા સમય માટે સેતુની ભૂમિકા સ્પષ્ટ કરવામાં આવેલ. દૂરદર્શી વડીલ મુખ્ય તંત્રીશ્રી હંસરાજ કંસારાનો આ તંત્રી લેખ પુનઃ પ્રસિદ્ધ કરેલ છે.

‘જ્ઞાતિ સેતુ’ દશાબ્દી વર્ષ ઉજવણીના લોગો સ્પર્ધાનું પરિણામ આ અંકમાં આપવામાં આવેલ છે અને પસંદગી પામેલ લોગો મુખપૃષ્ઠ પર દર્શાવવામાં આવેલ છે. વિજેતાને અભિનંદન... સૌના સહકારની અપેક્ષા સહ...

**– અતુલ સોની**

## સેતુના પ્રથમ અંકમાં પ્રસિદ્ધ તંત્રીલેખ...

### તંત્રી સ્થાનેથી...

પ્રસ્તુત છે ‘સેતુ’નો આ પ્રવેશાંક..... હવેથી આ સામયિક નિયમીત આપને મળતું રહેશે.

અમદાવાદમાં વસતા કચ્છના શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિના યુવાન ભાઈ-બહેનોનો આ સંગઠીત પ્રયાસ છે. એક વૃક્ષ આભને આંબવા ગમે તેટલું ઉપર ચડે કે ફૂલેફાલે, પરંતુ એનો મૂળ સાથેનો સંબંધ હંમેશા જળવાઈ રહે છે. તે જ રીતે વ્યક્તિ એના ઘર, પરિવાર, જ્ઞાતિ સમાજ અને ગામથી ગમે તેટલો દૂર રહેતો હોય તો પણ એની જન્મ ધરિત્રી અને સમાજ સાથેનું એનું ‘મનુસંધાન’ કાયમ રહે છે. કચ્છના વતની અને વર્ષોથી અમદાવાદ રહેતા આપણી જ્ઞાતિના યુવાનોએ કચ્છમાં ધરતીકંપ વખતે દાખવેલો પ્રતિભાવ આ હકીકતની પુષ્ટિ કરે છે.

ભલે ધરતીકંપ વખતે આપેલો પ્રતિસાદ ‘વિપત્તિ વિશેષ’ માનવસહજ અનુકંપા હતી, પરંતુ એના હાર્દમાં હતો. ‘ભોમકાના ભાંડરુ’નો અહર્નિશ અહેસાસ. આ ‘અહેસાસ’ની અનુભૂતિનું પ્રતિબિંબ પાડવાનો ‘સેતુ’નો હંમેશા પ્રયાસ રહેશે અને એટલે ‘સેતુ’ આપણી જ્ઞાતિના ‘આબાલવૃદ્ધ’ સહુ કોઈને ઉપયોગી થાય તેવી માહિતી આપશે, સાથે થોડી જ્ઞાન અને ગમ્મતની વાતો કહેશે અને સૌથી મહત્વનું ‘નિજ’ એનાં ‘નજીક’ને ઓળખે, અરસપરસનાં અંતર ઘટે અને અનુકંપા વધે તેવી સામગ્રીનો સમાવેશ કરશે. ‘સેતુ’નું ઉદ્‌ગમ ભલે અમદાવાદ રહ્યું, પરંતુ એના વિકાસનો આધાર તો આપણી જ્ઞાતિનું હિત જેને હૈયે હશે, તે ભલે ગમે ત્યાં વસે, તે બધાના સહકાર પર જ રહેશે. આશા છે આ નમ્ર પ્રયાસને આપણી જ્ઞાતિના સુજ્ઞ વડીલોનાં આશીર્વાદ અને યુવાનોનો પ્રતિસાદ મળી રહેશે. **– અસ્તુ**

# કર્તવ્યપાલન જ ધર્મ છે..

**વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં.શ્રી રામશર્મા આચાર્યજી**

મધુ નક્તમુતોપસો મધુમત્પાર્થિવ રજ ।
મધુ દ્યૌરસ્તુ નઃ પિતા ॥ (ઋગ્વેદ ૧/૯૦/૭)

**ભાવાર્થ :** સંસારમાં એવા કાર્યો કરવા જોઈએ, જેથી દરેકને સુખ, શાંતિ અને પ્રસન્નતા મળે.

સંદેશ : મનુષ્ય જીવનની સ્થિરતા અને પ્રગતિનો પાયો તેની કર્તવ્યપરાયણતા છે. જો આપણે આપણી જવાબદારીઓ પ્રત્યે ઉદાસીન રહીશું અને આપણા કર્તવ્યોની ઉપેક્ષા કરીશું તો માર્ગમાં એવો અવરોધ ઉત્પન્ન થઈ જશે કે પ્રગતિ અને સિદ્ધિઓની વાત તો દૂર રહી, પરંતુ મનુષ્યનું જીવનું પણ મુશ્કેલ બની જશે. ચારે તરફ કંકાસ અને કલેશ જ જોવા મળશે. જીવનની દરેક સિદ્ધિનો આધાર કર્તવ્યપરાયણતા પર રહેલો છે. દરેક સિદ્ધિની સ્થિરતા અને સુરક્ષા કર્તવ્યનિષ્ઠા પર જ આધારિત છે. આપણને જે અતિ કિંમતી શરીર મળ્યું છે તેને નિરોગી હૃષ્ટપુષ્ટ અને દીર્ઘજીવી રાખવાની જવાબદારી આપણી જ છે કે જેથી આપણે સંસારમાં વધારેમાં વધારે લોકકલ્યાણના કાર્યો કરી શકીએ અને સર્વત્ર સુખ, શાંતિ અને પ્રસન્નતાનું વાતાવરણ બનાવી શકીએ. મનની સમર્થતા અને શ્રેષ્ઠતા માટે તેને ચિંતા, શોક, નિરાશા, ભય, ક્રોધ, આવેશ વગેરેથી બચાવવાનું કામ આપણું જ છે. એનાથી જ અંતઃકરણમાં ઉલ્લાસ, ઉત્સાહ, ધૈર્ય, સાહસ, સંતોષ, સંતુલન, સ્થિરતા, એકાગ્રતા, વિશ્વાસ જેવા સદ્‌ગુણોનો સમાવેશ થાય છે. જો મનને જંગલી ઘાસની જેમ મનફાવે તેમ સ્વચ્છંદ બનવા દીધું તો તે જાતે જ આપણું દુશ્મન બની જશે. મનને સાવધાન અને વ્યક્તિત્વને સુસંસ્કારી બનાવવાની જવાબદારી પ્રત્યેક માણસની છે.

કૌટુંબિક જીવનના લાભ અનુપમ છે, પરંતુ એ ત્યારે જ શક્ય બને છે કે જ્યારે કુટુંબનો દરેક માણસ પોતાની જવાબદારી યોગ્ય રીતે નિભાવે. બધાની તંદુરસ્તી, સુવિધા, સંતોષ તથા વિકાસની દરેક જરૂરિયાતને પુરા મનથી સાવચેતીથી અને ઈમાનદારીથી નિભાવતો રહે. બાળકોને સુસંસ્કારી અને સુવ્યવસ્થિત બનાવવા માટે તેમને પ્રેમ, હુંફ અને સહયોગ આપતા રહેવાની જવાબદારી પણ આપણે જ પૂરી કરવી જોઈએ. કુટુંબનો આનંદ ફક્ત કર્તવ્યપરાયણ લોકો જ લઈ શકે છે.

સમાજનો દરેક નાગરિક પણ માનવીય જવાબદારીઓથી લદાયેલો છે. સભ્ય સમાજનો પ્રત્યેક નાગરિક પોતાની નૈતિક, સામાજિક અને રાષ્ટ્રીય જવાબદારી પ્રત્યે સજાગ અને સચેત રહે તો દેશની પ્રતિષ્ઠા વધે છે. સમાજમાં વિચાર, વાતાવરણ અને પર્યાવરણની શુદ્ધતા જાળવી રાખવી તે દરેક માણસનું કર્તવ્ય છે. સામુહિક ઉત્કર્ષમાં જે જેટલો રસ લે છે અને લોકમંડળનાકાર્યમાં જેટલો ત્યાગ બતાવે છે, તેટલો જ તે મહામાનવ ગણાય છે.

સમાજમાં ચારે બાજુ સુખશાંતિનું વાતાવરણ બને અને બધા પ્રગતિના માર્ગ પર સરળતાપૂર્વક ચાલી શકે એ માટે જરૂરી છે કે આપણે બધા પોતાના ઉપરના કર્તવ્યોને સારી રીતે સમજીએ, આત્માના અવાજને સાંભળએ અને પરમાત્માએ નક્કી કરેલા કર્તવ્યનું પાલન કરી માનવજીવનને સાર્થક બનાવવા પ્રયત્નો કરતા રહીએ.

# સત્સંગ મંડળની બહેનોની અનેરી સિદ્ધિને સલામ-ભુજ

**સંકલન : મીતા એન. સોલંકી**

ઉત્સાહપૂર્વક કોઈ કામ કરવામાં આવે ત્યારે તેમાં ઉંમર બાધારૂપ નથી બનતી. આવું જ કાંઈક અહીં બન્યું છે.

શ્રી મારૂ કંસારા સોની સત્સંગ મંડળ (ભુજ)ની કારોબારી બહેનોએ રોટરી નવરાત્રી મહોત્સવ-૨૦૧૩ સેટરેક્ટ કલબ દ્વારા હિલગાર્ડન સ્થિત નવરાત્રીનું ભવ્ય આયોજન થતું હોય છે તેમાં ભાગ લીધો હતો.

નવરાત્રીના પહેલા દિવસે ભુજની સમસ્ત મહિલા મંડળોને આમંત્રણ હોય છે. પોતાના ગ્રુપના નેજા હેઠળ સર્વ મંડળો વચ્ચે રાસ-ગરબાની સ્પર્ધા હોય છે. ભુજની અંદાજીત ૩૭ ગ્રુપ આમાં ભાગ લીધો હતો. ભારે ઉત્કંઠા હતી સર્વ ૩૭ ગ્રુપોમાં રીઝલ્ટ આવવાની રાહ જોવાતી હતી. તે જાહેર કરવામાં આવ્યું સોની સત્સંગ મંડળને દ્વિતીય નંબરે ઘોષિત કરવામાં આવતા જ આનંદની કિલકારીઓ વચ્ચે અભિનંદન વર્ષા થઈ રહી હતી.

જે બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તે ૧૨ બહેનોના નામ આ પ્રમાણે છે. નીલાબેન એન. સોલંકી, મીતા એન. સોલંકી, ગીતા જે. પોમલ, દીપ્તિ પી. ગુજરાતી, જ્યોત્સનાબેન કટ્ટા. રીટાબેન બુદ્ધભટ્ટી, યોગેશ્વરીબેન બુદ્ધભટ્ટી, જ્યોતિષબેન બુદ્ધભટ્ટી, જીજ્ઞાબેન જે. સોલંકી, ગીતા મૈચા, કવિતા સોલંકી, મધુબેન પોમલ. ઉપરાંત નિયમાનુસાર દરેક ગ્રુપમાંથી બે સ્પર્ધકને સ્પેશિયલ ઈનામ આપી નવાજવામાં આવે છે. આ ઈનામના હકદાર મીતા એન. સોલંકી તેમજ જીજ્ઞા જે. સોલંકી રહ્યા હતા.

ચારેબાજુ ખુશીના માહોલ વચ્ચે ઠેરઠેરથી અભિનંદનની વર્ષા થઈ રહી હતી. ભાવનાબેન એ. ચનાણીએ શુભેચ્છા અને અભિનંદન આપ્યા હતા. લત્તાબેન સોલંકીએ પણ અભિનંદન પાઠવ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ સર્વ બહેનો જેને સ્પર્ધક તરીકે ભાગ લીધો હતો તેઓ સર્વની ઉંમર ૪૦ કે તેથી વધુની હતી. સર્વને સત્સંગ મડંળના જયશ્રીકૃષ્ણ.

# ૨૮ મો સમૂહલગ્ન સમારોહ-ભુજ

**ચેતન બારમેડા, પી.જી. સોની 'દાસ'-ભુજ**

પરમ કૃપાળુ મા કાલીકાની અસીમ કૃપાથી ભુજ ખાતે માગસર સુદ ૬ને રવિવાર તા. ૮-૧૨-૨૦૧૩ના શુભ દિને શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ-ભુજ દ્વારા આયોજીત ૨૮માં સમુહ લગ્નોત્સવ પ્રસંગે ૧૬ નવદંપતિઓએ લગ્નરૂપે જીવન નૈયામાં પોતાની સંસારનાવ હંકારી એ પ્રસંગે સમગ્ર કચ્છ ઉપરાંત છેક રાયપુર, મુંબઈ, વડોદરા, અમદાવાદ, રાજકોટ, જામનગર વગેરે સ્થળેથી અંદાજે સાતેક હજાર જ્ઞાતિબંધુઓની વિશાળ હાજરીએ સમાજ સંગઠીત હોવાની પ્રતિતી કરાવી હતી. ૨૮માં સમુહલગ્ન ટાંકણે, ઉપરાંત આવતી સાલે યોજાનાર ૨૯માં સમુહલગ્ન પ્રસંગ માટે પણ આજે આગોતરા દાનની સરવાણી દાતાઓએ દિલથી વહાવી હતી. જેની જ્ઞાતિના મોભીઓ તથા સૌ ઉપસ્થિત જ્ઞાતિજનોએ તાળીઓનાં ગડગડાટથી વધાવી હતી. આ પ્રસંગે નવદંપતિઓને કુલ ૩૬ ભેટો-આઈટમો ઉપરાંત રૂા. ૩૧૦૦ની ગૌદાનની રકમ કન્યાઓને સુપ્રત કરાઈ હતી. બુદ્ધભટ્ટી, 'સમાજ શ્રેષ્ઠી' શ્રી પ્રભુદાસભાઈ ગુજરાતી તથા મંચસ્થ મહાનુભાવોના વરદ્ હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તા. ૭-૧૨-૨૦૧૩ના યોજાયેલા ભુજ જ્ઞાતિ ટ્રસ્ટને પીપળા ફળિયા મધ્યે સ્વ. કેપ્ટન જાદવજી બાપુભાઈ બુદ્ધભટ્ટી-ભુજ ભૂમિદાનનાં દાતાશ્રી તથા સ્વ. પ્રેમુબેન ખેતશીભાઈ ગુજરાતી-ભુજ બાંધકામના દાતાશ્રી સર્વશ્રી ચંદાબેન બુદ્ધભટ્ટી અને પ્રભુદાસભાઈનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. સમાજને 'સ્મૃતિ હોલ' ના સ્વરૂપે સુંદર સંકુલની ભેટ મળી હતી.

આ બંને મહાનુભાવોનું વિશેષ સન્માન પ્રમુખશ્રી દિલીપભાઈ બગ્ગા, ઉપપ્રમુખશ્રી સુનિલભાઈ કંસારા તથા યુવક મંડળ તથા મહિલા મંડળ દ્વારા ચાંદીનો મોમેન્ટો, શાલ, પ્રસસ્તિપત્ર, પાઘડી, પુષ્પગુચ્છ વિગેરેથી બહુમાન કરવામાં આવ્યું હતું.



ભુજ-મિરજાપર હાઈવે ટચ યોજાયેલા લગ્નસ્થળે આગલી રાત્રે તા. ૭-૧૨-૨૦૧૩ દાંડિયા રાસનો કાર્યક્રમ યોજાયો હતો. તા. ૮-૧૨-૨૦૧૩ જ્ઞાતિગોર પૂ. સુમનભાઈ વ્યાસ અને એમની ટીમે સુચારૂ ઢબે શાસ્ત્રોક્ત વિધીથી લગ્નો સંપન્ન કરાવ્યા હતા. સંબંધીતોએ સંતોષ વ્યક્ત કર્યો હતો. બપોરે ૧૨ કલાકે ભોજન સમારંભ યોજાયો હતો. આયોજક ટીમે સમગ્ર દિવસ દરમ્યાન સરસ વ્યવસ્થા સાથે ભોજન સમારંભ પણ સારી રીતે પાર પાડ્યો હતો. જે કાર્યકરોની સતત છેલ્લા ૩ માસની જહેમતની ફલશ્રુતિ હતી. તમામ કાર્યકરો દરેક ક્ષેત્ર વ્યવસ્થામાં ખંત અને નિષ્ઠાપૂર્વક ખડે પગે સેવામાં ઉપસ્થિત રહ્યા હતા.

બપોરે ૩.૩૦ કલાકે વિશાળ સ્ટેજ પર યોજાયેલા સત્કાર સમારંભના પ્રારંભે સમારોહના અધ્યક્ષ અને ભુજ જ્ઞાતિ પ્રમુખશ્રી દિલીપભાઈ બગ્ગા, સમાજ ગૌરવ અને નારી રત્ન કેપ્ટન ચંદાબેન



આ અવસરે મુખ્ય મહેમાન કેપ્ટન ચંદાબેન બુદ્ધભટ્ટીએ નાનકડું છતાં શોર્ટ અને સ્વીટ કહી શકાય એવું પ્રેરક પ્રવચન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે મારા જાણવા પ્રમાણે આપણી જ્ઞાતિમાં દિકરાઓ કરતાં દિકરીઓ વધુ ભણે છે ! આવું કેમ ? જો દિકરીઓ વધુ ભણેલી હશે અને દિકરાઓ પ્રમાણમાં ઓછું ભણેલા હશે તો સમોવડીઆ પાત્ર માટે દિકરી ક્યાં પરણાવશું ? આવો તેમણે વેધક સવાલ કર્યો હતો. તેઓએ દિકરા-દિકરીઓને સમાન રીતે ઉચ્ચ અભ્યાસ કરવા શીખ આપી હતી. આ ટાંકણે એમણે સમુહ લગ્ન સમિતિનાં સૌ કાર્યકરોની પીઠ થાબડી સમુહ લગ્નોત્સવ જેવા મોટા કાર્યો સુપેરે પાર પાડવા બદલ અભિનંદન સાથે સાથ સહકારની ખાત્રી આપી હતી. આ પ્રસંગે નવદંપતિઓ પૈકી ચંદર બારમેડા- ભુજ તથા પુનિતા સાકરીયાએ પ્રસંગોચિત





ઉદ્‌બોધન કરીને હવેથી સૌ યુવક-યુવતીઓએ મેરેજ તો સમુહલગ્નમાં જ કરવા અપીલ કરી હતી.

મહિલા મંડળના અધ્યક્ષા લતાબેન સોલંકીએ મેરેજ બ્યૂરો વિષે વિગતો આપી હતી. એનાં ફોર્મસનું વિતરણ કરવામાં આવતા સારો પ્રતિસાદ મળ્યો હતો. આ મેરેજ બ્યુરો વિષે 'સેતુ'નાં અંકમાં વિગતો આવી છે એવું તેમણે જણાવ્યું હતું.

મુખ્ય સંચાલક શ્રી ચંદુભાઈ ચનાણી સહિત પાંચેક હોદ્દદારોએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. બે કલાક ચાલેલા સમારોહમાં અંદાજે ૬૫ ઉપરાંત વ્યક્તિઓનું વિવિધ હેતુસર સન્માન કરવામાં આવ્યું હતું. જો મુખ્ય દાતાઓ સહિત મુખ્ય મહેમાનો, અતિથિ વિશેષશ્રીઓ રૂા. ૧૧૦૦૦ થી વધુ રકમનું દાન કર્યું હોય એવા સહયોગી દાતાશ્રીઓ વગેરેનું સન્માન કરવામાં આવ્યું હતું.

સમુહ લગ્ન પ્રસંગે ભાડાના ચેરમેન શ્રી કિરીટ સોમપુરા તથા ભુજ નગરપાલિકાના અધ્યક્ષા શ્રીમતી હેમલત્તાબેન ગોર ઉપસ્થિત રહ્યા હતા. ભુજ વિભાગના ધારાસભ્યશ્રી ડો. નિમાબેન આચાર્યએ શુભેચ્છા સંદેશો પાઠવ્યો હતો.

આ પ્રસંગે પરસેવા કાજે પરસેવો વહાવતા સ્વ. કિશોરભાઈ ચનાણી (માજી પ્રમુખશ્રી)ને સૌએ યાદ કર્યા હતા. એમની આ સમયે ખોટ વરતાતી હતી.

સમારંભના અધ્યક્ષ સ્થાનેથી દિલીપભાઈ બગ્ગાએ સૌ દાતાઓની દિલેરીને બિરદાવી હતી. તેમણે નવદંપતિઓને આશીર્વાદ સાથે અભિનંદન પાઠવતા વધુમાં જણાવ્યું હતું કે ઘરનાં વડીલોનું સન્માન જાળવશો એમની સેવા કરશો અને જ્ઞાતિ પ્રત્યે ઉચ્ચ ભાવના કેળવવા તેઓએ શીખ આપી હતી. તેઓએ સહયોગી કાર્યકરોની સંપ, સેવા, શિસ્ત, સહકાર અને સંગઠનની ભાવનાની સરાહના કરી હતી.

જ્ઞાતિ શિરોમણી સ્વ. કિશોરભાઈ જટુભાઈ ચનાણી દ્વારા કન્યાઓને ભેટ સોગાદ તેમજ સન્માન ખર્ચ આપવામાં આવેલ. ઝવેરીલાલ શીવજી બુદ્ધભટ્ટી દ્વારા સમગ્ર જાહેરાત ખર્ચ આપવામાં આવેલ. રમણીકભાઈ કે. જશમતિયા દ્વારા ધાર્મિક ખર્ચ આપવામાં આવેલ, શ્રીમતી શારદાબેન રમણીકલાલ જસમતિયા દ્વારા લગ્ન પત્રિકાનું સૌજન્ય આપવામાં આવેલ.

તેવી જ રીતે રામનવમીના દિવસે ભુજ સ્થિત મહાકાલિકા માતાજીનું ચાંદીનું સિંહાસન તેમાં હીરા તેમજ સોનું ચઢાવી કરાવી દાતાઓ દ્વારા ભેટ મંદિરમાં આપવામાં આવેલ. તે દાતાઓનું સન્માન કરવામાં આવેલ. તેમાં મુખ્ય દાતા સ્વ. કાનજી પ્રાગજી બગ્ગા તેમજ અન્ય સહયોગી દાતાઓનું ચાંદીના મોમેન્ટો તેમજ સાલ દ્વારા સન્માન કરવામાં આવેલ હતું.



અનિલભાઈ છત્રાળા-કન્વીનર

આ સમારંભ પ્રસંગે ગણેશપૂજન રમણીકભાઈ જશમતિયા અને શારદાબેન જસમતિયા પરિવાર દ્વારા કરવામાં આવેલ તેમજ રસિકભાઈ બુદ્ધભટ્ટી, ભુપેન્દ્રભાઈ બુદ્ધભટ્ટી, પ્રદિપભાઈ ચનાણી (જ્ઞાતિ શિરોમણી પરિવાર), પૂજ્ય ગોરશ્રી સુમનભાઈ વ્યાસ, અતિથીવિશેષ સર્વશ્રી ભૂપેન્દ્રભાઈ સોલંકી, હિતેશભાઈ બગ્ગા, ભરતભાઈ બુદ્ધભટ્ટી, સુરેશભાઈ સોલંકી, પી. જી. સોની 'દાસ', રામદાસ ઝેડ. ગુજરાતી (માધાપર), મનસુખલાલ એસ. પોમલ, ભરતભાઈ બી. બગ્ગા (નખત્રાણા), ડો. સુધીરભાઈ વી. સાકરીયા (ગાંધીધામ), હરિલાલ એ. વીસાપરમાર (અંજાર), રમેશભાઈ વી. બીજલાણી (માંડવી), રાજેશભાઈ કે.

બારમેડા (અમદાવાદ), અશ્વિનભાઈ બી. બુદ્ધભટ્ટી (રાયપુર), પ્રેમજીભાઈ સોલંકી-મહામંત્રી, રાજેશભાઈ વીસાપરમાર (અંજાર), હિરાલાલ બગ્ગા (નખત્રાણા), લખમશીભાઈ કોડીયા (નખત્રાણા), જામનગર પ્રમુખ વગેરે મંચસ્થ મહેમાનો હાજર રહ્યા હતા.

આયોજન અનિલભાઈ છત્રાળા (કન્વીનર), ચેતનભાઈ બારમેડા (સમુહલગ્ન મંત્રી), રાજેશભાઈ એન. સોલંકી, હિતેશભાઈ ડી. પોમલ, સંજયભાઈ એ. બુદ્ધભટ્ટી, રાજેન્દ્ર વી. બુદ્ધભટ્ટી, કિશોરભાઈ ચૌહાણ, સુનિલભાઈ એમ. પોમલ, નિતીનભાઈ એ. હેડાઉ, મહેશભાઈ ગુજરાતી, રાહુલભાઈ ચનાણી, અમૃતલાલભાઈ જે. સોલંકી, હર્ષદભાઈ ઝેડ. બુદ્ધભટ્ટી, અશોકભાઈ જે. બુદ્ધભટ્ટી, દિપકભાઈ ડી. પોમલ, ગિરીશભાઈ એ. સોલંકી, ભાવેશ એચ. બગ્ગા, નિલેષ વી. બુદ્ધભટ્ટી, સંજય બુદ્ધભટ્ટી, હસમુખભાઈ મૈચા, મુળજીભાઈ કટ્ટા, ભરત મુળજી ચૌહાણ (માધાપર), મહેશભાઈ બારમેડા, દયારામભાઈ પોમલ, જીગર એમ. બુદ્ધભટ્ટી.

સત્કાર સમારંભનું સંચાલન ચંદ્રકાંતભાઈ જટુભાઈ ચનાણી, સંજયભાઈ એ. બુદ્ધભટ્ટી, રાજેશભાઈ એમ. સોલંકી, ચેતનભાઈ આઈ. બારમેડાએ આભારવિધિ કરી હતી.

**જ્ઞાતિ સમાચાર**

## બુદ્ધભટ્ટી જાદવજી બાપુભાઈ હોલનો વાસ્તુપૂજન અને અર્પણ વિધિ પ્રસંગ ઉજવાયો

**પી. જી. સોની 'દાસ'**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ ભુજને પીપળા ફળિયા મધ્યે દાનમાં મળેલ ભૂમિ પર **'બુદ્ધભટ્ટી જાદવજી બાપુભાઈ સ્મૃતિ હોલ'** ની વાસ્તુપૂજન વિધિ તથા અર્પણ કાર્યક્રમ ઉમંગ ઉલ્લાસ અને શાસ્ત્રોના બાપુભાઈ ભુજ જેઓ ભૂમિદાનમાં દાતા છે. એમની દિકરી કેપ્ટન ચંદાબેન જાદવજી બુદ્ધભટ્ટી-ભુજ હોલ મુંબઈ તથા બાંધકામના દાતાશ્રી સ્વ. પ્રેમુબેન ખેતશી ગુજરાતી-ભુજનો સુપુત્ર 'સમાજ શ્રેષ્ઠી' શ્રી પ્રભુદાસભાઈ ગુજરાતી આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૭-૧૨-૨૦૧૩નો યોજાયેલા વાસ્તુપૂજન પ્રસંગે મુખ્ય યજમાન ચંદાબેન બુદ્ધભટ્ટી, એમનાં ભત્રીજા ચાર્લ્સ દંપતિ તથા હિતેશભાઈ પ્રભુદાસ ગુજરાતીએ હોમ-હવનનો લાભ લીધો હતો. શાસ્ત્રોક્ત વિધિ જ્ઞાતિગોર પૂ. સુમનભાઈ વ્યાસે કરાવી હતી.

આ મહત્વનાં પ્લોટ પર, બાંધકામ સહિત દરેક રૂમમાં ફર્નીચર સહિતનો માતબાર રકમનો ખર્ચ શ્રી પ્રભુદાસભાઈ ગુજરાતી દ્વારા કરવામાં આવેલ છે. આ હોલનો વિદ્યાર્થીઓ, બહારગામના દર્દીઓ, લગ્નસંબંધી કાર્યક્રમો, સાંસ્કૃતિક તથા સમાજ ઉપયોગી કાર્યો માટે ઉપયોગ કરવામાં આવશે. એવું જ્ઞાતિ પ્રમુખશ્રી દિલીપભાઈ બગ્ગાએ જણાવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી રાજેશભાઈ સોલંકી, અનિલભાઈ છત્રાળા, ચેતનભાઈ બારમેડા, અમૃતલાલ સોલંકી, ઈશ્વરલાલ-ભાઈ, રસીકભાઈ બુદ્ધભટ્ટી, શીવલાલ મોતીલાલ બુદ્ધભટ્ટી, મીનાબેન દેસાઈ, શારદાબેન પોમલ, ઈન્દુભાઈ સોલંકી, લત્તાબેન સોલંકી, રોહિણીબેન બુદ્ધભટ્ટી, ચંદ્રકાંતભાઈ ચનાણી, કિશોરભાઈ ચૌહાણ, હેમેન્દ્રભાઈ કંસારા, લખમશીભાઈ કોટડીયા, ભગવાન (નખત્રાણા) નિતીનભાઈ હેડાઉ, દિનેશભાઈ અંતાણી, ઈશ્વરલાલ ભટ્ટ તેમજ બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.





# નવરાત્રી મહોત્સવ

**રોહીણી બી. બુદ્ધભટ્ટી-ભુજ**

જ્ઞાતિસેતુના સૌ વાંચકોને મારા તરફથી નૂતન વર્ષાભિનંદન. આપણું સૌનું નવું વર્ષ સુખી, તંદુરસ્ત અને પ્રગતિમય બને તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

સૌ પ્રથમ શરૂઆત કરીશ મા અંબાના આસો નવરાત્રી મહોત્સવથી શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ દર વર્ષની જેમ આસો નવરાત્રીની ખૂબ રંગેચંગે ઉજવણી કરી. દરરોજ બે રાઉન્ડ બાળકો અને મહિલાઓના. તેમાં આબાલ વૃદ્ધ સહુને 'ચનાણી પાર્ટી પ્લોટ' માં સાંજે ૫ થી ૭ સુધી ઓરકેસ્ટ્રાની સંગાથે ગરબાને તાલે ઝૂમતા કર્યા. મુખ્યદાતાઓ શ્રી પ્રભુદાસભાઈ સોની, શ્રી જટુભાઈ વેલજી ચનાણી પરિવાર તેમજ શ્રી મગનભાઈ વેલજી ચનાણી પરિવાર તરફથી આર્થિક સહયોગ સાંપડ્યો. જ્ઞાતિના વિવિધ કુટુંબો તરફથી દરરોજ બાળકોને નાસ્તો અન ભેટોની લ્હાણી કરવામાં આવી. છેલ્લે દિવસે સરપ્રાઈઝ ગીફ્ટ બહેનો માટે રાખવામાં આવી હતી.

મહિલા મંડળની બહેનોએ નવરાત્રીમાં વિવિધ સંસ્થાઓ તરફથી તે સ્પર્ધાઓ યોજવામાં આવેલ તેમાં પણ ભાગ લઈ અને વિજેતા જાહેર થયેલ છે. તેઓશ્રીના પણ નામ નીચે પ્રમાણે છે.

છેલ્લા નોરતે જ્ઞાતિ પ્રમુખશ્રી દિલીપભાઈ બગ્ગા, નિતીનભાઈ હેડાઉ, ગિરીશભાઈ સોલંકી, સંજીવભાઈ બુદ્ધભટ્ટી તેમજ યુવક મંડળના પ્રમુખશ્રી અનિલભાઈ છત્રાળા હાજર રહ્યા હતા અને એમણે બધાએ મહિલામંડળની આ પ્રવૃત્તિ અંગે ખુશી વ્યક્ત કરી હતી. નવનિર્મિત પ્રમુખ શ્રી દિલીપભાઈ બગ્ગાએ મહિલામંડળને સાઉન્ડ સીસ્ટમની ભેટ આપવાનું જાહેર કર્યું હતું.

આ પ્રસંગે મહિલા મંડળના પ્રમુખ શ્રી લત્તાબેન સોલંકીએ પૂર્વ પ્રમુખશ્રી સ્વ. કિશોરભાઈ જટુભાઈ ચનાણીને યાદ કર્યા હતા અને તેઓશ્રી તરફથી મહિલા મંડળને જે સાથ અને સહકાર મળ્યો હતો તેને બિરદાવતાં શ્રદ્ધાંજલી આપી હતી.

છેલ્લે દિવસે બધા જ વિજેતા બાળકો બહેનોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર પ્રોજેક્ટના ચેરપર્સન્સ પ્રીતીબેન ડી. બગ્ગા તેમજ અરૂણાબેન એન. બુદ્ધભટ્ટી રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોહિણી બી. બુદ્ધભટ્ટી એ સંભાળ્યું હતું.

ઓરકેસ્ટ્રા પર શ્રી પ્રતાપભાઈ બીજલાણી તેમજ તરૂણભાઈ બીજલાણીએ અનુક્રમે નગારાવાદન અને ઓરગન પર તેમજ સૂરોનો સાથ કુ. સુધાબેન એ. બુદ્ધભટ્ટીનો સાંપડ્યો હતો. વિજેતાઓના નામ નીચે મુજબ છે.

(૧) જીમખાના ભુજના ઈન્દીરા કલબ તરફથી યોજાયેલ નવરાત્રી મહોત્સવમાં સ્પર્ધામાં પ્રથમ : ખુશાલીબેન એચ. બુદ્ધભટ્ટી, દ્વિતીય : શીતલબેન એ. બુદ્ધભટ્ટી

(૨) વિરામ હોટલ ભુજ ખાતે વિમેન્સ વેલફેર એસોસીએશન તરફથી યોજાયેલ ગરબા સ્પર્ધામાં : પ્રથમ : ખુશાલીબેન એસ. બુદ્ધભટ્ટી, દ્વિતીય : જીજ્ઞાબેન આર. સોલંકી, આ સ્પર્ધામાં કુલ ૩૮ મહિલામંડળો એ ભાગ લીધેલ.

મેઘા ફાઈનલ રાઉન્ડમાં પ્રથમ : શીતલબેન એ. બુદ્ધભટ્ટી, દ્વિતીય : જીજ્ઞાબેન આર. બુદ્ધભટ્ટી, તૃતીય : ખુશાલીબેન એસ. બુદ્ધભટ્ટી રહ્યા હતા.

નવરાત્રી મહોત્સવમાં વિવિદ કુટુંબોએ પોતાનો આર્થિક ફાળો નોંધાવ્યો હતો. અને એ રીતે મહિલામંડળને મદદરૂપ થયા હતા તે સર્વેનો પણ અત્રેથી આભાર માનીએ છીએ.

## બાળકો માટેની રમતગમત

સ્પર્ધાનો અહેવાલ ગયા મહિનામાં બાળકો માટે વિવિધ રમતગમત સ્પર્ધાઓનું આયોજન મહિલામંડળે ચનાણી પાર્ટી પ્લોટ મધ્યે કરેલ જેમાં ઘણી મોટી સંખ્યામાં બાળકો તેમની માતાઓ સાથે ઉપસ્થિત રહી ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમના ચેરપર્સન્સ ખુશાલીબેન એસ. બુદ્ધભટ્ટી તેમજ જ્યેષ્ઠાબેન એ. સોની રહ્યા હતા.

વિવિધ રમતોમાં નીચે મુજબના બાળકો વિજેતા થયા હતા.

ગ્રુપ - ૧માં વિજેતા : ગેમ-૧ : પ્રથમ : રીશી પોમલ, દ્વિતીય : પ્રીચલ આર. બુદ્ધભટ્ટી

ગેમ-૨ : પ્રથમ : ધનરાજ એન. ચનાણી, દ્વિતીય : ભવ્ય એસ. બુદ્ધભટ્ટી

ગેમ-૩ : પ્રથમ : દામોદર પોમલ, દ્વિતીય : મંથન પોમલ

ગ્રુપ - ૨માં વિજેતા : ગેમ-૧ : પ્રથમ : બંસિલ સાકરિયા, દ્વિતીય : રાજવી એસ. સોલંકી

ગેમ-૨ : પ્રથમ : હર્ષવી એસ. બુદ્ધભટ્ટી, દ્વિતીય : નંદિશ સાકરિયા

ગેમ-૩ : પ્રથમ : યશ્વી આર. સોલંકી, દ્વિતીય : હર્ષ સોલંકી

ગ્રુપ - ૩-૪માં વિજેતા : ગેમ-૧ : પ્રથમ : દેવાંશી એચ. સોલંકી, દ્વિતીય : ધ્રુવ છત્રાળા

ગેમ-૨ : પ્રથમ : યશ એ. બુદ્ધભટ્ટી, દ્વિતીય : પુજા પોમલ

ગેમ-૩ : પ્રથમ : નીધી સાકરિયા, દ્વિતીય : મેઘા સાકરિયા

વિજેતાઓને ઈનામ મહિલા મંડળના પ્રમુખ તેમજ કારોબારી સભ્યો અને હોદ્દેદારોના હસ્તે આપવામાં આવ્યા હતા. પ્રમુખ શ્રીમતી લત્તાબેન સોલંકીએ આભાર વિધિ કરી હતી.

## સાડી નિદર્શનનો અહેવાલ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળે બહેનો માટે વિવિધ સ્ટાઈલમાં સાડી કઈ રીતે પહેરવી તેનું નિદર્શન તેના નિષ્ણાંત અને હાલમાં મહિલાઓના ઉત્કર્ષ માટે કાર્યકર્તા બહેનશ્રી અસ્મિતાબેન ત્રિવેદીના હસ્તે કર્યું.

અસ્મિતાબેને કહ્યું કે તેઓ બ્યુટી પાર્લર, એમ્બ્રોડરી તેમજ અન્ય ક્લાસીસ નિઃશુલ્ક ચલાવે છે. તેઓનું બહુમાન લત્તાબેન સોલંકીના હસ્તે કરવામાં આવ્યું હતું. અસ્મિતાબેને જ્ઞાતિની બહેનોને મદદરૂપ થવાનું વચન પ્રત્યુતરમાં આપતાં આપ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં મહિલા મંડળની બહેનોએ જહેમત ઉઠાવી હતી.

**જીવનસાથી પસંદગી**

## મનગમતા જીવનસાથી મેળવો

**રજી. નં. ૧૧૭ : યુવક :** અટક : પોમલ, ઉ.વ. ૩૧, અભ્યાસ બી.કોમ., ઊંચાઈ ૫.૮, વજન - ૬૫ કિલો, વ્યવસાય - ફોટોગ્રાફી સ્ટુડિયો, માસિક આવક : ૧૦,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૧૮ : યુવક :** અટક : બારમેડા, ઉ.વ. ૩૧, અભ્યાસ-એસ.એસ.સી., ઊંચાઈ ૫.૩, વજન - ૬૦ કિલો, વ્યવસાય - જ્વેલર્સ શો રૂમ, માસિક આવક : ૩૫,૦૦૦, છુટાછેડા, એક દીકરી જે તેના મોસાળમાં છે.

**રજી. નં. ૧૦૮ : યુવક :** અટક : કોટડિયા, ઉ.વ. ૨૮, અભ્યાસ-ધો. ૭, ઊંચાઈ-૫.૩, વજન - ૭૦ કિલો, વ્યવસાય - નોકરી, માસિક આવક : ૫,૦૦૦, મંગળ છે, કુંવારા

**રજી. નં. ૧૦૯ : યુવક :** અટક : હેડાઉ, ઉ.વ. ૪૭, અભ્યાસ-ધો-૧૨ પાસ, ઊંચાઈ-૫.૨, વજન - ૭૨ કિલો, વ્યવસાય - ચાંદીકામ, માસિક આવક : ૭,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૧૦ : યુવક :** અટક : બીજલાણી, ઉ.વ. ૩૦, અભ્યાસ- ધો. ૮ પાસ, ઊંચાઈ-૫.૫, વ્યવસાય - મેડીકલની દુકાન, માસિક આવક : ૧૫,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૧૧ : યુવક :** અટક : બુદ્ધભટ્ટી, ઉ.વ. ૩૫, અભ્યાસ-સી.એ. ઈન્ટર, ઊંચાઈ-૫.૬, વજન - ૭૨ કિલો, વ્યવસાય - નોકરી, માસિક આવક : ૧,૦૦,૦૦૦, છુટાછેડા

**રજી. નં. ૧૧૨ : યુવક :** અટક : મહિચા, ઉ.વ. ૪૨, અભ્યાસ-બી.કોમ., ઊંચાઈ-૫.૮, વજન - ૭૫ કિલો, વ્યવસાય - સ્ટુડિયો, માસિક આવક : ૫૦,૦૦૦, વિધુર- ૧૨ વર્ષનો દિકરો છે.

**રજી. નં. ૧૧૪ : યુવક :** અટક : બગ્ગા, ઉ.વ. ૪૦, અભ્યાસ-ધો. ૧૦, ઊંચાઈ-૬.૦, વજન - ૬૦ કિલો, વ્યવસાય - મોટર મિકેનીક, માસિક આવક : ૧૫,૦૦૦, છુટાછેડા

**રજી. નં. ૧૧૫ : યુવક :** અટક : છત્રાળા, ઉ.વ. ૩૪, અભ્યાસ-ધો. ૮, ઊંચાઈ-૫.૮, વજન - ૬૭ કિલો, વ્યવસાય - મંદિરની આઈટમનું ચાંદીકામ, માસિક આવક : ૨૫,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૧૬ : યુવતી :** અટક : છત્રાળા, ઉ.વ. ૩૧, અભ્યાસ-ધો. ૧૨, ઊંચાઈ-૫.૪, વજન - ૬૦ કિલો, વ્યવસાય - ઘરકામ, કુંવારા

**રજી. નં. ૧૦૭ : યુવતી :** અટક : મેવચા, ઉ.વ. ૨૧, અભ્યાસ-એમ.એ., ઊંચાઈ - ૫, વજન - ૪૮ કિલો, વ્યવસાય નથી, માસિક આવક : નથી, કુંવારા

**રજી. નં. ૧૧૩ : યુવતી :** અટક : બીજલાણી, ઉ.વ. ૨૭, અભ્યાસ-ધો.૧૨ પાસ, ઊંચાઈ ૫.૭, વ્યવસાય - બ્યુટીપાર્લર સિલાઈ, માસિક આવક : ૫,૦૦૦, કુંવારા

**શ્રી મારું કંસાર સોની જ્ઞાતિ મહામંડળ સંચાલિત મેરેજ બ્યુરો માટે વિશેષ સંપર્ક**
**શ્રીમતી લત્તાબેન સોલંકી, અંજારીયા ફળિયા, ભુજ-કચ્છ. મો. ૯૭૨૫૩ ૨૦૪૪૪**

# આપણા પરિવારો મણકો-૬

**તુલસીદાસ કંસારા-અમદાવાદ**




સેતુના આ દશાબ્દી વર્ષના સાચવવા જેવા બની રહેલ અંકોમાં, સેતુ જેમના માટે રચાયો છે તે વિવિધ પરિવારોને જોડતી કડીઓની ઓળખ તેના મૂળ સુધી પહોંચી ને કરવા માટે, જુન-જુલાઈ-૨૦૧૧ના અંકથી શરૂ કરેલ આ કોલમનો છઠ્ઠો મણકો અહીં આપેલ છે. આપણે પાંચ મણકાઓમાં મુખ્યત્વે દામાણી બુદ્ધભટ્ટીઓ અને તેની સાથે સંકળાયેલ અન્ય પરિવારોની વાત કરેલ જેમાં નીચે મુજબના પરિવારોનો ઉલ્લેખ કરવામાં આવેલ.

પ્રારંભિક પ્રકરણમાં દામાણી બુદ્ધભટ્ટી એટલે મા મેઘબાઈના પુત્ર દામજીભાઈનો વંશ. જેમાં અમદાવાદ સ્થિત પ્રાગજી-નાનજી-ડોસા પરિવારનો ઉલ્લેખ કરેલ. ગઈ સદીના છઠ્ઠા દાયકામાં એક ચબરખી પર દોરી આપે એક નાના છોડ જેવા ફેમીલી-ટ્રીની વિગતોએ આ લેખ માળા માટે પ્રેરણા આપેલ તે વડીલશ્રીને વંદન. અત્યારે તેમની ત્રીજી-ચોથી પેઢીના સભ્યો ઓસ્ટ્રેલીયા અને અમેરિકા કે કેનેડામાં વસી રહેલ છે. તેમની સફળતાઓની વાતો આગળ-ઉપરના મણકાઓમાં વણીશું.

મને હાલમાં જ મળેલ એક ફાઈલની ફોટોકોપીમાં જણાવ્યા પ્રમાણેમાં મેઘબાઈના પુત્ર દામજીભાઈને બે અન્ય ભાઈઓ નામે ટોકરશી અને રાજપાલ પણ હતા, પરંતુ તેઓ સતીમાના દિકરાઓ હોવાની શક્યતા નથી કારણકે તેમનું લગ્ન જીવન તો એકાદ વર્ષ જ ચાલેલ અને પ્રથમ ડીલીવરી બાદ તેઓ સતિ થયેલ. આપણી જ્ઞાતિના કોઈપણ પરિવાર પાસે આ બે ભાઈઓને લગતી માહિતી હોય તો તે મોકલાવે અને તેમના વંશજ મળે તો આ ફેમીલી ટ્રીની ઘટા વધારે ઘટ્ટ બનાવીશું. પ્રથમ મણકામાં ઉલ્લેખીત રતનશી પ્રેમજીના પરિવારના સભ્યોમાં નીચે મુજબ સુધારો કરવાનો છે.

રતનશીદાદાના પત્નીનું નામ રતનબાઈ. પુત્રમાં અગાઉ ત્રણ જણાવેલ, તેને બદલે ચાર પુત્રોમાં કાનજી, નરભેરામ, નાનાલાલ અને ચુનીલાલ. ગ્વાલિયર વસવાટ કરતા ચુનીલાલભાઈના પુત્ર ચંદ્રકાંતભાઈને થોડા સમય પહેલા દિલ્હીમાં મળવાનું થયેલ. તેમના કહેવા પ્રમાણે હવે ગ્વાલિયરમાં કોઈ પરિવાર નથી. તેમના નાના ભાઈ સુરેશભાઈ પણ દિલ્હીમાં સાથે જ રહે છે. ઉપરાંત રતનશીભાઈને ચાર દિકરીઓ પણ હતી જેમના નામો આ પ્રમાણે મળેલ છે. (૧) વિજયાબેન - જે રાયપુર પરણાવેલ (૨) રૂક્ષ્મણીબેન (૩) દિવાળીબેન (૪) લક્ષ્મીબેન. વિજયાબેનના પુત્ર રસિકભાઈ અને તેમના નાનાભાઈ પુરષોત્તમભાઈ મુરજી બારમેડા રાયપુરમાં છે. પુરષોત્તમભાઈના પુત્ર વિજયની છત્તીસગઢ ઓલમ્પિક સંઘની કાર્યકારીણી સમિતીમાં સભ્ય તરીકેની નિમણુંક થયેલ જેને બિરદાવતો ફોટા સાથેનો પરિચય સેતુના ઓગષ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૨ ના અંકમાં ૧૩મા પાને મુખ્યતંત્રીશ્રીએ આપેલ છે.

આપણે બીજા મણકામાં કુંવરજી-દામજીના સાત પુત્રોમાંથી દેવકરણ અને તેમના પત્ની સુંદરબાઈની પેઢીમાં રણછોડ અને તેમના પત્ની રતનબાઈના પુત્રો કેશવજી, જટાશંકર તેમજ મોતીલાલભાઈ (પત્ની વીરૂબેન) ના પરિવારની વાત લખેલ.


ત્રીજા મણકામાં ગોવિંદજી લઘાભાઈના પરિવારોની વાત કરેલ. લઘાભાઈના પત્નીનું નામ રંગુબેન હતું અને તેમને ગોવિંદજી અને દેવશી નામે બે દિકરાઓ અને એક દિકરી હતા. ત્યાર પછીના મણકામાં મોતીલાલ બુદ્ધભટ્ટી વિશે વધારે વિગતો તેમના પૌત્ર શ્રી ભરતભાઈ (સેતુ - મહિલા વિંગના એક્ટીવ સભ્ય રોહીણીબેન બુદ્ધભટ્ટીના પતિ) પાસેથી પ્રાપ્ત થતાં તે વણી લેવામાં આવેલ અને અત્રીઋષિના કુળમાંથી ઉતરી આવેલ નુખોમાંથી એક અટક 'કોટડિયા' નું ટાઈટલ ધરાવતા પરિવારોનો ઉલ્લેખ કરેલ. જ્યારે આપણી જ્ઞાતિના ત્રણ વડીલોની વિદાય સાથે ચનાણી પરિવાર, દિલ્હીના જેઠા પરિવાર અને અંજારના સામજી ગાંગજી મૈચા બાબતમાં થોડું લખીને પાંચમો હપ્તો પુરો કરેલ.



**સ્વ. શ્રી મોહનલાલ રવજી :**

૧૯૬૩ના ફેબ્રુઆરીમાં નોકરી લાગ્યા બાદ મારી ઓળખાણ ભુજના મારા પાડોશી અમૃતલાલભાઈ મહેતાને ત્યાં એક મહેશ્વરી બુઝુર્ગ સાથે આવતા મોહનભાઈ સાથે થયેલ. ત્યારે આ લોકો કોઈ જગ્યાએ લિલામ વગેરે હોય તો તે માલની ખરીદી-વેચાણનું કામકાજ પણ કરતા. ત્યારબાદ તેમણે ભીડમાં ચબુતરા પાસે

કરેલ દુકાન અમારો મળવાનો અડ્ડો બનેલ અને ત્યાંથી તેમણે બુદ્ધભટ્ટી દામાણી સંગઠનની શરૂઆત કરેલ, જેના પ્રથમ પ્રમુખ મોતીલાલ બુદ્ધભટ્ટી હતા અને દ્વિતીય તેમના પુત્ર ઈશ્વરલાલભાઈ બુદ્ધભટ્ટી. આ સંગઠનનો મુખ્ય ઉદ્દેશ સતીમાની દેરીની જાળવણીનો હતો. ત્યારે દરેક સભ્યની ફી વર્ષના ચાર આના રાખેલ. આ મોહનભાઈની સામાજીક કામો માટેની ધગશ અને તેમણે ૧૯૮૮-૮૯માં મારા એક વિચારને અમલમાં મૂકતા દામાણી સંગઠન સમિતિના પ્રમુખના નાતે બની શકે તેટલા સભ્યશ્રીઓના સરનામા શોધી, તેમની સાથે પત્રવ્યવહાર કરી, સતિમા વિશે વિગતો મંગાવેલ અને તેને પરિવાર મુજબ વર્ગીકૃત કરેલ. ત્યારબાદ આ પ્રોજેક્ટ આગળ વધી શકેલ નહી. પરંતુ તેમના હસ્તાક્ષરો ધરાવતા પાનાઓની ફોટોકોપ. આ લેખમાળા આગળ ધપાવવામાં આપણને ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહેશે. આ લેખમાં તેમના મળતાવળા સ્વભાવ અને સામાજીક કામો માટેની એક મિશનરી ઝીલને બિરદાવતાં,



આપણા બહોળા સમાજવતી શ્રદ્ધાંજલી આપતાં, અહીં તેમના પરિવારની વિગતો તેમણે સ્વહસ્તે લખેલ પેજની સ્કેન કોપી રૂપે આપેલ છે.

આ દસ્તાવેજ પ્રમાણે દામાણી પરિવારના સ્વ. મોભી દામજીભાઈના પ્ર-પૌત્ર દેવશીભાઈ અને તેમના પત્ની મોંઘીબાઈને ત્યાં પુત્રોમાં રવજી અને વિશ્રામ તેમજ પુત્રીઓમાં વિરૂબેન અને સાકરબેન થયેલ. જેમાંથી રવજી (પત્ની પ્રેમબાઈ) દેવશીના પરિવારમાં છ પુત્રો નામે મીઠુભાઈ, બચુભાઈ, ભાઈલાલ, વાલજી અને મોહનભાઈ તથા પ્રાણલાલ થયેલ અને પુત્રીઓમાં માણેકબેન અને બબીબેન. મોહનભાઈ ઉપર તેમના વડીલ મિત્ર મહેશ્વરીભાઈના પ્રભાવને કારણે તેમણે પોતાના પ્રથમ ધંધાનું નામ પણ મહેશ્વરી ઓટોમોબાઈલ રાખેલ. જે નામ કદાચ અત્યારે પણ ચાલુ છે અને તેમના બે પુત્રો જીગર અને સચીન તેમજ ભત્રીજા અમરતલાલ વાલજીભાઈ સાથે, આ બેટરી અને તેને સંબંધિત બીઝનેસ તેઓ ભુજના સ્ટેશન રોડ પર સંભાળી અને વિસ્તારી રહેલ છે. તેમના પત્ની જયાબેન ભુજના છત્રાલા ફેમીલીમાંથી છે (સામજી દેવશી કંસારા (છત્રાલા) અને તેમના ભાઈઓનો પરિવાર) અને તેમની પુત્રીનું નામ પ્રીતિ છે. શ્રી મોહનભાઈના મોટાભાઈ મીઠુભાઈ નિયમીત રીતે સતીના વાડામાં જતા અને ત્યાં કીડીયારો પૂરતા તે દ્રશ્ય નજર સામે છે. મીઠુભાઈ અને ભચીબેનને ત્યાં ચાર પુત્રો થયેલ જેમાં મોહનભાઈએ સર્વે કરેલ ત્યારે રામદાસ, સુરેશ અને દિલીપ હયાત હતા જ્યારે વિનોદ નામની સામે સ્વ. લખેલ છે. પુત્રીઓમાં દમયંતીબેન અને હીરાકુંવર તેમજ બેબીબેન. મીઠુભાઈ તેમજ તેમના પુત્ર રામદાસભાઈ અને તેમના પત્ની ગીતાબેન ને ત્યાં છ પુત્રોમાં પરેશ, ચંદ્રેશ, બીમલ, બિપીન, સતિષ અને ભાવેશ અને તેમની તેમની એક બહેન કામિની. પરેશ પણ તેમના પિતાશ્રી રામદાસભાઈ સાથે ગાડીઓના કામકાજમાં જોડાયેલ, જેની મારફ્ત મેં વીસમી સદીના છેલ્લે દસકામાં મારૂતિ ઓમની ખરીદેલ.

**બગ્ગા નુખ ધરાવતા પરિવારોનું મૂળ :**

ભાઈશ્રી પ્રવિણચંદ્ર બગ્ગા (નખત્રાણા) ના સ્વર્ણિમ (નવેમ્બર-૨૦૦૯) સેતુ પેજ નં. ૨૧ના લેખમાં જણાવ્યા પ્રમાણે વશિષ્ઠ ગોત્રના 'બગજી' ના વંશજો બગ્ગા તરીકે ઓળખાય છે. મારી જાણમાં છે તે મુજબ મારા રતન નાનીના બેન રામુમાસી નારાયણદાસ બગ્ગા અંજારમાં માલાશેરીમાં મારા નાનીમા રહેતા હતા અને જ્યાં મારો જન્મ થયેલ, તે ઘરમાં પછીથી રહેલ અને તેમના ત્રણ પુત્રોમાં લાલજીભાઈ આફ્રિકામાં હતા, જ્યારે વિઠ્ઠલભાઈ રાજકોટ રહેલ અને પછી અંજાર પરત આવેલ જ્યારે સૌથી નાના ખીમજીભાઈ જે શંભુભાઈ તરીકે ઓળખાતા અને તેમના લગ્ન મુંબઈથી કાઠીયાવાડના શ્રી નાગરદાસ સોલંકીના સાળી પન્નાબેન સાથે થયેલ. તેમના પુત્ર સુનીલ અત્યારે જામનગરમાં સ્થાયી થયેલ છે. અમદાવાદમાં

નોંધાયેલ બે બગ્ગા કુટુંબો (પરિચય નિર્દેશિકા-૨૦૦૩)માં પ્રફુલચંદ વિઠ્ઠલજી - ગાંધીનગરના પરિવારમાં કુલ ચાર સભ્યો છે. તેઓ પહેલા કદાચ લાલન કોલેજમાં પ્રોફેસર હતા અને અંજારના વિઠ્ઠલભાઈ નારાણજી બગ્ગાના પુત્ર થાય છે. બીજું કુટુંબ આદિપુરથી આવી અમદાવાદ વસેલ છે, જે વિજયાબેન જગદીશચંદ્ર તેમના પુત્ર પ્રશાંત અને પુત્રવધુ મમતા સાથે રહે છે, જગદીશચંદ્ર આદિપુરની એન્જીનીયરીંગ કોલેજમાં પ્રિન્સીપાલ હતા અને તેઓ તે પહેલાં મોરબીમાં રહેતા હતા. અન્ય અમદાવાદના જાણીતા બગ્ગા પરિવારોમાં અત્યારે અમદાવાદ મંડળના સ્થાપક મંત્રી, સેતુના તંત્રી તેમજ કચ્છી સમાજના સક્રિય મંત્રી અને ટ્રસ્ટી શ્રી અતુલભાઈ શંકરલાલ સોની પણ બગ્ગાની અટક ધરાવે છે. તેમના ભાઈ અનિલભાઈ અંજારમાં પ્રભુકૃપા જ્વેલર્સ નામે સોના-ચાંદીના દાગીનાનો બિઝનેશ કરે છે.

આજ નારાણદાસના ભાઈ પ્રેમજીભાઈ બગ્ગા (જેઓ કરાચીમાં હતા અને પછી મોરબીમાં રહેતા અને તેમના લગ્ન કાકુભાઈ પરમાર (ભુજમાં શાકમાર્કેટ સામે તેમની ટાયરની દુકાન હતી) અને ધારશીભાઈ પરમાર (ભીડમાં ટાયરની દુકાન હતી) ના બહેન સાથે થયેલ, જેના પુત્રોમાં બિપીનભાઈ આફ્રિકા-નૈરોબીમાં રહે છે, જયંતભાઈ હયાત નથી અને સુરેશભાઈ મોરબીમાં છે. બિપીનભાઈ કોટડીયા પરિવારમાંથી પરણેલ છે, જ્યારે જયંતભાઈ નડિયાદના લગ્ન નિર્મલાબેન સાથે થયેલ તેઓ તેમના પુત્ર પારિતોષ સાથે માધાપરમાં રહે છે. નાગરદાસ વનમાળીદાસ કંસારાનો ઉલ્લેખ આપણે અગાઉ કરી ગયેલ છીએ. તેઓ કાઠિયાવાડ (શિહોરથી) નીકળીને નડિયાદમાં સ્થાયી થનાર પ્રથમ મારૂ કંસારા હતા.

**સાકરીયા સરનેમ (અત્રી ઋષિનું કુળ) ધરાવતા પરિવારો :**

૨૫૦ વ્યક્તિઓની સંખ્યા સાથે ભુજમાં નોંધાયેલ ૪૪ પરિવારોમાંથી સૌથી વધારે ૧૨ જણનું સંયુક્ત કુટુંબ જેઠાલાલ કેશવજી સાકરીયાનું છે અને તેમના પછી અજીત પરષોત્તમ અને ખીમજી પ્રાગજી સાકરીયા, દરેક કુટુંબમાં ૧૦ વ્યક્તિઓ, લક્ષ્મીદાસ પરષોત્તમ સાકરીયાના ૭ સભ્યો સાથે તેમના ભાઈ અજીતભાઈના સભ્યો ઉમેરતા ૧૭ થાય. તેમના ભાઈઓ અમદાવાદમાં રહે છે અને પરષોત્તમભાઈએ આફ્રિકાથી પરત આવીને છેલ્લા ચાલીસેક વર્ષોથી અહીં વસવાટ કરેલ છે. તેમના ધર્મપત્ની સ્વ. ગોદાવરીબેનનો સ્વભાવ ઉમદા હતો અને જ્ઞાતિના કોઈપણ પરિવાર અમદાવાદમાં રહેવા આવે તો તેમને ઘેર તેઓ વિઝીટ કરતા. ૧૯૭૭માં મે અહીં વસવાટ શરૂ કર્યો ત્યારે તેઓ પધારેલ. તેમના પુત્ર પંકજભાઈ અને અન્ય ભાઈઓ તેમજ પરિવારના સભ્યો અમદાવાદની જ્ઞાતિમાં ઉદારતાથી યોગદાન આપે છે. તેમના માતુશ્રીના નામ ઉપરથી તેમની ગોદાવરી જ્વેલર્સ નામે એક શોપ પણ અમદાવાદના વિજય ચાર રસ્તા જેવા પોશ વિસ્તારમાં આવેલ છે.

અન્ય સાકરીયાઓની વાત કરું તો ભુજમાં યુવક મંડળની શરૂઆત કરનાર તે સમયના યુવકોમાં અંજારમાં આવી ભુજમાં વસેલ જયંતિલાલ સામજી સાકરિયાનું નામ પ્રથમ પ્રમુખ તરીકે સ્મરણિકામાં અંકિત થયેલ છે. સામજી સાકરીયાને બે પુત્રો, જેમાંથી મોટાભાઈ નરસીભાઈ સાકરીયા તે સમયે રેલ્વેમાં સ્ટેશન માસ્તરની કામગીરી અંજારમાં બજાવતા અને રાજાશાહીમાં ટુંકા પગારને કારણે, ઓળખીતા મિસ્ત્રી તેમના પોતાની ઝરીયા (ધનબાદ-અત્યારનું ઝારખંડ) મધ્યે આવેલ કોલસાની ખાણના હિસાબો લખવા માટે લઈ ગયેલ. તેમના લગ્ન પછીથી રાયપુરથી થયેલ. તેમના ચાર પુત્રો અને એક પુત્રી હેમલત્તા જેના લગ્ન રાયપુરના શ્રી શશીકાંત સોની (કોટડીયા) સાથે કરેલ. હેમલત્તાએ રાયપુર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પાર્ષદ (આપણે કાઉન્સીલર કહીએ છીએ) તરીકે ચૂંટાઈ ને સેવા આપેલ છે. તેમની દિકરી પોસ્ટ-ગ્રેજ્યુએટ થઈને કોલેજમાં લેકચરર છે. નરસીંભાઈના મોટા પુત્ર ભરતભાઈનો પુત્ર ભાવિન ઈલેક્ટ્રોનીક એન્જીનીયર છે અને હાલે મલ્ટીનેશનલ કંપનીમાં જોબ હોવાથી પુનામાં વસવાટ કરે છે. ભાઈશ્રી ભરત અને રોહિતે રાયપુર પહોંચીને પ્રથમ કપડાનો ધંધો કર્યો અને ત્યારબાદ પ્રોવિડન્ટ ફંડ તેમજ બેંકના અન્ય ખાતાઓ ખોલાવવા માટેની એજન્સી લીધેલ. તેમની દિકરી મીતા કોટક - મહેન્દ્ર બેંકમાં કામ કરે છે અને તેમની સાથે પુનામાં રહે છે.

ભરતભાઈના નાના ભાઈ રોહિતભાઈ એકાદ વર્ષથી અમદાવાદમાં સ્થાયી થયેલ છે. તેઓ અમદાવાદના બીજલાણી પરિવારના, અહીંના મંડળના એક્ટીવ પરંતુ સાયલન્સ વર્કર અને ખજાનચી શ્રી કનુભાઈ નટવરલાલ બીજલાણીના નાના બહેન સાથે લગ્નથી જોડાયેલ છે અને તેમના બે પુત્રોમાંથી મોટો મિલન આઈટી કંપનીમાં એન્જીનીયર તરીકે કામ કરે છે અને નાનો હિમાંશુ ટ્રાવેલ કંપનીમાં સારા હોદ્દા પર કાર્યરત છે. રોહિતભાઈના નાનાભાઈ ભૂપતભાઈ પોસ્ટગ્રેજ્યુએટની ડીગ્રી ધરાવે છે અને રાયપુરમાં બેંકમાં જવાબદારી ભરેલ આસી. મેનેજરનો હોદ્દો સંભાળે છે. તેમના લગ્ન ભુજથી પ્રેમજીભાઈ (ગાભા-મામા)ની પુત્રી સાથે થયેલ છે. નરસીંભાઈના સૌથી નાના પુત્ર બિપીનભાઈ પણ રાયપુરમાં જ રહે છે.

નરસીંભાઈના નાના ભાઈ જયંતિલાલને ત્યાં ચાર પુત્રો અને ત્રણ પુત્રીઓમાંથી, એક પુત્રી હંસાબેન મુંબઈમાં ડોંબીવલીમાં રહે છે. જ્યારે મોટો પુત્ર શરદ, ધરતીકંપમાં ઘરભંગ થયેલ છે અને તેના પુત્ર પ્રજ્ઞેશ સાથે ભુજમાં રહે છે. બીજો પુત્ર સંજય અને તેનું કુટુંબ પણ ૨૦૦૧ના કીલર ક્વેકમાં પરમધામવાસી થયેલ છે. જ્યારે મદન અને તેનો પરિવાર તેમજ વિજય તેના ફેમિલી સાથે ભુજમાં જ રહે છે. મોટાભાગના સભ્યો તેમના પિતાશ્રીની જેમ સોનીકામ કરે છે.

**વાંચકોને વિનંતી :**

આ વડ, વડવા અને વડવાઈઓની વાતોને વટવૃક્ષરૂપી પુસ્તિકાનું સ્વરૂપ આપવા માટે આગ્રહ છતાં, અત્યારે તો માત્ર સોફ્ટકોપી રૂપે અને આ સેતુના સંગ્રહવા જેવા અંકોમાં જ રાખવા નિરધારેલ છે. આમ છતાં, ભવિષ્યમાં, પુરતી વિગતો અને આપણા પરિવારોના તેજસ્વી તારલાઓ હોય કે વિદાય લઈ ગયેલ વડીલો, વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિ મેળવી રહેલ વિદ્યમાન યુવા-યુવતીઓ હોય કે ધંધા-ઉદ્યોગોમાં પોતાના કામને કારણે નામ ઊંચું કર્યું હોય તેવી નામાંકિત વ્યક્તિઓ હોય, દરેકના ફોટોગ્રાફ કે દસ્તાવેજો સાથે તેમના અથવા તેમના પરિવારના સભ્યો પાસેથી વિગતો મળ્યે તેનું સંકલન કરીને પુસ્તક બનાવવામાં આવશે તો, તેમાંથી મળેલ ડોનેશન માત્ર આપણા પરિવાર-જ્ઞાતિજનોના લોકહિતાર્થે જ ઉપયોગમાં લેવામાં આવશે જેનો વહીવટ જ્ઞાતિ-ટ્રસ્ટી જ કરશે, પછી તેનું સેતુ-પરિવાર કહો કે અમદાવાદ જ્ઞાતિ-મંડળ, મહામંડળ કહો કે ભુજ જ્ઞાતિમંડળ કહો. આથી જ આપણા પરિવારોના સર્વે સભ્યોને આગ્રહભરી વિનંતી છે કે પોતપોતાના પરિવારોની વિગતો નીચેના સરનામે અથવા ઈ-મેલ દ્વારા મોકલતા રહો.

**સંપર્ક :** માહિતી, સુધારો, વધારાની માહિતી મોકલવા માટે **પત્રવ્યવહારનું સરનામું :** ટી.એલ. કંસારા, ડી-૫૦૪, સાર્થક ટાવર્સ, રામદેવનગર, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ઈ-મેલ : tulsi_66@yahoo.in

**હેલ્થ ફસ્ટ :** દિપાવલીની શુભેચ્છાઓ સાથે નવુ વર્ષ સર્વે વાંચકો અને જ્ઞાતિજનોને તંદુરસ્ત નીવડે એજ પ્રાર્થના સાથે... હરિવંશરાય બચ્ચનની મધુશાલામાંથી ચાર બુંદ...!!

એક બરસ મેં એક બાર હી જલતી હોલી કી જ્વાલા
એક બાહ હી લગતી બાજી, જલતી દીપોં કી માલા
દુનિયાવાલો, કિંતુ કિસી દિન આ મદિરાલય મેં દેખો
દિન કો હોલી, રાત દિવાલી, રોજ મનાતી મધુશાલા

**સર્જન**

## ચોક પાવડરમાંથી ફુલદાની

**જીનલ સોલંકી - માંડવી**



ચાલો આજે કલાની વાત કરીએ...


ચોક પાવડરમાંથી બનાવેલ ફુલ મારફતે ફોટોફ્રેમ અને ફુલદાની...

**જરૂરી સામગ્રી :** ચોક પાવડર (બજારમાંથી સરળતાથી ઉપલબ્ધ), ગુંદ (શક્ય હોય તો camel કંપનીનો જ), ફેવિકોલ, કલર (પર્લ અથવા ફેબરીક)



**રીત :** ચોક પાવડર અને ગુંદના મિશ્રણથી રોટલીનો લોટ બાંધીએ તેવો લોટ બાંધો. આવી સરળતાથી કોઈ પણ આકાર આવી શકાશે. જો લોટ સુકાવા લાગે તો સાધારણ પાણી ઉમેરી નરમ કરવો અથવા શક્ય હોય તો ભીના કાપડમાં લપેટીને જ લોટ રાખવો.


ફોટોફ્રેમમાં ગુલાબ, ડાળખી, પાંદડીનો જ ઉપયોગ કર્યો છે.



ગુલાબ બનાવવા માટે થોડો લોટ લઈ તેની નાની થેપલી બનાવી તેને વાળી કડી બનાવો. ત્યારબાદ એક - એક ટોપલી તે કડીના ફરતે વીંટતા જાઓ એટલે ગુલાબ તૈયાર.

પાંદડી બનાવવા માટે પાંદડી જેવો સેઈપ આપી સોઈ કે સેપ્ટીપીનથી તેના પર શીરાઓ પાડવી.

બધા ગુલાબ અને પાંદડી તૈયાર થઈ જાય એટલે ગોઠવતા જાઓ.. એટલે ફોટોફ્રેમ તૈયાર.



આવી જ ગોઠવણી કોઈ તૂટેલા કાચના ગ્લાસ, કાચના જગ કે જેમની ધાર તૂટી ગઈ હોય તેના ફેંકી ન દેતા આવો સરસ વેસ્ટ માંથી બેસ્ટ ઉપયોગ થઈ શકે છે.

# આપણી જ્ઞાતિમાં છૂટાછેડાનું વધતું પ્રમાણ : લાલબત્તી સમાન

**– પી. જી. સોની 'દાસ'**

ઉજળીયાત કહી શકાય એવી આપણી સ્વર્ણીય જ્ઞાતિમાં છુટાછેડાનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જોવા, સાંભળવા મળે છે જે ખરેખર સમગ્ર જ્ઞાતિ માટે ચિંતા અને ચિંતનનો વિષય છે. એક સર્વ સામાન્ય રીતે આ ગંભીર પ્રશ્ને માહિતી મેળવવામાં આવે તો ચોંકાવનારી હકીકતો બહાર આવે. સાંભળવા પ્રમાણે સાવ નજીવા કે ક્ષુલ્લક કારણોસર છુટાછેડા સુધી મામલો પહોંચતો હોય છે. અથવા આપણી જ્ઞાતિની કમનસીબ દિકરીઓ પિયરમાં મજબૂરીથી અધ્ધર તાલ જીવન વ્યતિત કરતી હોય છે. ક્યાંક સગાઈઓ ટૂટતી હોય છે અથવા દૂધપીણા પછી સાવ સામાન્ય વાતમાં સંબંધો તૂટતા હોય છે. સંજોગોનો શિકાર બનેલા આપણા સંતાનોની મનોસ્થિતિની કલ્પના કરી જુઓ ! પિયરમાં બેઠી છાના આસું સારતી આપણી બહેન - દિકરીઓની સ્થિતીનો વિચાર કરી જુઓ !

જેના અનુસંધાને જ્ઞાતિસેતુએ કેમ્પેઈન રૂપે સમગ્ર સમાજના અને કાયદા તેમજ સમાજશાસ્ત્રી દ્રષ્ટિકોણ ધરાવતા લેખો પ્રતિસાદો પ્રસ્તુત કર્યા હતા.

આ દિશામાં ઘણા સમય પહેલા અંજાર ખાતેથી પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા આ એક સરાહનીય કદમ હતું પણ ત્યારબાદ પ્રયત્નો અટકવા ન જોઈએ. મનુષ્યયત્ન ઈશ્વરકૃપા સતત સક્રિય રહીશું તોજ આ મહત્વના પ્રશ્ને આશીર્વાદરૂપ કાર્યોમાં સફળતા મળશે. સમાજમાં મોભીઓએ આ માટે અવાર-નવાર બેઠકો બોલાવીને ચિંતન કરવું જોઈએ. જરૂર પડે જે તે વિસ્તાર વિભાગનો પ્રવાસ કરીને સ્થાનિક અગ્રણીઓ સાથે ચર્ચા વિચારણા કરીને ચોક્કસ પગલાં ભરવા જોઈએ. જો કે આ અંગેનો સમય તો ક્યારનોય પાકી ગયો છે છતાં જાગ્યા ત્યાંથી સવાર એ રીતે આ પ્રશ્ને જાગૃત થવાની તાતી જરૂર છે.

આપણો સમાજ હવે કચ્છના સિમાડા છોડીને દેશ-પરદેશ સુધી વિસ્તરતો જાય છે. ભૌગોલિક રીતે સૌ એકબીજાથી દૂર વસવાટ કરતા હોવાથી સ્વાભાવિકપણે સામાજીક મુશ્કેલીઓ ક્યારેક સર્જાતી હોય છે. આપણા સમાજમાં ઉંમર લાયક દિકરા-દીકરીઓ જોવા ચકાસવાનું કામ અગત્યનું છે. એટલું જ મહત્વનું બંને પક્ષને સમજવાનું છે આ માટે કેટલીક જરૂરી બાબતો પ્રત્યે ધ્યાન રાખવું આવશ્યક છે.

સંતાનોએ પોતાના લગ્ન સંબંધે ઘરમાં ચર્ચાઓ શરૂ થાય ત્યારે પોતાના વિચારો સ્પષ્ટ રીતે રજુ કરી દેવા જરૂરી છે, વડીલોએ પણ પોતાના સંતાનોને વિશ્વાસમાં અવશ્ય લેવા જોઈએ. આજના ભૌતિકવાદના જમાનામાં સંબંધો બાંધતા પહેલા સો ગરણે પાણી ગાળવાની જરૂર છે. વધુમાં સગા સંબંધીઓ ઉપરાંત નજીકનાં સ્નેહીઓ-મિત્રોની પણ સલાહ લેવી જરૂરી છે. સગાઈના સેતુથી બંધાયા પછી વહેલી તકે લગ્ન કરી લેવા એટલા જ હિતાવહ છે આ પ્રશ્ને ઉભય પક્ષે ખુલ્લામનથી ચોખવટ કરી લેવી જોઈએ. દા.ત. લગ્નસમુહમાં થાય એવો આગ્રહ રાખવાથી બંને પક્ષે બધી જ રીતે ફાયદો થશે. સગાઈ કે દૂધપીણા પ્રસંગે પણ મર્યાદિત સંખ્યામાં જવું જરૂરી છે.

> વાચકોને ગત વર્ષનું 'લગ્ન-વિચ્છેદ' ના કારણ નિવારણ સંદર્ભે કટાક્ષો તેમજ સમાજ શિક્ષણ નિષ્ણાંતો ઉપરાંત સમાજના મોભીઓના વિચારે પ્રસ્તુત કર્યા હતા. વાચકોએ પણ ભરપૂર પ્રતિસાદ આપ્યો હતો. જેની ભુજ જ્ઞાતિ પ્રમુખે આ અંગે ભુજમાં ઘટતું કરવા જે વિચાર દર્શાવ્યો છે તે પણ પ્રશંસનીય છે કારણકે જે ભુજ કરે તે તુજ કરે. ભુજની પહેલ પછી અન્ય સ્થળેથી પણ સક્રિય પ્રયાસો થશે તેમ સ્પષ્ટ વર્તાય છે. લેખકના લેખકે કહ્યું છે તેમ આ પ્રયત્નોનું સાતત્ય આવશ્યક છે. આ સંબંધે વાંચનના વિચાર આમંત્રીત છે. **– મુખ્યતંત્રી**

આજના સમયમાં છોકરા-છોકરીઓ જોવાના રીતરીવાજમાં પણ પરિવર્તન લાવવું જરૂરી છે. કારણકે આજ કાલ ટૂંકા સમયગાળામાં એકબીજાને જોઈને ખાસ કંઈ લાંબું વિચાર્યા વગર સગપણ કરી નાખવામાં આવે છે. પછી લગ્ન પહેલાં મહિનાઓ સુધી સાથે બે રોકટોક હરે-ફરે છે. ઉપરાંત મોબાઈલ દ્વારા અવિરત અને અનઈચ્છનીય રીતે સંપર્કમાં રહેતા હોય છે જે પણ એક સંબંધોમાં કડવાસનું નિમિત બને છે. અમુક કિસ્સાઓમાં છોકરા-છોકરીઓ વચ્ચે કોઈ બાબતે સમજણ ફેર થવાથી અને એકબીજાને સમજવાની કોશીશ કરવાને બદલે સગપણ તોડવા સુધીનાં નિર્ણય સુધી પહોંચી જતા હોય છે જેને ઘણા મા-બાપો કે વડીલો કોઈપણ જાતની જાણકારી મેળવ્યા વગર સગાઈ ફોક કરવા લાંબું વિચાર્યા વગર અનુમતિ આપી દેતા હોય છે. આ કારણે જ એક બીજાને સમજવા માટે પુરતો સમય આપવો જરૂરી છે. ત્યારબાદ જ સગાઈ કરવામાં આવે તો સારા પરિણામો મેળવી શકાય છે.

વર્તમાન સમયમાં ભૌતિકવાદનાં ભરડામાં આંધળી દોટનાં પરિણામે પરસ્પર અસંતોષ કે ઉપેક્ષાની લાગણી પેદા થાય છે. જેના કારણે અંદરની કડવાશના કારણે ઉભયપક્ષોને ખૂબ જ નુકશાન થાય છે.

તાજેતરમાં આ લખનાર તથા શાંતિલાલ સોનીને (જિલ્લા માહિતી અધિકારીશ્રી) ભુજ જ્ઞાતિ પ્રમુખશ્રી દિલીપભાઈ બગ્ગા, માજી પ્રમુખશ્રી મુ. અમૃતલાલભાઈ સોલંકી, નિતીનભાઈ હેડાઉ, ચંદ્રકાંતભાઈ ચનાણી વિગેરેને સોની લગ્નવાડીમાં ઔપચારિક રીતે મળવાનું થયું ત્યારે સહજ રીતે અન્ય પ્રશ્નો કે સૂચનોની ચર્ચા સાથે આપણી જ્ઞાતિમાં સગાઈ તૂટવાનાં તથા છૂટાછેડાના

બનાવો ભયજનક રીતે વધી રહ્યા છે એ વિષે થોડી ચર્ચા કરવામાં આવી. આ સળગતા પ્રશ્નો સૌ જ્ઞાતિ અગ્રણીઓ આ વિષે કંઈક નક્કર અને ઠોક કામગીરી કરે તો ચોક્કસ હકારાત્મક પરિણામો મળશે અને સમાજ અને સંબંધિતો પણ એવું જરૂર ઈચ્છતા હશે.

આ દિશામાં આપણે સૌ સાથે મળીને ભુજ શહેર અને તાલુકાથી શરૂઆત કરીશું તો એના સમગ્ર કચ્છ અને બહાર વસવાટ કરતા આપણા જ્ઞાતિજનોને આવા બનાવો અંગે ચોક્કસ હકારાત્મક પરિણામો મેળવવા પ્રેરકબળ મળશે. અને આ મહત્વના પ્રશ્ને આપણા મહામંડળના મોભીઓ અને આપણા સક્રિય મહિલામંડળનો પણ સાથ સહકાર મળી રહેશે. ચર્ચા દરમ્યાન મા. શ્રી દિલીપભાઈ બગ્ગા વિગેરેએ આ વિષય અંગે આપણાથી થાય એટલા તમામ પ્રયત્નો નિષ્ઠાપૂર્વક કરી છૂટશું અને એ દિશામાં ચક્રોપણ ગજમાન કરવામાં આવી રહ્યા છે. એવું દિલીપભાઈએ જણાવ્યું હતું.

આપણે આશા રાખીએ કે આ નવી અને ઉત્સાહી સક્રિય ટીમને મા કાલિકાના આશીર્વાદ સાથે જશ મળે.

અસ્તુ.

**ઈતિહાસનું એક પાનું**

# આજનો વિદ્યાર્થી ભૌતિક સુખનો ગુલામ બનતો જાય છે..

**– હરીરામ બેચર**

વર્ષ ૧૯૬૧માં પ્રસિદ્ધ થયેલ સમાજના યુવા મુખપત્ર 'સાગર'નું ઐતિહાસિક મહત્વ છે. તે અંકમાંથી એક લેખ સ્મૃતિ રૂપે અત્રે પ્રસ્તુત છે. લેખકશ્રીના વિચારો આજે ૫૦ વર્ષ પછી પણ પ્રાસંગિક જણાય છે....

માનનીય પ્રમુખ સાહેબ, ભાઈઓ, બહેનો તથા બાળકો

શ્રી કંસારા જ્ઞાતિ યુવક મંડળ આજ ગૌરવ લે છે. કારણકે, આજ આપણે કેળવણી ક્ષેત્રે પ્રોત્સાહન આપવાના વિષય પર અહીં એકઠા થયા છીએ. આનાથી મોટો આનંદ બીજો ક્યો હોઈ શકે ?

પરંતુ એ આનંદ તો ત્યારે જ ટકી શકે કે જ્યારે આપણી જ્ઞાતિનો એક એક બાળક, કેળવણીએ આપણાં જીવનઘડતરનો તેમજ અતિ જરૂરિયાતનો પ્રશ્ન છે એમ સમજીને એની અંદર વધુને વધુ ઊંડા ઉતરવું જોઈએ.

ભારતના સંસ્કાર અને સંસ્કૃતિ એમ કહે છે કે માનવ જીવનના નવઘડતરનો તેમજ પ્રગતિનો આધાર મુખ્યત્વે શુદ્ધ કેળવણી પર હોય છે. પરંતુ સાથે સાથે આધ્યાત્મિક ભાવના ન હોય તો એજ કેળવણી માનવીને આગળ લઈ જવાને બદલે વેરઝેર ઉત્પન્ન કરી માનવીને વિનાશને માર્ગે દોરી જાય છે.

પ્રાચીન કાળમાં વિદ્યા ઝટ મોઢે થઈ જતી કારણકે તે વખતે બાળકો બહુ જ સાદુ જીવન જીવતાં, જીવનમાં વિવેક અને વૈરાગ્ય કેળવતા, ત્યાગ વિના વૈરાગ્ય આવે નહિ અને આવે તો ટકે નહિ માટે તે કાળે સર્વસ્વનો ત્યાગ કરવો પડતો અને એ જમાનામાં વિદ્યાર્થીઓ મા-બાપ સુખ સાધનો, ઘર બહાર બધાનો ત્યાગ કરતા અને અત્યંત સાદું જીવન ગાળતાં ત્યારે જ શુદ્ધ વિદ્યા મળતી. આથી જ આપણો પ્રાચીનકાળ ગૌરવવંતો કહેવાય છે.

ત્યારે આજે અર્વાચીન યુગમાં તો વિદ્યા અભ્યાસનો કાળ એ આનંદ કરી લેવાનો છે. મોજશોખ માણી લેવાનો તેમાં જવાબદારીઓથી મુક્ત રહેવાનો કાળ ગણવામાં આવે છે.

આજનો વિદ્યાર્થી ભૌતિક સુખનો ગુલામ બનતો જાય છે. જેમ જેમ ભૌતિક સુખ સાધનોમાં વધારો થતો જાય છે. તેમ વિદ્યાર્થીઓનો કેળવણી પ્રત્યેય અનિશ્ચિતતામાં વધારો થતો જાય છે અને જયાં વિદ્યાર્થીઓ પોતે જ કેળવણી પ્રત્યેય અનિશ્ચિત હોય ત્યાં આશા ઉત્સાહ કે લાગણી ક્યાંથી જન્મે ?

આપણા સંતાનોની કેળવણીનો આધાર આપણે સિંચેલા સંસ્કારો ઉપર હોય છે. આપણે આપણા સંતાનોના જીવન ધોરણને લક્ષમાં લેવાની પૂરતી કાળજી રાખવી જોઈએ અને સારું જ્ઞાન મળે, પોતાના કુટુંબમાં, જ્ઞાતિમાં, દેશમાં, સમાજમાં એક વિરલ વ્યક્તિ તરીકે રહે તેમજ સમાજમાં સંસ્કારી પુરુષ તરીકે સારી છાપ પડે એટલા માટે સાંસ્કૃતિક સંસ્કારો રેડવા જોઈએ યોગ્ય લાગે તેવી ઈચ્છાઓ પુરી કરવી જોઈએ તેમજ અશ્લીલ ચલચિત્રોથી દૂર રાખવા જોઈએ તેમજ સંસ્કાર સંપન્ન એવા શુદ્ધ સાહિત્ય પ્રત્યે આકર્ષણ ઉભું કરવું જોઈએ.

આપણા સંતાનોની કેળવણીનો આધાર આપણે સિંચેલા સંસ્કારો પર હોય છે. પરંતુ આપણે એમના જીવનમાં વિકસતી કુટેવો પ્રત્યે ધ્યાન ન આપીએ અને એમની કેળવણી પ્રત્યે લક્ષ ન આપીએ તો એના બાળ માનસ પર અવળી અસર થાય છે. કેળવણી પ્રત્યેનું રહ્યું સહ્યું પણ આકર્ષણ ઉડી જાય છે. જ્યારે પરીક્ષામાં નાપાસ થાય છે. ત્યારે એના દિલમાં કેળવણી પ્રત્યેની નફરત પેદા થાય છે. પરંતુ જો પહેલેથી આપણે આપણા સંતાનોની કેળવણી પ્રત્યે કાળજી રાખીએ તો આપણે આપણા સંતાનોને સુધારી શકીએ અને કેળવણી પ્રત્યે વધુ ને વધુ ખેંચાય તેમ કરવું જોઈએ.

આટલું કહી હું બેસી જવાની રજા લઉં છું, શાંતિથી સાંભળવા બદલ સૌને આભાર માનું છું.


# શ્રી મારૂ કંસારા સોની સમાજ-રાયપુર નવી કારોબારીની રચના


કૌશિક કટ્ટા-પ્રમુખ



અજય પોમલ-ઉપપ્રમુખ


અનિલ મચચા-ઉપપ્રમુખ


નીતીન પોમલ-સચિવ


જયેશ પોમલ-સંયુક્ત સચિવ


રમેશ મચચા-સંયુક્ત સચિવ


ભરત સાકરીયા-ખજાનચી


દિનેશ બારમેડા-સહખજાનચી


દિપક બારમેડા-સહખજાનચી

## કારોબારી સભ્યો


ભાવેશ પોમલ


પરેશ બારમેડા


હરેશ બીજલાણી


ચેતન બારમેડા

હર્ષદ બારમેડા

## CONGRETULATION


કૌશિક કટ્ટા

**CONGRETULATION KAUSHIK KATTA ELECTED AS NEW PRESIDENT OF SHRI MARU KANSARA SONI SAMAJ RAIPUR**


પ્રફુલભાઈ બારમેડા


કમલેશભાઈ બીજલાણી


નિલેશભાઈ બુદ્ધભટ્ટી

# ઐતિહાસિક કિલ્લાની નગરી : લખપત

**પી. જી. સોની 'દાસ'**

સુજ્ઞ જ્ઞાતિજનો, ગયા અંકમાં આપણે 'કચ્છની અણમોલ વિરાસત - શિલ્પ સ્થાપત્ય' (પ્રકાશક જિલ્લા વહીવટી તંત્ર અને સંપાદક, જિલ્લા માહિતી અધિકારીશ્રી શાંતિલાલ સોની) ના પ્રથમ ચરણમાં નારાયણ સરોવર-કોટેશ્વર તીર્થની યાત્રા એનાં અદ્દભુત ફોટોગ્રાફ્સ સાથે માણી...

હવે આપણા સેતુના આ અંકમાં ઐતિહાસિક કિલ્લાની નગરી લખપત વિષે વધુ જાણીએ...



કચ્છના પાટનગર ભુજથી ૧૩૧ કિમી. દૂર આવેલ લખપત નગરનું કચ્છ રાજ્યના સમયમાં ખૂબ જ મહત્વ હતું. કચ્છનો આ અદ્યતન કિલ્લોએ સત્તરમી સદીનો અંત અને અઢારમી સદીનાં પૂર્વાધની કચ્છની અસ્મિતાનો સાક્ષી છે. કચ્છનાં તીર્થધામ નારાયણ સરોવર અને કોટેશ્વરથી સોળ - સત્તર કિમી.ના અંતરે આવેલું લખપત એક સમયે બસ્તા બંદર તરીકે ઓળખાતું.

કચ્છના સિંધ સાથેનાં વેપારમાં લખપતનું નામ સૌથી મોખરે લેવાય છે. એક સમયે લખપત કચ્છનું મહત્વનું બંદર હતું. સપાટ અને છીછરો દરિયો ધરાવતા આ બંદરમાં માલના પરિવહન માટે સઢવાળા નાના વહાણો ચાલતા. દેશ-વિદેશ સાથે તેનો દરિયાઇ વેપાર રહેતો. કચ્છના મહારાવ લખપતજીએ આ બંદરનો પાયો નાંખ્યો હતો. આ બંદરની સમૃદ્ધિ આંખઠાર હતી. પરંતુ માનવસર્જિત અવળચંડાઇ અને કુદરતી અવકૃપાએ



આ બંદરની જાહોજલાલી છીનવી લીધી. કચ્છની એક સમયની જીવાદોરી સમાન સિંધુ નદીનાં વહેણ ઈ.સ. ૧૮૧૯માં વિનાશક ધરતીકંપના કારણે ફંટાઇ ગયા. ધરતી ઉંચી આવી જતાં કુદરતી અલ્લાહ બંધનું નિર્માણ થયું પરિણામે લખપત બંદરના વળતા પાણી થયા.

હાલની આ લખપતની ધરતી પર ૧૮૧૮ સુધી સિંધુ નદીનું મીઠું પાણી કોરીક્રીકના કારણે ઠલવાતું ત્યારે અઢળક પાક થતો. સિંધનાં લાલચોખા પણ અહીં પુષ્કળ પ્રમાણમાં થતા પરિણામે આ પ્રદેશની આવક લાખોમાં થતી આથી જ તેને લખપતના નામે ઓળખવામાં આવતો. કચ્છના ક્રોમવેલ તરીકે જાણીતા લશ્કરી વડા જમાદાર ફતેહ મહેમદે આ સ્થળનું વ્યૂહાત્મક મહત્વ જાણીને લખપતને ફરતો મજબૂત કિલ્લો બનાવ્યો હતો.

શીખોના ધર્મગુરૂ અને શીખ ધર્મના સ્થાપક ગુરુનાનક સિંધમાં હિંગળાજ પિરસવા જતા હતા. તે દરમ્યાન લખપતમાં કેટલોક સમય રોકાણ કર્યું હતું. તેની યાદગીરીરૂપે લખપતમાં ગુરૂદ્વારા છે. તો કચ્છ રાજ્યના સમયમાં આ ઐતિહાસિક નગરીમાં નાગરોની વસ્તી મોટા પ્રમાણમાં હતી તેની સાક્ષીરૂપ હાટકેશ્વરનું મંદિર એ નાગરરાઇ તળાવ આજે પણ છે. લખપતનો પીર ઘોષ મહમદનો કુબો પણ છે. વિશાળ તેનું બાંધકામ સંવત ૧૯૧૧ થી ૧૪ સુધી ચાલ્યું હતું.



'જ્ઞાતિ સેતુ' દશાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે યોજવામાં આવેલ લોગો ડિઝાઇન સ્પર્ધામાં નખત્રાણાના શ્રી બ્રેઝીન પ્રવિણભાઈ કટ્ટા દ્વારા મોકલવામાં આવેલ ડિઝાઇન પસંદ થયેલ છે. ૨૫ વર્ષની વયના શ્રી બ્રેઝીન એક યુવા આર્ટીસ્ટ છે. તેઓ નખત્રાણા 'પૂજા ડિઝીટલ સ્ટુડિયો' ધરાવે છે. તેઓને જ્ઞાતિસેતુ પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન....

# કારકિર્દી એક પ્રક્રિયા છે, નહી કે પ્રશ્ન !!

વિજય હેડાઉ-ભુજ



વિજય હેડાઉ-ભુજ

ભુજ સ્થિત વિજય ગોપાલભાઈ હેડાઉએ માતા ગીતાબેન અને પિતા ગોપાલભાઈના આશીર્વાદથી PGDM (MBA) ના ઉચ્ચ અભ્યાસ કરેલ છે. PGDM ની ડિગ્રી મેળવ્યા બાદ ૨ વર્ષ સુધી CARE Ratingsમાં ઓફિસર બિઝનેશ ડેવલોપમેન્ટની ફરજ બજાવેલ છે. કોર્પોરેટ કલ્ચર અને રીલેશનશીપ સાથે બીઝનેશ સ્કીલ્સનો અનુભવ લઈ એમણે ભુજ મધ્યે પ્રાઈવેટ હોસ્ટેલનો પ્રોજેક્ટ શરૂ કરેલ છે. જે કચ્છમાં પ્રથમ છે. ભુજના બહારથી આવતા વિદ્યાર્થીઓ માટે રહેવા-જમવાની સગવડ સાથે 'એસેન્ટ હોસ્ટેલ' આશીર્વાદરૂપ બનેલ છે. આ લેખ એમના અંગત વિચારોનું પરિણામ છે. એમણે કારકિર્દી વિશેના મૂંઝવતા પ્રશ્નોનો જળમૂળથી નિવારણનો વિચાર મૂકવાનો પ્રયાસ કરેલ છે. આધુનિક પેરેન્ટ્સ માટે આધુનિક ટીપ્સ છે.

કારકિર્દીને લગતા ઘણા લેખો જ્ઞાતિસેતુમાં પ્રકાશિત થઈ ચૂક્યા છે. આ લેખ થોડા જુદા ઉદ્દેશથી લખી રહ્યો છું અને વાચક મિત્રોને મારી ખાસ અપીલ છે કે જે વાત હું કેવા જઈ રહ્યો છું. એને ધ્યાનથી વાંચે અને અનુકરણ કરે અને સમજે કે કારકિર્દી એ પ્રશ્ન નથી, પ્રક્રિયા છે જેની શરૂઆત બહુ નાની ઉંમરથી થઈ જાય છે.

હું શરૂઆત એ વાલીઓને ધ્યાનમાં રાખી કરીશ જેમના સંતાનોની ઉંમર બહુ નાની છે જે ઉંમર રમવા શીખવાની છે. કારકિર્દીની શરૂઆત બાળકની ઈચ્છા અને શોખથી થાય છે અને એના માટે બાળકને દુનિયાથી અવગત કરવું જરૂરી છે. ..... એ શું જોતા રાજી થાય છે. એને શું કરતા સમયની ખબર પડતી નથી એ જાણવું પડશે. બાળકોને નાનપણથી જ જુદા જુદા સ્કોપ આપો. એમને સમર ટ્રેનીંગમાં મોકલો. ટેનીસ કે કોઈ બીજા સ્પોટ્સમાં ઈન્ટરસ્ટ છે તો એને લગતી માહિતી પુરી પાડો. જો કોચીંગની ફેસીલીટી હોય તો ત્યાં મુકો. બાળકોને સ્કીલફુલ એક્ટીવીટીમાં ભાગ લેવડાવો. સ્કૂલમાં થતી કોમ્પીટીશનમાં ભાગ લેવાથી એનામાં વિજેતાના ગુણ આવશે. કારકિર્દીની શરૂઆત જ આવા બધા ક્ષેત્રો દ્વારા માહિતગાર કરી થાય છે એ બાળક પોતે જ કહેશે કે એને આ બધામાંથી શું ગમે છે ? જરૂર છે તો તમારા બાળકને ઓળખવાની, બાળક એક સ્ટેપ પર હોય ત્યારે બીજો સ્ટેપ વિચારી રાખો એને ટોય્સ અને કારસ ગીફ્ટ કરવાને બદલે એના ઈન્ટરસ્ટની વસ્તુ એને ગીફ્ટ કરો. ડાન્સ કરવો ગમે છે તો શુઝ લઈ આપો, ક્રિકેટ ગમે છે તો બેટ લઈ આપો, વાંચવું ગમે છે તો બુક લઈ આપો. આ બધી નાની પણ બહુ સીરીયસ વાત છે. આપણે આપણી લાઈફમાં એટલા વ્યસ્ત રહીએ છીએ કે આ બધી વાતોને અવગણીએ છીએ. હું બધા વડીલોને અપીલ કરું છું કે ક્યારે પણ કોઈ સંતાન કંઈ કરવાની ઈચ્છા ધરાવતો હોય તો એમ ન કહેશો કે આમાં કંઈ ભવિષ્ય નથી. ભણવામાં એને કહો કે જા તારે ઈચ્છા થાય તે કર, અમે તને સપોર્ટ કરીએ છીએ.

'એવરી ચાઈલ્ડ ઈઝ સ્પેશીયલ' તમારા ઓફીસનો કોઈ ફ્રેન્ડનો છોકરો કે બાજુમાં રહેતા બેનનો બાબો અથવા તો બાજુની દુકાનનો સંતાન કોઈ ડીગ્રી મેળવે તો એનો મતલબ એમ નથી કે તમારા દીકરાને પણ એ ડીગ્રી લેવી પડશે. બીજુ વિકટ પરિસ્થિતિને કારણે ગમે કંઈ ન કરી શક્યા તો એ સપના તમારા બાળકને પુરા કરવાના એ તદ્દન ખોટી વાત છે. એના પણ કંઈ સપના છે અને એ પુરા કરવાન એને અધિકાર છે. ત્રીજુ, કારકિર્દી એટલે CA, MBA, Medical કે Engineering જ થવું એ નથી, આ સાથે હવે વાત કરીશ એ વાલીઓની જેમના સંતાનો કારકિર્દીના એક સ્ટેજ સુધી પહોંચી ગયા છે અને આગળ શું કરવું એનું પ્લાનીંગ કરે છે. હું ફરીથી એ વાત કરીશ કે જો મોડું ન થયું હોય તો હજુ પણ તમારા પુત્ર-પુત્રીને પૂછો, તું જે કરીશ એના તને મજા આવે છે ? જો એના પાસે તુરત ઉત્તર ના હોય તો એને સમય આપો, એના ક્ષેત્રમાં જાણીતા હોય એવા કોઈ વ્યક્તિ જોડે સલાહ સુચન કરો. એ વિષયને લગતા તમામ કોર્ષની માહિતી આપો. કેરીયર ગાઈડન્સને લગતી તમામ માહિતી ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે. એક સાઈટ www.shiksha.com એમાંની એક છે. કેરીયરને લગતા પ્રશ્નમાં કોઈપણ ઈન્સ્ટીટ્યુટની પસંદગી મોટો ભાગ ભજવે છે. ફેકલ્ટીસ, પ્લેસમેન્ટ રેકોર્ડસ ઈન્ફ્રાસ્ટ્રકચર વગેરે બાબતોનું નિરીક્ષણ કરીને જ કોલેજની પસંદગી કરવી જોઈએ. કારકિર્દીની બાબતમાં આવી બધી વસ્તુઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ બહુ ઉપયોગી નીવડે છે.

વિચારોની આદાન-પ્રદાનથી ઘણી વાતો શીખાય છે અને સમજાય છે. કોઈપણ વાચક નીચે દર્શાવેલ નંબર પર મસેજ મૂકી, સમય લઈ, કોઈપણ મુંઝવણ કારકિર્દી બાબતની રજૂ કરી શકે છે અથવા તો દર્શાવેલ ઈ-મેઈલ પર પણ લખી શકે છે. તમારા વિચારો હંમેશા આવકાર્ય છે.

મો. ૯૬૬૨૭૧૨૦૫૨

Email : vj.soni777@hotmail.com

# ગુજરાતના યુવાનોએ સ્ટાફ સિલેકશન સ્પર્ધાત્મક પરીક્ષા આપવી જોઈએ

ભીમજી નાકરાણી

ભારત સરકારના કસ્ટમ, એસાઈઝ, સી.બી.આઈ., ઓડીટ, ઈન્કમટેક્ષ જેવા ડીપાર્ટમેન્ટમાં ઈન્સ્પેક્ટર અને ઓફીસરની ઉજ્જવળ કારકિર્દી તમામ ગ્રેજ્યુએટ માટે સારી છે.

હમણાંથી ગુજરાતભરમાં અંડર ગ્રેજ્યુએટ અને ગ્રેજ્યુએટ યુવાનોમાં IAS/IPS થવાનો ઉમંગ વધુ પડતો દેખાય છે. તો GPSC દ્વારા ગુજરાત સરકારની નોકરી માટે પણ અજાણ્યો ઉત્સાહ દેખાય છે. હમણાથી દરરોજ આવા પ્રકારની પરીક્ષાઓની તૈયારી કરાવનારા એકાદ બે તાલીમ વર્ગોની જાહેરખબર દૈનિક પત્રોના બીજા પાને દેખાયા કરે છે. છેલ્લા ૩ વર્ષમાં દરેક જીલ્લા મથકે અને મોટા શહેરોમાં જુદા જુદા દાવા સાથે, તગડી ફી લઈ સ્વપ્નાઓ વેચનારાઓનો રાફડો ફાટ્યો છે. તો એટલાજ પ્રમાણમાં આ વિષયના વિવિધ સામયિકો પણ બજારમાં આવી રહ્યા છે. એકલા ગાંધીનગરમાં ૧૨ થી ૧૩ ટ્રેનિંગ સેન્ટરો ચાલે છે.

લોકોએ પોતાના ઘરમાંયે કલાસીસ-એકેડમી-ટ્રેનિંગ સેન્ટર ખોલી દીધા છે અને આ બધી સમજણ વગરની અવેરનેસને કારણે કેટલાક પ્રકાશકો ઉપરના ટાઈટલો બદલી ઢગલાબંધ પસ્તી સાહિત્ય વેચી રહ્યા છે. જેના ઉપર લખ્યું હોય છે : IAS/IPS/UPSC/GPSC/PSI/સેકશન ઓફીસરની પરીક્ષા માટે ઉપયોગી સામાન્યજ્ઞાન (જનરલ નોલેજ) વગેરે. આજે તો જ્ઞાતિ જાતિ, લાયન્સ કલબ જેવી અનેક સંસ્થાઓ અને પ્રોફેશનલ પ્રકારના વર્ગ સંચાલકો રૂ. ૨૦ હજારથી માંડી રૂ. ૩ લાખ સુધીની ફી લઈ IAS/UPSC/GPSC ની તૈયારી કરાવવા માટે ઉટ પટાંગ પ્રયોગો કરી રહ્યા છે. પરિણામે ગુજરાતના લાખો યુવાનો અધિકારી બનવાના રૂડા સ્વપ્ન આંખમાં આંજી આંખો બંધ કરી કોઈપણ સમજણ વિના, પુરતા પ્રાથમિક જ્ઞાન વિના આ વર્ગોમાં જોડાઈ રહ્યા છે.

GPSC દ્વારા છેલ્લા દોઢ વર્ષમાં કોઈ પરીક્ષાની જાહેરા થઈ નથી. પરંતુ તમામ પ્રકારના તાલીમ વર્ગોએ તગડી ફી મેળવવાના લોભે તૈયારીઓ શરૂ કરાવી દીધી છે. કેટલાકે તો એફ.વાય. થી તૈયારી કરો. 'રૂપિયા દોઢ લાખ ભરી આજીવન તૈયારી કરો'ની જાહેરાત આપીને આ ક્ષેત્રે દિશાહીન વાલીઓ અને વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરતા હોય તેવા ઘાટ થઈ રહ્યો છે. ગુજરાતમાં અને ખાસ સૌરાષ્ટ્રભરમાં ધો.૧૧-૧૨ની સાયન્સ શાળાઓનો ઘસારો થયો છે. રૂ. ૨ થી રૂ. ૫ લાખ બે વર્ષના લેવામાં આવે છે. છતાં JEE જેવી પરીક્ષામાં કોઈ પરિણામ લાવી શકતા નથી. રાજકોટ, જામનગર, જુનાગઢ, સુરેન્દ્રનગર જીલ્લામાં આવી સાયન્સ સ્કુલોનો આંકડો યાદ રાખવો અઘરો છે. પરિણામ ખબર નથી. આવી જ સ્થિતિ સ્પર્ધાત્મક પરીક્ષાના ક્ષેત્રે થઈ રહી છે. ગાડરીયો પ્રવાહ દિશાવિહીન બની નીકળી પડ્યો છે. કોઈની પાસે સાચી દિશા કે જ્ઞાન નથી.

દરેક જણા 'સ્પીપા ફેકલ્ટી' લખે છે. સ્પીપા ફેકલ્ટી શું છે ? અધિકારી બનાવી દેતી કોઈ જાદુઈ લાકડી છે ? લોકોને, વિદ્યાર્થીઓને ઉલ્લુ બનાવવા માટેની તરકીબો છે. IAS/IPS/GPSC આ સિવાય અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ ભારત સરકાર અને અન્ય રાજ્યો લે છે. જેના દ્વારા ખૂબ સારી કારકિર્દી બનાવી શકાય છે. આપણા શિક્ષકો, પ્રાધ્યાપકો, વાલીઓ, સામાજિક સંસ્થાઓ, કોલેજો, શિક્ષક સંકુલોના સંચાલકો કે વિદ્યાર્થીઓ આ તમામ પરીક્ષાઓ કે કારકિર્દીની સંપૂર્ણ અજાણ છે. વાંચનનો અભાવ, સરકારની બેદરકારી, શિક્ષકોની ઉપેક્ષાને કારણે આજના યુવાનો જીંદગીમાં આવા અનેક ક્ષેત્રથી અજાણ્યા રહે છે. આ કારણે અધકચરા જ્ઞાન અને અધુરી જાણકારીને લીધે ગમે ત્યાં, ગમે તે રીતે ફસાય છે. સમય અને પૈસા બગાડી ડીપ્રેશનમાં આવે છે તેમને ખબર જ નથી કે સાચું માર્ગદર્શન મેળવ્યા પછી જ કારકિર્દી પસંદ કરવી જોઈએ. દેખાદેખી ચાલે નહીં, બધા જ IAS/GPSC/C.A./C.S. તરફ જાય છે. તો આપણે પણ જવું તેમ માને છે. પરંતુ આમ કરવાને બદલે કારકિર્દીના અનેક ક્ષેત્રની જાણકારી મેળવી નવા ક્ષેત્રમાં જવાની જરૂર છે. આ ક્ષેત્ર જાગૃતિ માટે લોકસેવા ટ્રસ્ટે ખૂબ પ્રયત્નો કર્યા છે. આ પ્રયત્નો આજેય ચાલુ છે. અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, સુરત, ભાવનગર જેવા અન્ય શહેરોમાં પણ GPSC/IAS કે અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ કેન્દ્રો ચલાવનારા સંચાલકો પોતે-ખુદ આવા પ્રકારની એકપણ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા નથી અને તેમની ઓવર એજ થતાં થોડું ઘણું ભણ્યા હોય તે અનુભવે પોતાના ટ્યુશન કલાસ ખોલી દે છે અને આપણા યુવાનો 'બાઘા' બની આ ક્ષેત્રનું કોઈ જ્ઞાન નહીં હોવા છતાં આવા વર્ગોમાં જોડાય છે. પરીક્ષા આપે છે, તૈયારી કરે છે, ક્યારેક કોઈ વળી ઉત્તીર્ણ પણ થાય છે. પણ ચીલા ચાલુ કક્ષા જ હોય છે.

ગુજરાતના યુવાનો સૌથી ઓછી સંખ્યામાં જે પરીક્ષા માટે તૈયારી કરે છે કે આ પરીક્ષાઓમાં જોડાતા નથી તે છે. ભારત સરકારની ઉત્તમ કારકિર્દી લક્ષી સ્ટાફ સિલેકશન કમિશનની વિવિધ કેટેગરી માટે લેવાતી પરીક્ષાઓ, જે વર્ષમાં એકાદ-બે વખત આવે છે. તૈયારી પણ IAS કરતા થોડી સરળ છે. અહીં આ સ્પર્ધાત્મક પરીક્ષા અંગે થોડું જાણો, આગળ વધો, પરીક્ષા આપો, તૈયારી કરો અને ભારત સરકારની સન્માનિત સેવાઓમાં જોડાવા માટેનો નિર્ણય કરો...

સ્ટાફ સિલેકશન કમિશન ભારત સરકાર દ્વારા લેવામાં આવતી કસ્ટમ, એકસાઈઝ, CBI, ઈન્કમટેક્ષ, ઓડીટ,

એકાઉન્ટ વિભાગના ઓફિસર તરીકેની પરીક્ષા આપો, આ પરીક્ષાની પેટર્ન નીચે મુજબ છે. અભ્યાસ કરો, તૈયારી કરો અને પરીક્ષા આપો.

ટાયર (૧) પ્રિલીમનરી, ટાયર (૨) મેઈન્સ, ટાયર (૩) ઈન્ટરવ્યુ.

**ટાયર (૧) પ્રિલીમનરી પરીક્ષા :** ૨૦૦ પ્રશ્નોના ઓબ્જેક્ટીવ ટાઈપ પ્રશ્નોનાં પ્રશ્નપત્રો હોય છે. A,B,C અંગ્રેજી અથવા હિન્દીમાં હોય છે. D - અંગ્રેજી વિષય છે.

| પાર્ટ | વિષય | પ્રશ્નો |
|---|---|---|
| A | જનરલ નોલેજ | ૫૦ |
| B | જનરલ ઈન્ટેલીજન્સી એન્ડ રીઝનીંગ | ૫૦ |
| C | ન્યુમેરિકલ એપ્ટિટ્યુડ | ૫૦ |
| D | ઈંગ્લીશ કોમ્પ્રિહેનશન | ૫૦ |
| | **કુલ માર્કસ** | **૨૦૦** |

કુલ ટાઈમ - ૨ કલાક, વય મર્યાદા ૨૦ થી ૨૭ વર્ષ, પરીક્ષા કેન્દ્રો : અમદાવાદ, રાજકોટ, સુરત

ટાયર-૧ ગેટવે છે, પાસ કર્યા પછી મેઈન્સ માટે તક મળે છે. બધા જ પ્રશ્નો હેતુલક્ષી, અંગ્રેજીનું મહત્વ પણ છે. પ્રિલીમનરી ટાયર-૧ અને મેઈન્સ ટાયર-૨ પાસ કર્યા પછી ફિઝીકલ ટેસ્ટ, વોકીંગ, સાયકલીંગ વરેગેર ઉપરાંત સ્કીલ ટેસ્ટ-ડેટા એન્ટ્રી ટેસ્ટ જરૂરી હોય છે.

આ પછી ઈન્ટરવ્યુ આવે છે.

**ગ્રેજ્યુએટ લેવલની મેઈન એકઝામ :** અહીં પણ જે વર્ષે આપે સ્નાતક સ્તરની પ્રિલીમનરી એકઝામ પાસ કરી હોય તે જ વર્ષે આપ સ્નાતક સ્તરની મેઈન એકઝામ આપી શકો તે માટે અલગથી અરજી કરવાની-ફી ભરવાની રહેશે. SSC તરફથી જાણ થાય છે. લેખિત પરીક્ષાનું સ્વરૂપ આ પ્રકારનું રહેશે. તેમાં કુલ પાંચ પ્રશ્નપત્રો રહેશે. પરીક્ષા કેન્દ્ર અમદાવાદ હોય છે.

**પેપર-૧ :** એરિથમેટિક્સ એબિલીટી (હિન્દી અથવા અંગ્રેજીમાં જવાબો આપી શકાશે), કુલ સમય : ૨ કલાક, માર્કસ : ૨૦૦, પ્રશ્નો : ૧૦૦.

**પેપર-૨ :** ઈંગ્લીંશ લેંગ્વેજ એન્ડ કોમ્પ્રિહેસન (અંગ્રેજી), કુલ સમય : ૨ કલાક, માર્કસ : ૨૦૦, પ્રશ્નો : ૨૦૦.

**પેપર-૩ :** કોમર્સ મેથ્સ સ્ટેટિસ્ટિકસ-ઈકોનોમિક્સ (હિન્દી અથવા અંગ્રેજીમાં જવાબો આપી શકાશે), કુલ સમય : ૩ કલાક, માર્કસ : ૨૦૦, પ્રશ્નો : ૨૦૦.

બધા પ્રશ્નો OMR પ્રકારના એટલે કે હેતુલક્ષી હશે. પેપર નં. ૧ અને ૨ બધા જ ઉમેદવારો માટે ફરજિયાત છે. પેપર નં. ૩ ફક્ત ઈન્વેસ્ટિગેટર્સ / કમ્પાઈલર્સ વિકલ્પ પસંદ કરનાર ઉમેદવાર માટે જ હશે.

**ઈન્ટરવ્યુ :** (એ) પર્સનાલિટી ટેસ્ટ ૧૦૦ માર્કસની હશે. (બી) ડિવિઝનલ એકાઉન્ટન્ટ તથા UDC વગેરે માટે ઈન્ટરવ્યુ નથી. **શૈક્ષણિક લાયકાત :** ઈન્વેસ્ટિગેટર્સ/કમ્પાઈલર્સ માટે વાણિજ્ય, આંકડાશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, અર્થશાસ્ત્રની પદવી. અન્ય જગ્યાઓ માટે કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક. **વય મર્યાદા :** ૧૮ થી ૨૭ / ૧૮ થી ૨૬ / ૨૦ થી ૨૭ / ૨૦ થી ૨૫ વર્ષ (નિયમ મુજબ છુટછાટ, જાહેરાત ખાસ જોવી : શારીરિક ક્ષમતા અને તેની PET કસોટી (આ કસોટી ક્વોલિફાયડનેચરની) છે. કોઈ ગુણાંક નિયત નથી. **શારીરિક ક્ષમતા :** ઈન્સપેક્ટર ઓફ સેન્ટ્રલ એકસાઈઝ/પ્રિવેન્ટીવ ઓફીસર (પુરુષ ઉમેદવાર માટે) ઊંચાઈ : ૧૫૭.૫ સેમી., છાતી - ૮૧ સેમી., **ફિઝીકલ ટેસ્ટ :** વોકિંગ-૧૫ મિનિટમાં ૧૬૦૦ મીટર્સ, સાઈકલીંગ-૩૦ મિનિટમાં ૮ કિલોમીટર્સ.

**ઈન્સપેક્ટર ઓફ સેન્ટ્રલ એકસાઈઝ / પ્રિવેન્ટિવ ઓફિસર (મહિલા ઉમેદવાર માટે) :** ઊંચાઈ-૧૫૨ સેમી. વજન - ૪૮ કિગ્રા. ફિઝીકલ ટેસ્ટ : વોકિંગ-૨૦ મિનિટમાં ૧ કિમી., સાઈકલિંગ - ૨૫ મિનીટમાં ૩ કિમી.

આ ફિઝીકલ ટેસ્ટ SSC ની ભલામણ બાદ સેન્ટ્રલ એકસાઈઝ ડિપાર્ટમેન્ટસ/ કસ્ટમ હાઉસ દ્વારા લેવામાં આવશે. આથી ઉમેદવારે આ પોસ્ટ માટેનો વિકલ્પ આપતાં પહેલાં જ પોતે આ ધોરણ જાળવે છે કે કેમ તે સુનિશ્ચિત કરી લેવું જોઈએ.

**સબ ઈન્સ્પેક્ટર ઈન CBI :** ઊંચાઈ (પુરુષ) ૧૬૫ સેમી. (મહિલા) ૧૬૦ સેમી., છાતી - (ફક્ત પુરૂષ ઉમેદવારો માટે ૭૬ સેમી.)

**સબ ઈન્સ્પેક્ટર ઈન દિલ્હી પોલીસ :** મેઈન એકઝામ પાસ કર્યા પછી, પરંતુ પર્સનાલિટી ટેસ્ટ પહેલા ઉમેદવાર આ શારીરિક ક્ષમતા કસોટી (કે કોઈ એક CPC દ્વારા લેવાશે) માંથી પસાર થવાનું રહેશે.

ઊંચાઈ : ૧૭૦ સેમી, છાતી : ૮૧ થી ૮૬ સેમી, વજન - ઊંચાના પ્રમાણમાં જો કે CRPF ના ઉમેદવારો માટે ઊંચાઈ : ૧૫૭ સેમી., વજન - તેના પ્રમાણમાં.

**Skill Test :** ટેક્સ આસિસ્ટન્ટ સેન્ટ્રલ એકસાઈઝ તતા ઈન્કમટેક્ષની જગ્યાઓ માટે થશે. જેના ગુણાંક નથી પણ તે ક્વોલિફાઈડ નેચરનો હોય છે. ૮૦૦૦ શબ્દોની ડેટાએન્ટ્રી સ્પીડ દર કલાકની ટેસ્ટ છે. વધુ વિગતો કમિશન (SSC) આપે છે. આ પદ્ધતિમાં ફેરફાર આવી શકે છે. અરજી પદ્ધતિ online અને offline હોય છે. જે જાહેરાતમાં દર્શાવવામાં આવે છે. વધુ વિગતો માટે www.ssc.nic.in

# સાધુ-સંત-સન્યાસી કે પછી સોનું, સુંદરી અને સત્તા ??

મીતા સોલંકી - ભુજ

પ.પૂ. સંત !? શ્રી આશારામબાપુના સર્વે 'કાંડ'નો ભાંડો ફોડીને ખરેખર પ્રિન્ટમીડિયા તેમજ ઈલેક્ટ્રોનિક મીડિયાએ સાચા અર્થમાં ભારતની પ્રજાને ચેતવ્યા છે. તેમના સમાચારો જોઇને વિચાર આવતો કે આવા પાંખડી, વિલાસી, ધર્માંધ, કામી, ઝનૂની, ઠગ, માટીપગા સાધુ ભોળા અને શ્રદ્ધાળુ લોકોની 'આશા' પર પાણી ફેરવી નાખ્યું છે.

ધનવૈભવ, સત્તા, સુંદરીમાં મદ થઈ ૭૫ વર્ષે પણ 'સખણા' ન બેસનારા આવા સાધુને જોઈ શ્રધ્ધા, ધર્મ, આસ્થાની બાબતમાં નવેસરથી વિચારવા જેવું નથી લાગતું ? શા માટે વ્યક્તિને ભગવાનનો દરજ્જો આપી શ્રદ્ધાને એ વ્યક્તિ પૂરતી સિમીત કરવામાં આવે છે ? ક્યા સુધી આવા ઠગ-બગ ભગતને ભારતની પ્રજા પ્રોત્સાહિત કરતી રહેશે ? વર્ષા સુધી ભ્રમ જાળ ફેલાવતા આવા ઠગભગતના ભોગ ભક્તાણીઓ વધુ બને છે.

વૈભવી આશ્રમો, મંદિરો સંસ્થાનો બનાવી લોકોને પ્રભાવમાં લે છે. કહેવાતા સાધુની 'લીલા'ઓ ચાલતી રહે છે. સાચા સંતોના એક પણ લક્ષણ જેવા કે સાદગી, ક્ષમા કે સાલીનતા જેવા ગુણોને તેઓ ઘોળીને પી ગયા હોય છે.

સાચા સંત સંસાર સાગર પાર કરવામાં મદદરૂપ બને છે લોકો વ્યક્તિપૂજાને, મૂર્તિપૂજાને જ ધર્મ માને છે.

નિયમિત મંદિરે જનાર, ધર્મ-ધ્યાન-આખ્યાન, પૂજાપાઠ, વ્રત-ઉપવાસ વગેરે કરનાર ધાર્મિક વ્યક્તિ પણ જો માનવીયગુણો જેવા કે દયાભાવ, સરળતા, નિખાલસતા ન દાખવી શકતી હોય તો તે ઈશ્વરની સમીપ ક્યારેય ન હોઈ શકે.

આથી ઉલ્ટુ નાસ્તિક દેખાતી વ્યક્તિ ક્યારેક પોતાના સદ્ગુણોને કારણે, માણસાઈના ગુણોને કારણે ઈશ્વરની વધુ સમીપ હોય છે.

ઈશ્વરીય શ્રધ્ધાનું રૂપાંતર વર્તમાનમાં અંધશ્રધ્ધાએ લીધુ છે. દોરા-ધાગા, મેલીવિધા, ચમત્કારો, ક્રિયાકાંડો વગેરે અંધશ્રધ્ધાનું જ રૂપ છે. સમગ્ર બ્રહ્માંડનું સંચાલન ઈશ્વર કુદરત જ કરે છે તે માનવું જ રહ્યું. દરેક ધર્મગ્રંથોનો મૂળભૂત વિચારમાં, ઉપદેશમાં ક્યાંય ભિન્નતા જોવા મળતી નથી.

ધાર્મિક માન્યતાઓ, વહેમ વગેરેને કારણે થતા સંઘર્ષ અને ખેંચતાણ આપણે અજ્ઞાનતા વશ કરેલુ કૃત્ય જ કહી શકાય માટે ધર્મઝનૂની બની ચમત્કારોમાં ન પડવું.

વિવેકાનંદજીના મત મુજબ ધર્માંધ વ્યક્તિ લાગણીહીન અને મૂર્ખ છે. ઈશ્વર સર્વવ્યાપી છે મૂર્તિમાં સ્થિર નથી.

જીવનભર ગરીબી-સાદગીના મૂરત સમાન સાંઈબાબાના મંદિરોનો ઠાઠ જોઈ વિચાર આવે કે શું સાંઈબાબા આવું ઈચ્છતા હતા ? પદ્મનાભ મંદિર, સિદ્ધિ વિનાયક મંદિર, તિરૂપતિ મંદિરમાં અબજો કિલો સોનું સંગ્રહાયેલુ પડ્યું છે. શું ભગવાન સોનાનો ભૂખ્યો છે ? જો આ સમગ્ર સોનુ-ચાંદી, ઝવેરાત મંદીમાં સંપડાયેલા ભારતદેશના અર્થતંત્રમાં વાપરવામાં આવે તો ભારતની આર્થિક વ્યવસ્થા મજબૂત બની જાય !!! આ સંગ્રહાયેલુ સોનુ-ચાંદીને શું કરવાનું ? પ્રભુ પ્રત્યે પોતાની શ્રધ્ધા પ્રગટ કરવાનો દ્રષ્ટિકોણ બદલવાની સમયની માંગ છે.

ભગવત્ ગીતા ગ્રંથ મંઝીલ પર પહોંચવાનો રસ્તો બતાવે છે. પરંતુ આપણી અજ્ઞાનતાને કારણે આપણે આ ગ્રંથની પૂજા પાઠમાં અટવાઇ ગયા છીએ. તેમાં સૂચવેલા ઉપદેશોને આત્મસાત કરવાને બદલે ઉપદેશકોની વ્યક્તિપૂજામાં 'ઊંધે-માથે ઘાલી' દીધું છે.

વૈભવી મંદિરોમાં દર્શનાર્થીઓની લાઇનમાં વી. આઈ. પી. ઓને અથવા પૈસા/પહોંચને આધારે લાઇનમાં ઉભુ રહેવું નથી પડ્યું. તેઓને પૈસો જ પરમેશ્વર છે. દર્શનની જગ્યાએ પ્રદર્શન હોય છે. ભવ્યતાની જગ્યાએ ભપકો, દિવ્યતાની જગ્યાએ દેખાડો હોય છે. ચમત્કાર કરી બાબાઓ પ્રજાને લૂંટે છે.

વિશ્વમાં ખાસ કરીને ભારતમાં ઘણી મંદી પ્રવર્તે છે. પણ એક એવો બિઝનેસ છે જેનામાં ક્યારેય મંદી જોવા નથી મળતી તે છે 'ટેમ્પલ બિઝનેસ' મંદિર બનાવો, આશ્રમો બનાવો સંસ્થાનો સ્થાપો અને જલસા કરો, નો મંદી, નો ટેક્સ, નો ઝીક ઝીક..

એક સાધુને સ્વપ્ન આવે કે મંદિરની જમીનમાં હજારો ટન સોનુ દટાયેલ છે અને તેને માનીને દેશની સરકારના પુરાતત્વ ખાતુ, સમગ્ર સમાચાર માધ્યમ હજારો લોકો સોનું શોધવા નીકળી પડે અને વિશ્વમાં દેશની પ્રતિષ્ઠાના તમાશો બનાવે ત્યારે અંધશ્રદ્ધાથી મસ્તક ઝુકી જાય. નિર્મલબાબા ખુલ્લે આમ ટેલિવીઝન પરથી અંધશ્રદ્ધાનો વેપાર ચલાવે ત્યારે વૈજ્ઞાનિક અભિગમ વગર દેશ કઈ દિશામા ગતિ કરશે તે ચિંતા સ્વાભાવિક રીતે થાય.

ઓશો-રજનીશજી અન્ય સાધુની જેમ પુણ્ય કમાવી આપવામાં નથી માનતા એતો કહે છે માત્ર તમે તમારી જીંદગીને મન આપો અને માન આપો. જીંદગીથી વધારે કશું જ નથી.

વ્યક્તિના ગુણની કદર કરી તેને આત્મસાત કરી જીવનને ઊંચાઇ પર લઈ જઈ શકાય. વ્યક્તિ પૂજાનું મહત્વ ન વધારવું.

# હોમિયોપેથી

ડો. પ્રીતી પોમલ-ભુજ



ડો. પ્રીતી પોમલ

ભુજનાં ડો. પ્રીતી પોમલને વૈકલ્પિક સારવાર પદ્ધતિ વિશે સુંદર માહિતી જ્ઞાતિસેતુ વાંચકો માટે મોકલાવેલ છે.

જ્ઞાતિસેતુ પરિવારમાં ડો. પ્રીતી પોમલનું સ્વાગત અને શુભકામના.

– મુખ્યતંત્રી

વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિ હોમિયોપેથી વિશે વાચકોનું કુતુહલ સંતોષતા પ્રશ્નોના ઉત્તરો નીચે આપ્યા છે.

**હોમિયોપેથી એટલે શું ?**

હોમિયોપેથી એક ચિકિત્સા પદ્ધતિ છે. આજથી બસો વર્ષ પહેલા તેની શોધ થઈ હતી. હોમિયોપેથી સમાનતાના સિદ્ધાંત પર કામ કરતું વિજ્ઞાન છે. મતલબ કે જે પ્રકારની ચિકિત્સા કરવાથી તંદુરસ્ત માનવીના શરીરમાં રોગના લક્ષણ ઉભા થાય એ જ પ્રકારની ચિકિત્સાએ રોગના દર્દીની બિમારી દૂર કરવા માટે થાય છે. ઉદાહરણ તરીકે તંદુરસ્ત માણસ ચા પીએ તો તેની ઊંઘ ઊડી જાય છે. હોમિયોપેથી અનિદ્રાના દર્દીને ઊંઘ આવે એ માટે ચા પીવાની ભલામણ કરે છે.

**હોમિયોપેથીની ઔષધિઓ ક્યા પદાર્થમાંથી તૈયાર કરવામાં આવે છે ?**

હોમિયોપેથીની દવાઓ કુદરતી પદાર્થોમાંથી જ બનાવવામાં આવે છે. વનસ્પતિ, પ્રાણીઓના શરીરમાંથી નીકળતા પદાર્થો (ઉદા. સાપનું ઝેર), ખનીજ અને શાકભાજી જેવા પદાર્થોમાંથી હોમિયોપેથીની ઔષધિઓ તૈયાર થાય છે. દવા તૈયાર કરવાની રીત એવી છે કે જેને કારણે ઔષધિ લાંબા સમય સુધી સાચવી શકાય.

**બીજી ચિકિત્સા પદ્ધતિની સરખામણીમાં હોમિયોપેથીના ફાયદા શા છે ?**

દવા આપતા પહેલા હોમિયોપેથીનું શાસ્ત્ર શરીર સાથે મનની સ્થિતિ પણ તપાસે છે. નિદાન સમયે ફક્ત બિમારીનો જ વિચાર ન કરતા દર્દીનો વિચાર પણ કરવામાં આવે છે. હોમિયોપેથી રોગના લક્ષણો દબાવીને રોગને કામચલાઉ દાબી દેવામાં માનતી નથી. બિમારીને જડમૂળથી દૂર કરવા પર જ ધ્યાન આપવામાં આવે છે. હોમિયોપેથીની સઘળી દવાઓના અખતરા અગાઉ માનવો પર જ થઈ ચૂક્યા છે. જ્યારે અન્ય ચિકિત્સા પદ્ધતિની ઔષધોની ચકાસણી મોટેભાગે જાનવરો પર કરવામાં આવે છે. હોમિયોપેથીમાં ઔષધો ખૂબ જ ઓછી માત્રામાં લેવામાં આવે છે. જેથી કરીને શરીરની સંરક્ષણ પ્રણાલી આળસુ ન થઈ જાય. હોમિયોપેથી દવાઓ સુરક્ષિત છે કારણકે તેની કોઈ આડઅસર થતી નથી.

**શું હોમિયોપેથી સારવાર ખૂબ જ સમય વેડફે છે ?**

સામાન્ય લોકોમાં એવી માન્યતા ઘર કરી ગઈ છે કે હોમિયોપેથી ઔષધ ખૂબ જ સમય બાદ અસર કરે છે. પરંતુ આ માન્યતા ખોટી છે, કારણકે મોટાભાગના દર્દીઓ દર્દ ખૂબ જ જટીલ થયા બાદ હોમિયોપેથીની આસરો લે છે અને આવા જટીલ રોગ દૂર કરવા માટે દેખીતી રીતે જ વધુ વખત લાગવાનો. નિષ્ણાંત દાક્તર જલ્દીથી નિદાન કરી લે તો હોમિયોપેથી વડે ઝડપથી સારવાર કરવી મુશ્કેલ નથી.

**હોમિયોપેથી બધા જ દર્દમાં એક જ્પ્રકારની ગોળ સફેદ ટીકડી આપે છે એ વાત સાચી ?**

હા, સફેદ ટીકડીની વાત સાચી છે પરંતુ તે તો ફક્ત સાકર અથવા લેક્ટોસનું આવરણ માત્ર છે. હકીકતમાં સફેદ ગોળીની અંદર પ્રકાર પ્રકારની ઔષધિઓ કુલ ૧૨૦૦ કરતા વધુ પ્રકારની હોય છે. મોટેભાગે પ્રવાહી ઔષધની આસપાસ સાકરનું આવરણ જોડીને ટીકડી બનાવવામાં આવે છે.

**હોમિયોપેથીની ટીકડી ખૂબ જ નાની હોય છે, આટલી નાની ટીકડી અસરકારક શી રીતે સાબિત થઈ શકે ?**

ગોળીનું કદ અને સારવારનો સમય વચ્ચે કોઈ સંબંધ નથી. હકીકતમાં સારવારની આધાર ટીકડીના કદ પર નહીં પણ ગુણવત્તા પર રહેલો હોય છે.

**ટીકડીને પાણીમાં પલાળીને સિરપ તૈયાર કરીને લેવાથી વધુ ફાયદો થાય છે ?**

દાક્તર પાસેથી સિરપ લેતા લોકોમાં આ જાતની ભ્રમણા સામાન્ય છે. પણ આ વાત સાચી નથી.

**હોમિયોપેથી દવાઓ કેટલી હદ સુધી અસરકાર છે ?**

હોમિયોપેથી દવાની અસરકારતા છેલ્લા ૨૦૦ વર્ષથી જાણીતી છે. દરેક પ્રકારના દર્દીઓમાં તે એકસરખું ઝડપી કામ આપે છે. અલબત્ત સર્જરી કરાવ્યા વિના છુટકો ન હોય એવી બિમારીમાં તેનો ઉપયોગ મર્યાદિત છે. પરંતુ નિષ્ણાંત દાક્તર હોમિયોપેથી દવાઓના ઉપયોગથી કેટલીક સર્જરીથી બચાવી શકે છે.

**આ દવાઓનો કેટલા સમય સુધી ઉપયોગ કરી શકાય ?**

૪૦-૫૦ વર્ષ જુની ઔષધોનું ધાર્યું કામ આપ્યું હોવાના કિસ્સા નવા નથી. પરંતુ હોમિયોપેથી દવાઓને સાચવી રાખવાની પણ એક પદ્ધતિ છે. હવા ચુસ્ત બાટલીમાં જ ટીકડી રાખવી જોઈએ. વળી તેના પર સૂર્યપ્રકાશ પડવો જોઈએ નહી. રસોડાના ગરમ વાતાવરણમાં પણ તે રખાય નહિ. પર્ફ્યુમ કે પાવડરની બોટલ નજીક દવા સંઘરવી નહીં.

**ઔષધો ગ્રહણ કરવાથી આદર્શ પદ્ધતિ કઈ છે ?**

દવા ખાતા પહેલા મોઢું બરાબર સાફ કરવું જોઈએ. ધુમ્રપાન કર્યા બાદ તુરંત દવા લેવી નહિ. દવા ખાધા પહેલા અને પછી ૧૫ મિનિટ સુધી કશું ખાવું-પીવું નહિ. પ્રવાહી દવા સ્ટેઈનલેસ સ્ટીલની ચમચીમાં ભરીને જ લેવી અને ટીકડી લેવા માટે સ્વચ્છ કાગળના ટુકડાનો પ્રયોગ કરવો. હથેળીમાં રાખીને દવા લેવી નહિ. ટીકડી જીભની ઉપર ન રાખતા જીભની નીચે

લેવી. ટીકડીને ચાવવી અથવા ગળવી નહિ. તેની જાતે જ ઓગળી જવા દેવી જોઈએ.

**૧૫ મિનીટનો અંતરાય શા માટે ?**

કારણકે કશો ખોરાક કે પ્રવાહી લેવાથી દવાની અસર નાબુદ થવાની અથવા આડઅસર થવાની શક્યતા છે.

**દાક્તરની સલાહ કરતા વધુ અથવા ઓછી દવા લઈએ તો ?**

એલોપથિક દવાઓની જેમ હોમિયોપેથીમાં વધુ માત્રામાં દવા લેવાથી નુકશાન થતું નથી. પરંતુ તેનાથી કોઈપણ ફાયદો પણ નથી થતો. ઘણી વખત બાળકો આખી બાટલી ગટગટાવી જાય છે. આ સમયે ચિંતા કરવી નહીં. કેટલાક દાક્તરો આવા કિસ્સામાં બાળકોને કોફી આપવાની ભલામણ કરે છે.

**શું બાળકો માટે હોમિયોપેથી દવા સલામત છે ખરી ?**

હા, હોમિયોપેથી દવાઓ કુદરતી પદાર્થમાંથી બનાવવામાં આવે છે અને આડઅસરથી મુક્ત હોવાને કારણે બાળકો માટે સલામત છે.

**એલોપથીક દવાઓ સાથે હોમિયોપેથી દવાઓ લેવાનો અખતરો કરી શકાય ?**

હા, દર્દીએ એલોપથિક દવાઓ લેવાની શરૂઆત અગાઉથી જ કરી દીધી હોય અને એ કોર્સ અધવચ્ચે છોડવાની દાક્તર ના પાડે તો તેની સાથે હોમિયોપેથી દવાઓ લઈ શકાય. અલબત્ત ધીરે ધીરે એલાપથિક દવાઓનો ડોઝ ઓછો કરતા જઈને સદંતર બંધ કરી દેવી. ના, બંને દવાઓ લેવાની શરૂઆત એક સાથે કરવામાં આવે તો કઈ દવાથી સારું થયું છે, અને ખબર પડતી નથી.

**સાકરનું આવરણ ધરાવતી દવા ડાયાબિટીસના પેશન્ટો લઈ શકે ?**

હા, કારણકે આવી ટીકડીઓમાં સાકરનું પ્રમાણ ખૂબ જ અલ્પ હોય છે. ડાયાબિટીસ પેશન્ટો માટે પ્રવાહી દવા પણ આપવામાં આવે છે.

**શું કટોકટીની પળે હોમિયોપેથીક દવાનો ઉપયોગ થઈ શકે ખરો ?**

ચોક્કસ થઈ શકે. હોમિયોપેથી પાસે અકસ્માત, ઈજા, દાઝવું, રક્ત વહેવું, જ્ઞાનતંતુઓમાં ઈજા, ખોરાકી ઝેર, અતિસાર, ઊલ્ટી વગેરે જેવી કટોકટીની પળોમાં ઉપયોગી સાબિત થઈ શકે એવી અનેક ઔષધ છે.

### સમાજ

ભણ્યા તમે ગણ્યા તમે એ સમાજનો પ્રતાપ છે,
પણ માણસાઈ શીખ્યા તમે એ સમાજનો ઉપકાર છે.
લખલુટ સંપત્તિ છો મળી એ કુદરતનો પ્રતાપ છે,
સદ્ઉપયોગ કરવા સંપત્તિનું ખરું ઠેકાણું સમાજ છે.
નાનો મોટો હોદ્દો મળ્યો કચેરીએ માન-સન્માન છે,
યથાશક્તિ સેવા કરો હકદાર પ્રથમ સમાજે છે.
આંતર જ્ઞાતિય લગ્નોની ડાહી ડાહી વાતો કરાય છે,
પણ દીકરા-દીકરી પરણાવવા સૌને પહેલી જરૂરત સમાજ છે.
પક્ષો, કલબો, સંપ્રદાયો સૌ નવતર પ્રકારના સમાજ છે,
નાનાને મોટાઈ પામવાનું એક માત્ર ઠેકાણું સમાજ છે.
આંખની શરમ નડે ખોટું કરતા સૌ ગભરાય છે,
સૌ-સૌની આમાન્યામાં રહે એનું ખરું કારણ સમાજ છે.
દુનિયા આખી ખુંદી વળો પણ ઘર ખરો વિશ્રામ છે,
લાખો સંબંધે હો ભલે પણ સમાજ એ તો સમાજ છે.

**— સોની વિધી લક્ષ્મીદાસભાઈ - ધો.૧૧ (સાયન્સ)**

**અમદાવાદ**

**શિક્ષણ**

## યુવા પ્રતિભાઓ



**પૂજા કિરણકુમાર સોની**
**BA-LLB-SP-58%**



**ઐશ્વર્યા યોગેશભાઈ પોમલ**
**SSC-88.20%**




**લીપ્સા રમણીકલાલ સોની**
**BPH SEM-4 SPI-8.43**



**સ્મીત ભરતભાઈ ચૌહાણ**
**B.E. CIVIL, ME in Structure Eng.**

# યોગ શિક્ષણ

દિલીપ ધોળકિયા




યોગાચાર્યશ્રી દિલીપભાઈ ધોળકિયા યોગક્ષેત્રમાં સમગ્ર ગુજરાત અને બહાર ખૂબ પ્રતિષ્ઠા ધરાવે છે. તેઓ સૌરાષ્ટ્રમાં આવેલ સાયલાના વતની છે અને તેઓ કંસારા જ્ઞાતિના છે. જે સમગ્ર કંસારા જ્ઞાતિ માટે ગૌરવપદ છે. હવેથી જ્ઞાતિસેતુના દરેક અંકમાં શ્રી દિલીપભાઈ ધોળકિયા તરફથી યોગ વિશે મહત્વની માહિતી મળતી રહેશે. જ્ઞાતિસેતુ પરિવારમાં તેમનું સ્વાગત છે.

**– અતુલ સોની**

યોગાચાર્ય દિલીપભાઈ ધોળકીયાનો જન્મ અને શિક્ષણ સાયલા (સૌરાષ્ટ્ર) મુકામે થયેલ છે. છેલ્લા ઘણા વર્ષોથી અમદાવાદ (થલતેજ) છેલ્લા ઘણા વર્ષોથી યોગનો નિરંતર અભ્યાસ કરી જ્ઞાનનો અનુભવ કર્યો. વસંત નેચર ક્યોર હોસ્પિટલની યોગશિબિરોનું સફળ સંચાલન કર્યું. આદર્શ અમદાવાદ (નવરંગપુરા-અમદાવાદ) સંસ્થામાં યોગ નિયામક તરીકે બે વર્ષ માનદ્ સેવા આપી સંસ્થામાં યોગ ટીચર્સ ટ્રેનીંગનો અભ્યાસક્રમ તૈયાર કરી અભ્યાસક્રમનું પુસ્તક લખી (૭૫) સર્ટીફાઈડ યોગશિક્ષકો તૈયાર કર્યા. યોગજીવન સંસ્થામાં યોગાચાર્ય તરીકે જ ફરજ બજાવી. આઈ.જે. વિદ્યાવિહાર ટ્રસ્ટમાં (ઈશ્વરભુવન-નવરંગપુરા-અમદાવાદ) બેંગ્લોરની યોગ યુનિવર્સિટી (SVYASA) ના એફિલીયેશન સાથે અને (SVYASA) ના સર્ટીફીકેટ સાથેના યોગ ફાઉન્ડેશન કોર્સ (Y.F.C.) ના યોગાચાર્ય તરીકે કામ કરી કુલ આશરે ૨૫૦ જેટલા સર્ટીફાઈડ યોગશિક્ષકો તૈયાર કર્યા. SVYASA ના સ્ટોપ ડાયાબિટીસ પ્રોજેક્ટના ગુજરાત ખાતેના સૌ પ્રથમ આઈ. જે. થેરાપેટીક યોગ સેન્ટર (ઈશ્વર ભુવન) માં ચાલતા ડાયાબીટીસ નિયંત્રણ શિબીરમાં મુખ્ય ફેકલ્ટી (યોગાચાર્ય) તરીકે સેવા આપી. Ex. કોઓર્ડિનેટર ‘યૌગિક સાયન્સ ડિપાર્ટમેન્ટ’ ગુજરાત યુનિર્વસીટી, અમદાવાદ. અમદાવાદ અને બહાર અનેક નામાંકિત સંસ્થાઓમાં, કોર્પોરેટ સેક્ટરમાં યોગશિબિરનું સફળ સંચાલન. યોગના પ્રચાર, પ્રસાર અર્થે વિદેશમાં પણ યોગશિબિરનું સફળ સંચાલન. અનેક લોકોના અને પ્રકારના અસાધ્ય રોગો યોગ દ્વારા નિયંત્રીત / દૂર કર્યા છે અને કરી રહ્યા છે. ગુજરાતી ભાષામાં લેખક + પ્રકાશક તરીકે યોગ ચેતના પુસ્તક લખ્યું જે પુસ્તક ગુજરાતી ભાષામાં આ પ્રકારનું પ્રથમ, ઉત્તમ અને ઉચ્ચ પ્રકાશન છે. આ પુસ્તક ગુજરાત સરકાર દ્વારા ગુજરાત સરકારની બધી સ્કુલોમાં રાખેલ છે.

હાલમાં સ્પોર્ટ્સ ક્લબ અમદાવાદ ખાતે યોગના બે ક્લાસ સવારે ૭.૩૦ થી ૮.૩૦ અને ૮.૪૫ થી ૯.૪૫ ના રોજ ચાલે છે અને યોગ અને બેલેન્સ થેરાપીથી લગભગ બધા જ રોગો દૂર કરે છે.

શ્રી દિલીપભાઈ ધોળકિયા જણાવે છે કે હું કંસારા જ્ઞાતિનો છું. મારું યોગ વિષયના જ્ઞાન અને અનુભવ આપણી સમસ્ત જ્ઞાતિના પરિવારો સાથે share કરવાનો મને આનંદ છે.

**નાસ્તિ સાંખ્ય સમ જ્ઞાનમ્**


**નાસ્તિ યોગ સમ બલમ્**

**અર્થ :** સાંખ્ય સમાન કોઈ જ્ઞાન નથી યોગ સમાન કોઈ બળ નથી.

આજે આખા વિશ્વમાં ‘યોગ’નું મહત્વ સમજાતું જાય છે. દિવસે દિવસે યોગનો પ્રચાર અને પ્રસાર વધતો જાય છે. વૈજ્ઞાનિક પદ્ધતિથી તેનું પરિક્ષણ કરતા જણાયું છે કે મનુષ્યના જીવનની પ્રગતિ, પ્રસન્નતા અને સ્વાસ્થ્ય મળવાની ક્ષમતા ‘યોગ’ માંથી મળે છે. અત્યારનું જીવન અનેક પ્રકારની સ્પર્ધા, પ્રતિસ્પર્ધા, સંઘર્ષો અને માનસિક તાણને કારણે મોટા ભાગના લોકો અલગ અલગ બિમારીઓમાંથી પસાર થઈ રહ્યા છે. સંપૂર્ણ સ્વસ્થ વ્યક્તિ શોધવો ઘાસની ગંજીમાંતી સોયને શોધવા જેટલું મુશ્કેલ છે. આ સંદર્ભમાં અને આ સમયે યોગનું પ્રદાન માનવ જાતિને એક મોટા આશીર્વાદરૂપ બની શકે છે. આપણા અહોભાગ્ય છે કે યોગવિદ્યાનો જન્મ ભારતમાં થયો છે અને છતા દુઃખ સાથે કહેવું પડે કે આપણી કમનસીબી પણ ખરી કે આપણા કરતા વધારે લાભ વિદેશના લોકો લઈ રહ્યા છે. બીજા લાભ લે તેનો કોઈ જ વાંધો ના હોઈ શકે પણ આપણે લાભ નથી લેતા તેનો વાંધો જરૂર હોઈ શકે.

‘યોગ’ એટલે સત્યની પ્રાપ્તિ માટેની સાધન પદ્ધતિ. યોગ એટલે અધ્યાત્મનું વિજ્ઞાન. યોગ એટલે જીવનીય શક્તિને જગાડવાની કળા. યોગ એટલે આત્માની શક્તિઓને જગાડવાની કળા. આપણા શરીરની અને આપણા મનની શક્તિ સંકલ્પનીય છે. અસિમીત છે આ શક્તિ અસ્તવ્યસ્ત થવાથી અનેક પ્રકારની બિમારીઓ આવે. શરીર અને મનની અસ્તવ્યસ્ત શક્તિને એકત્ર કરવાની કળા એટલે ‘યોગ’.

યોગાચાર્ય અને બેલેન્સ થેરાપીસ્ટ - દિલીપ ધોળકીયા
(મો) ૯૮૯૮૨૮૭૬૨૭ www.yogacharyadilip.com.



# શબ્દ બાગ-શુભારંભ

**સંપાદક - લતા સોલંકી-ભુજ**

મહિલા મંડળ ભુજના અધ્યક્ષ શ્રીમતી લત્તાબેન સોલંકીની ઈચ્છા હતી કે જ્ઞાતિસેતુમાં બાળકોને રસ પડે તેવી વિશેષ સામગ્રી પ્રત્યેક અંકમાં પ્રકાશિત થાય. બાળકો અને વિશેષત એમના વડિલોને ખાસ જણાવવાનું કે લતાબેન જાતેજ આ વિભાગ સંભાળશે અને દરેક અંકમાં થોડું થોડું બાળકોને મનોરંજન સાથે જ્ઞાન મળે તેવું સાહિત્ય પ્રસ્તુત કરશે. લત્તાબેન આ વિભાગ દ્વારા બાળકોની વાંચન પ્રત્યે અભિરૂચિ કેળવવા ઉપરાંત એમનામાં અભિવ્યક્તિની ક્ષમતાનો પણ વિકાસ થાય તેવા પ્રયાસો કરશે. એટલેકે એકાદ બે અંકો પછી બાળકોની તેની કાલી-ઘેલી ભાષામાં કલ્પનાને છૂટો દોર આપશે. એમને લખવા માટે પ્રેરણા આપશે. આગામી એકાદ-બે અંક પછી વેકેશન દરમ્યાન બાળકો માટે વિવિધ અને આકર્ષક યોજનાઓ લતાબેન વિચારી રહ્યા છે. જ્ઞાતિસેતુ એમના આ અભિગમને સગર્વ અને સહર્ષ આવકારે છે. આશા છે, સૌ પ્રથમ વાચકો એટલે કે બાળકોના વડિલો આ શ્રેણીને આવકારશે. એમના સંતાનોને સેતુ 'શબ્દબાગ'ની સફર કરાવશે અને આ શબ્દબાગના રંગબેરંગી અને ખુશ્બુદાર ફૂલોનો આ સ્વાદ જરૂરથી કરાવશે. - **મુખ્યમંત્રી**

આ અંકથી બાળકો માટે વિશેષ શ્રેણી 'શબ્દ બાગ' શરૂ થાય છે. તો ચાલો, 'ઓ માઈ ફ્રેન્ડ ગણેશા' વિશે બે મીઠી વાતો કરીએ ગણેશજી દરેક કાર્યના પ્રથમ સ્મરાય છે અને પૂજાય છે. એમના માતા-પાર્વતીજી અને પિતા-મહાદેવજી છે. આ તો તમે જાણતા જ હશો. એ સિવાય પણ તમને એમના વિશે ઘણી માહિતી હશે. મમ્મી સાથે એ બધી માહિતી શેયર કરજો. અને પછી કહેજો કેટલી મજા પડી !

બાળ દોસ્તો, આ અંક મળશે ત્યારે શાંતા કલોઝે તો આપને ગિફ્ટ આપી જ હશે અને હવે આવી રહ્યો છે. આપ સર્વેનો કેવળ આપ બાળકોનો જ નહી પરંતુ મોટેરા સર્વેનો માનીતો તહેવાર 'મકરસંક્રાંતિ'.

૧૪મી જાન્યુઆરીના દિવસે ઉત્તરાયણનો તહેવાર ઉજવાય છે. ઉત્તરાયણમાં સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે. ઉત્તરાયણના નાના મોટા સર્વે પતંગોસ્તવ ઉજવે છે. રંગબેરંગી પતંગોથી આકાશ પતંગિયા જેવું ભાસે છે. જાણે આકાશમાં કોઈએ રંગોળી પૂરી હોય ! પતંગ દોરી અને ફીરકીની બોલબાલા હોય છે. 'કાયપો છે.. કાયપો છે..' ના પોકારો સંભળાય 'પેચ છે, આંટી માર, ઢીલ છે.' એવા અવાજોથી વાતાવરણ ગુંજે છે. શેરડી, ચીકી, તલના લાડુની ઉજાણી ચાલતી રહે છે અને બાળકો માટે આનંદ આનંદને બસ આનંદની ક્ષણો સર્જાય છે.

મંદિરમાં તલ, ગોળ, ગાજર, રીંગણા, અનાજ, ચીકી, તલના લાડુના દાન અપાય છે. ગાયને ચારો, કૂતરાને રોટલા, પંખીને ચણ અપાય છે. દાન પુણ્ય કરાય છે.

આમ, ઉત્તરાણ ખૂબ આનંદમય લાગે છે. પણ હા, બાળકો ખાસ ધ્યાન રાખજો ભૂલથી પણ વીજળીના તારમાં અટકાયેલ પતંગ કાઢશો નહી. અગાસીમાં પતંગ ઉડાડતી વખતે ખૂબ સાવધાન રહેજો. પંખીઓનું પણ ખૂબ ધ્યાન રાખજો. એની પાંખો ન કપાય... આવો, તો આપ સૌને 'હેપી ઉત્તરાયણ'

હવે તમને એક નાની વાત સંભળાવું.... રિશેષમાં કેટલાક બાળકો મકરસંક્રાતિની વાતો કરતા હતા. પાંચ દિવસ પછી ઉત્તરાયણ એટલે કે મકરસંક્રાંતિનો તહેવાર હતો. એટલે બાળકો આતુરતાથી તેની રાહ જોઈ રહ્યા હતા. કોણ કેટલા પતંગ લેશે કેવો માંજો લેશે અને કેવા કેવા આકાર અને રંગના પતંગો બજારમાં બન્યા છે એની ચર્ચાઓ ચાલતી હતી.

મીતાશું કહે, આ વખતે હું પચાસ પતંગ અને હજાર વારની દોરીની ફિરકી લઈશ.

શ્રેયાંસ કહે, અમે બંને ભાઈ બહેન નાનાથી મોટા જુદા જુદા પતંગો લઈ મારા કાકાને ઘેર જઈશું, તેમની અગાસી ખૂબ મોટી છે. પતંગ ચગાવવાની મજા પડશે.

કાર્તિક કહે મારે તો એકલાએ જ પતંગ ચગાવવી પડે છે. મારી અગાસીમાં કોઈ આવે તો મજા પડે.

ગીતિકા કહે હું પતંગ ચગાવીશ અને મમ્મી ફીરકી પકડશે મારા દાદીમાએ તલના લાડુ બનાવ્યા છે મારે એ તલના લાડુમાં પૈસા છુપાવ્યા છે મારા દાદી એને ગુપ્ત દાન કહે છે. એ લાડુ બધા બાળકોને વહેંચશે.

શ્રેયા કહે મને તો પતંગ ચગાવતા જ નથી આવડતું ! બધા હસી પડ્યા.

શ્રેયા કહે પણ હું ફીરકી પકડીશ, કપાયેલા પતંગ ભેગા કરીશ અને મારા ફ્રેન્ડને આપીશ.

બધા વાતો કરતા'તા પણ માનવ ગુમસુમ બધાની વાતો સાંભળતો હતો. કેમકે એના પપ્પા એક્સીડન્ટ થવાથી પથારીવશ હતા. મમ્મીને નોકરીની ટ્રેનીંગમાં જવાનું હોતાં તેને પોતાનું બધુ કામ જાતે કરવું પડતું. દવા અને ઘરખર્ચ પછી કશું બચતું ન'તું. પતંગ દોરા ખૂબ મોંઘા હતા. એની આંખમાં આંસુ આવી ગયા.

માનવે ડુસકાં ભરતા કહ્યું, ''મારા પપ્પા સાજા થઈ જાય ભલે પતંગ ન લેવાય.''

મિતાશું અને શ્રેયાએ માનવ પાસે જઈ તેના આંસુ લુછ્યા અને આશ્વાસન આપ્યું કહ્યું અમે બધા તારા પપ્પા માટે પ્રાર્થના કરીશું. તું અમારી સાથે પતંગ ચગાવજે. જો આવી શકે તો

તું અમારી પાસે આવજે.

ચાર દિવસો ક્યાં પસાર થઈ ગયા ખબર ન પડી. ઉત્તરાયણ આવી પહોંચી. માનવ તેના આંગણામાં ઉદાસ બેઠો હતો. આકાશમાંથી એક કપાયેલ પતંગ તેના આંગણામાં આવ્યો. તેમાં લખ્યું હતું 'હેપી મકરસંક્રાતિ'

માનવ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. એટલામાં ડોર બેલ વાગી એણે આંસું લુછી દરવાજો ખોલ્યો. સામે મિતાસું, શ્રેયાંસ, શ્રેયા, મિલન, મિતીકા બધા મિત્રો તેને ભેટી પડ્યા. ચાલ માનવ આપણે બધા એક સાથે જ ઉત્તરાયણ મનાવીશું. જો કેટલા બધા પતંગ ફીરકી દોરા છે. તલ લાડુ, બોર, ચીકી પણ છે. માનવ બધાને ભેટી બોલ્યો 'હેપી મકરસંક્રાંતિ'.

બારીમાંથી જોતા એના પપ્પાની આંખોમાં ખુશીના આંસુ છલકાયા.

**બાળકો શબ્દબાગનું ટાઈટલ તમને ગમ્યું હશે. તો ચાલો આ ટાઈટલને શણગારવાનું સુંદર રીતે સેતુમાં આપવાનું રજુ કરવાનું પણ આપને ગમશે જ. તો ચાલો, શબ્દબાગના અક્ષરોને શણગારો અને જ્ઞાતિસેતુ વહેલી તકે મોકલી આપો**.

'શબ્દબાગ' શણગાર સ્પર્ધામાં બાળકો તમે ભાગ લેવા આતુર છો ને ? તો શણગારો 'શબ્દબાગ' ને પ્રથમ વિજેતાનું શણગાર જ્ઞાતિસેતુના શબ્દબાગના ટાઈટલમાં લેવામાં આવશે. તેમને પુરસ્કાર આપવામાં આવશે. અન્ય બાળકોના શણગારેલા ટાઈટલને જ્ઞાતિસેતુના શબ્દબાગમાં પ્રકાશિત કરવામાં આવશે. તો થઈ જાવ તૈયાર.. અને હા.. ટાઈટલને શણગારી મોકલો તો કવર ઉપર 'શબ્દબાગ' અચૂક લખશો. તમારું પુરુ નામ સરનામું પણ લખશો. શબ્દ બાગ માટે તમે પણ જોડકણાં, બાળગીત, વાર્તા, જોક્સ, પઝલ, ગેમ્સ, અન્ય ઉપયોગી માહિતી પણ મોકલશો આ તમારી જ કોલમ છે તમારા માટે જ છે.

આપની કૃતિ જ્ઞાતિ સેતુના અમદાવાદના સરનામે અથવા ભુજમાં નીચે દર્શાવેલ સરનામે મોકલી આપશો.

**લત્તા આઈ. સોલંકી, અંજારીયા ફળિયા, કંસારા બજાર, ભુજ.**

## MATRIMIONAL BIODATA



**NAME: KETAN ANANT PARMAR**

**Date of Birth** 27/10/1983. **TIME:** 2.36 PM. **PLACE:** BHUJ ( KUTCH)

**HIGHT:** 5.7" **WEIGHT :** 64 kg

**CONTACT DETAILS:** (M) +91-9879527799, +91-9978986771 (INDIA)

**E mail :** ketan shaadi@ yahoo.com

**Education:** Master of computer Science (Network Systems) from Swinburne University of technology Melbourne Australia.

**STATUS:** Permanent resident of Australia

**Occupation:** NEC Australia as IT Network Engineer (working for Australian Government)

**Family details :**

**FATHER'S NAME :** Anant Mohanlal Parmar

**OCCUPATION:** Government Service (retired)

**MOTHER'S NAME :** Mala Anant Parmar

**OCCUPATION:** House Wife

**SISTER'S NAME:** Pooja Anant Parmar

**OCCUPATION:** Working for NMCE compliance officer (Job-Ahmedabad)

**SISTER'S EDUCATION:** B.COM, C.S Running.

**ADDRESS :** 9, Dharnath Appartments, Vadnagara Patidar society, Rambag, Maninagar, Ahmedabad-380008.

# તમારા સિવાય તમને કોઈ સુખી કરી શકે નહીં

રશ્મીનભાઈ જે. સોની-તલોદ

બસ પલળવું એજ આશય હોય છે.
કોઈ પણ આંખો જળાશય હોય છે.
માત્ર શ્રદ્ધા પર બધો આધાર હોય છે.
ક્યાં બધા પથ્થર શિવાલય હોય છે.

બધા લોકોને સુખી થવું છે પણ સુખી કેમ થવું, એ બહુ ઓછા લોકોને ખબર હોય છે. આપણે બધા જ આપણા સુખની ચાવી કોઈના હાથમાં આપીને ફરીએ છીએ. કોઈ ફસાવે તો હસીએ અને કોઈ ફસાવે તો ફસાઈએ કોઈ જરાક છંછેડે અને આપણો પારો સીધો સાતમા આસમાને પહોંચી જાય કંઈ થાય એટલે આપણે એવું કહીએ છીએ કે તેણે તો મારો મુડ બગાડી નાખ્યો કોણે ? આપણે જ તો વળી, આપણા મુડ માટે કોઈને દોષ દેવાની સારી ફાવટ આપણને હોય છે.

સુખ અને દુઃખની વાત ચાલતી હતી ત્યારે એક સોફ્ટવેર એન્જીનીયરે સરસ વાત કહી તેણે કહ્યું કે મારા જીવનમાં કોઈ ઘટના બને એટલે તેને હું સીધી જ કોમ્પ્યુટર સીસ્ટમ સાથે જોડીને વિચારું છું. કોમ્પ્યુટર ઉપર તમે કંઈ કામ કરો અને તે પ્રોગ્રામ સીધો બંધ કરો ત્યારે કોમ્પ્યુટર સવાલ કરે છે કે ડુ યુ વોન્ટ ટુ સેવ ચેન્જીસ ? આપણે યસ કહીએ તો જ તે સેવ થાય છે. તમે જીંદગીની કેટલીક ઘટના પછી તમારા દિલને પુછો છો કે - ડુ યુ વોન્ટ યુ સેવ ? જે સેવ કરવા જેવી ન લાગે તેને જવા દો તો જીંદગીનું અડખું સુખ આપો આપ મળી જશે. આપણે તો બધું સંઘળવાની આદત પડી ગઈ છે. કમ્પ્યુટરમાં એક જ ફરક છે ત્યાં પ્રોગ્રામ રન કરવા માટે સોફ્ટવેર છે. અને તેને સંઘરવા માટે હાડ ડીસ્ક છે. સોફ્ટ અને હાડ વચ્ચેનો સંબંધ વિચિત્ર છે. જીંદગીમાં હાડ અને હાઈડ ન કરો તો સોફ્ટ ડિસ્ટબ થઈ જાય છે.

સુખ થવાનું કોઈ શાસ્ત્ર નથી. સુખ ના કોઈ સિદ્ધાંત કે થીયરી નથી. સુખ તો માણસે પોતે જ પેદા કરવાનું હોય છે. અલબત્ત આપણે સુખ ને બદલે દુઃખ જ પેદા કરતા રહીએ છીએ. સુખ માટે આપણે અઢળક સાધનો વસાવીએ છીએ. મજાની વાત એ છે કે સુખના સાધનો વધતા જ જાય છે. અને સુખ ઘટતું જ જાય છે તમે માર્ક કરજો મજા માટે તમારી પાસે કેટલા સાધનો છે. ખુલ્લી હવામાં ફરવાનું મન થાય તો કાર કે બાઈક છે. વરસાદનો અહેસાસ માણવાનું મન થાય તો સાવર છે. એરકન્ડીશન ઠંડીની ગરજ સારે છે ફ્રીજ જોઈએ ત્યારે ચીલ્ડ કોલ્ડીક્સ હાજર કરી દે છે. મ્યુઝીક તો હવે મોબાઈલમાં છે. ગેમ રમવા માટે પ્લે સ્ટેશન છે. ટી.વી. છે મુવી છે ફન માટે બધું છે પણ ફન માટે મન છે ?

આપણા દિલમાં હળવાશ ન હોય તો કોઈ વસ્તુ કે વ્યક્તિ આપણને સુખ આપી શકતી નથી. આપણે મજામાં ન હોઈએ ત્યારે કોઈ આપણા માથે પ્રેમથી હાથ ફેરવે તો પણ આપણે ચીડાઈ જઈએ છીએ. રહેવા દે ને તો મને મજા નથી આવતી અને માથેથી તુ અડાઅડ કરે છે ! સુખ માટે આપણે આખો દિવસ દોડાદોડ કરીએ છીએ અને રાત્રે શાંતિથી સૂઈ પણ શકતા નથી.

ઘણા લોકો એવી સલાહ આપતા ફરે છે કે ન ગમે એવું ન કરવુ. સાંભળવામાં વાત સારી લાગે પણ આપણે એવું કરી શકતા નથી. ન ગમે તેવું પણ કરવું પડતું હોય છે. જિંદગીના દરેક પરિબળો ચેલેન્જ કરતા રહે છે અને આ બધા વચ્ચે આપણે સુખી અને ખુશ રહેવાનું હોય છે. તમે દુઃખને જેટલું ટાળી શકશો એટલા જ સુખી થઈ શકશો. ઉદાસીને જેટલી દૂર રાખશો એટલી ખુશી નજીક રહેશે. મોટે ભાગે તો આપણે નકામી ચિંતાઓ કરીને જ દુઃખી થતાં હોઈએ છીએ.

મોટાભાગના લોકો કોઈને કોઈ આભાસી ડરમાં જીવે છે. મને સફળતા નહી મળે તો ? મને નોકરીમાંથી કાઢી મુકશે તો ? મારી સાથે કોઈ દગો કરશે તો ? હું જેને પ્રેમ કરું છું તે મને પ્રેમ કરવાનું બંધ કરી દેશે તો ? જે થયું નથી તેને ભય રાખીને આપણે દુઃખી થતા રહીએ છીએ. નબળા વિચારો જ માણસને વધુ ને વધુ નબળો બનાવતો રહે છે.

હમણાં જ થયેલો અભ્યાસ એવું કહે છે કે જે વ્યક્તિ પોતે એવું માને છે કે હું સુખી છું એ ખરેખર સુખની વધુ નજીક હોય છે. મોટેભાગે તો માણસ દુઃખી સમજવાનું જ પસંદ કરતો હોય છે. દુઃખ માટે એ કારણ શોધતો ફરે છે. આવા લોકોને આખી દુનિયા સુખી લાગે છે અને પોતે દુઃખી હોય એવું જ અનુભવે છે. આપણે એવી જ ફરીયાદ કરતા રહીએ છીએ કે ક્યાંક મજા જ નથી આવતી, પગાર કે આવકમાં પુરુ થતું નથી, આખો દિવસ દોડધામ કરીએ તો પણ કામ પુરા થતા નથી. દરરોજ ઊઠીને એકનું એક કામ કરવાનું, તમે વિચારજો તમને આવો વિચાર આવે છે કે નહીં ? આવતા હોય તો એટલું વિચારજો કે દુઃખી થવાથી આ પરિસ્થિતી બદલાઈ જવાની છે.

યાદ રાખો, તમે જેવું વિચારશો એવું જ થવાનું છે સારું વિચારશો તો સારું અને બુરુ વિચારશો તો બુરુ. તમને કોઈ વિચાર જેટલી વખત આવશે એ એટલું ઝડપી થશે. ચમત્કારો માત્ર વિચારવાનું શક્તિથી જ થાય છે. તમારા વિચારોને નબળા ન પડવા દો. તમે જે વાતથી દુઃખી થતા હોય તો તેના વિશે એટલો જ વિચાર કરો કે ખરેખર આ વાત આટલી બધી દુઃખી થવા જેટલી છે ખરી ?

સુખી થવાના બહાના શોધો દુઃખ કદાચ નકલી હોતું નથી. જેને સુખી થવું હોય છે અને કોઈ દુઃખી કરી શકતું નથી. જીંદગી ઉપર એટલી શ્રદ્ધા પણ રાખવી જોઈએ કે સારું થવાનું છે. જે વાત સતાવતી હોય, જે ઘટનાના સૌથી વધુ પીડા આપતી હોય, તેનાથી ખૂબ જ ભય લાગતો હોય તેને જેટલી બને એટલી ઝડપથી છોડી દો. તમારા દુઃખી થવાથી દુનિયાને કોઈ ફરક પડવાનો

**અનુસંધાન પાના નં. ૩૩ પર ....**

## Youth Creative Community (YCC)



When I go back to my childhood, I remember I (Bansi Jayant Budhbhatti) and my sister (Nikita Jayant Budhbhatti) were only 6 years old and we had started performing dance and also gave other performances every year in Shri Kutchhi Maru Kansara Soni- Gnyati (Mumbai) Sneh Milan which was and is till date held every year after Diwali. And from then through our performances, cultural programme started in Mumbai Gnyati. Because of my mother's motivation and hard work I and my sister continued to give programme in Mumbai Gnyati for 12 long years. Then we also had to take a break for 5 years as we both were doing engineering and we wanted a good high degree and we were successful in that too and today we are successful engineers as well as good talented performers in all the cultural activities. After achieving the degree we again started performing in Mumbai Gnyati Sneh Milan and I also started with anchoring in the gnyati cultural programme. Inspired from my mother - Mrs Parul Jayant Budhbhatti and after getting so much of support from my father - Mr Jayant Budhbhatti, I thought of starting something new for all the youngsters of Shri Kutchhi Maru Kansara Soni- Gnyati (Mumbai) as due to some or the other reasons the youngsters of Mumbai Gnyati didn't come ahead to show their talent. It was a year ago in 2012 that I thought that I will work hard and start a new wing in Mumbai Gnyati for its Youth. And since I want the youth to be creative, I named this youth community as "YOUTH CREATIVE COMMUNITY (YCC)".

My main motto to start YCC was to provide a platform to all the youngsters of Mumbai Gnyati where they can showcase the talent that they possess.

I wish and I hope that the initiative taken by me will be supported by all the youngsters and that they will come ahead, show their talent and co-operate me in making Youth Creative Community (Mumbai) successful in its activities.

In the end I would like to thank my family for supporting me and I am also thankful to Pramukh Shri Jayantibhai Sakaria in supporting Youth Creative Community (YCC) and spreading a word about it in Shri Kutchhi Maru Kansara Soni- Gnyati (Mumbai) Sneh Milan held on 17th November, 2013 in Ghatkopar, Mumbai.

**- Written by - Bansi Budhbhatti (President) - Youth Creative Community**

Miss Bansi is requested to send more details of her venture that seeks to promote creativity among the youth of our community in Bombay what we as a ‘courier’ and the canvasser of your initives would not only support your efforts but would also spread the message wherever our youngster are editor.

We also suggest you to give a brief of your project in Gujarati too ! so that more people not so conversant with english language can also Participation. **– Editor.**

## કાવ્યનું રસાસ્વાદ

– લત્તા સોલંકી

હજો હાથ કરતાલને ચિત ચાનક
તળેટી સમીપે હજી ક્યાંક થાનક
લઈ નાવ તારો સમયનો હળાહળ
થર્યો હોઠ ત્યાં તો અમિયલ થાનક
સુખડ જેમ શબ્દો ઉતરતા રહે છે
તિલક કોઈ આવીને કરશે અચાનક
અમે જાળવ્યું છે ઝીણેશ જતનથી
મળ્યું તેનું સોપીશું કોરું કથાનક
છે ચણ જેનું એના જ પંખી ચૂડો આ
રખી હથ્થ હેઠા નિહાળે છે નાનક
નયનથી નીતરની મહાઆભ મથુરા
અહો ધૌત ધારા બહો ગૌડ નાનક
રાખોરોજ એની મહેકનો મુસલસલ
અજબ હાલ હોને અનલહક હો આનક

આ કવિતા ગઝલના રૂપે છે તેના કવિશ્રી રાજેન્દ્ર શુક્લ છે. કવિઋષિ શ્રી શુક્લનો જન્મ સૌરાષ્ટ્રના બાંટવા ગામે તા. ૧૨-૧૦-૪૨ના રોજ થયો. વઢવાણ તેઓશ્રીનું વતન છે. રાજેન્દ્ર શુક્લની આ કાવ્યનું રસદર્શન કરાવવાનું મારું કેટલું ગજું ? પણ કાવ્ય વાંચ્યા પછી બીજી કવિતાઓ પણ વાંચી પરંતુ ચિંતડું આજે કાવ્યમાં જ ચોંટી રહ્યું. આ કાવ્યમાં એ પરંપરાની સાથે સાથે આધુનિકતા પણ છે. તળપદા શબ્દો છે. પ્રથમ બે પંક્તિઓથી શરૂઆત કરીએ તો

હજો હાથ કરતાલને ચિત ચાનક
તળેટી સમીપે હજી ક્યાંક થાનક

આ પંક્તિ નરસિંહ મહેતાને ધ્યાનમાં રાખી લખાઈ છે કવિ કહે છે કે હાથમાં કરતાલ અને ચિતમાં જાગૃતિ હશે તો ગિરનારની તળેટીમાં આજે પમ નરસૈયાનું સ્થાનક મળી રહેશે. કારણકે દામોદરકુંડમાં નરસિંહ મહેતા રોજ સવારે નહાવા જતા અને પાછા ફરતા કરતાલ લઈ ભજન ગાતા. હાથમાં રાખેલ મશાલથી હાથ સળગ્યો. એવા નરસિંહ મહેતાને યાદ કરતા,

લઈ નાવ તારો સમયનો હળાહળ
થર્યો હોઠ ત્યાં તો અમિયેલ થાનક

આ પંક્તિઓમાં મીરાંબાઈએ ઈશ્વરનું શ્રીકૃષ્ણ પરમાત્મા પ્રભુનું નામ લઈ ઝેરનો પ્યાલો હોઠે ધર્યો તો તે અમૃત થયું.

સુખડ જેમ શબ્દો ઉતરતા રહે છે
તિલક કોઈ આવીને કરશે અચાનક

આ પંક્તિઓ રામાયણ મહાકાવ્ય રામાયણનું સર્જનહાર તુલસીદાસને સ્મરીને લખાયા. આ પંક્તિઓ યાદ આવે

ઘાટ પે ભઈ એતની કી ભીડ
તુલસીદાસ ચંદન ઘસે તિલક કરે રઘુવીર

અમે જાળવ્યું છે ઝીણેશ જતનથી
મળ્યું તેનું સોપીશું કોરું કથાનક

આ પંક્તિઓ કબીરદાસજીનો મનોભાવ વ્યક્ત કરે છે. જેમણે મળેલ મનખા દેહને ઉજવાળતો જીવ જરા પણ મેલો કર્યા વગર કોરે કોરું ઈશ્વરને પાછું સોંપવાનો સંકલ્પ દર્શાવે છે. આ પંક્તિઓ યાદ આવે

જરાને મૌચી ઝીન્હી ચદરિયા,
જ્યુંકિ ન્યું ઘર દીની, ચદરિયા

કબીરજી બીજી પંક્તિઓ પણ સાધુતાને ઉજાગર કરે છે.

કબીરા ખડા બાજાર મેં માંગત સબ કી ખૈર ।
નાહી કિસી સે દોસ્તી નાહી કિસી સે બૈર ॥

આવા મહાન સંત કબીરની જેમ કવિશ્રી પણ કામ, ક્રોધ અને વિકારોથી રહિત દેહરૂપી શુદ્ધ ચાદર પરમાત્માને સોંપવા માગે છે.

છે ચણ જેનું એના જ પંખી ચૂડો આ
રખી હથ્થ હેઠા નિહાળે છે નાનક

ગુરૂનાનક પંજાબના સંત છે જ્યારે ગુરૂનાનકને ખેતરોની રખેવારી કરવા મોકલવામાં આવે છે ત્યારે એ ચણના પંખીઓને પ્રેમથી જોયા કરે છે. ઉડાડતા નથી કારણકે તેઓ માનતા કે અનાજના દાણા ઈશ્વરના છે અને પંખીઓ પણ ઈશ્વરના તો ઉડાડવાની જરૂર જ નથી. પંખી ઈશ્વરનું જ ચણ ખાય છે. તેઓ તો કહેતા - રામ કી ચિડીયા રામ કે ખેત ખા યો ચિડીયા ભર ભર પેટ.

ગુરૂનાનક તો એમની અનાજની દુકાનમાંથી પણ સાધુસંતોની ઝોળી અનાજથી ભરી આપતા.

નયનથી નીતરની મહાઆભ મથુરા
અહો ધૌત ધારા બહો ગૌડ નાનક

અહીં કવિશ્રીએ ચૈતન્ય મહાપ્રભુ નયનોમાંથી કૃષ્ણભક્તિની જે મધુરી શ્વેતધારા વહે છે તેમની વાત કહી છે ચૈતન્ય મહાપ્રભુ બંગાળના ગૌંડ પ્રદેશના સંત જેમની કૃષ્ણ ભક્તિ અને કૃષ્ણગાન બંગાળમાં જાણીતા છે.

હું બ્રહ્મ છું (અહમ્ બ્રહ્માસ્મિ) એ મહાવાક્યની મહેક રાત દિવસ મુખેથી નીકળતી રહે.. અહીં કવિએ સૂફી સંત મનસૂરને યાદ કર્યા છે.

આ ગઝલ ઈશ્કેહકીઠી છે. તેમાં અધ્યાત્મ નિરૂપણ થયેલું છે. સંતો વિશે લખાયું છે એમના નામનો ઉલ્લેખ નથી. કર્યો પણ પ્રતિકોનો ઉપયોગ કર્યો છે. દરેક સંતો જુદા જુદા પ્રદેશના છે અને જુદા જુદા ધર્મસંપ્રદાયના છે. દરેકની ભાષા જુદી જુદી છે. પરંતુ એમાં ત્યાગ, સમર્પણ તલ્લીનતા સરખી છે. દરેક

સંતો અધ્યાત્મ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ સંતોએ જે સાધનો દ્વારા સાધના પ્રાપ્ત કરી હોય અથવા એમના વ્યક્તિત્વમાં જે લક્ષણો હોય એને કાવ્યમાં મઢી શબ્દોની અનેરી અનોખી મીનાકારી કરી છે. જેમકે કરતાલ (નરસિંહ), હળાહળ (મીરા), તિલક (તુલસી), ચણ (નાનક), કોરું કથાનક (કબીર), ગૌંડ (ચૈતન્ય મહાપ્રભુજી), અનલહક (મન્સૂર) જેવા પ્રતિકો કાવ્યને શ્રેષ્ઠતાના સીરે સ્થાપિત કરે છે.

સાથે સાથે કવિએ સંતો જે પ્રદેશના છે તે પ્રદેશની ભાષાનો પ્રયોગ કર્યો છે. જેમ કે 'નાવ થારો' રાજસ્થાની, નાનકનો પંજાબી ચણ, રખીય હથ્ય હેઠા, ગૌડ ગાનક બંગાળનું ગાન, કથાનક કબીર અનલહક સબોરોજ અરબી ફારસી (મંસૂર)ના પ્રયોગથી થોડામાં ઘણું કહી જાય છે.

કવિશ્રી કેવળ સંતોની ઉપદેશની વાત નથી કરતા પણ આપણા મહાન ભારતની સર્વધર્મસમન્વયની પણ વાત સહજતાથી કરે છે. આપણા દેશની વિવિધતામાં એકતાની આપણી સંસ્કૃતિની વાત કરે છે.

આમ કલાપક્ષ અને ભાવપક્ષ બંને પક્ષો શ્રેષ્ઠત્તમ છે. રદિફ અને કાફિયા ચુસ્તપણે જળવાયા છે. તો આધ્યાત્મિકતાના ભાવને પ્રતિકો રૂપે મુકી સંતોના શ્રેષ્ઠગુણોને ઉજાગર કરવામાં આવ્યા છે તે કવિશ્રીની સંપન્નતા, ગહનતા અને કાવ્યનું ઝીણું ઝીણું નકશીકામ શબ્દોનું દર્શાવે છે. ગુજરાતી, રાજસ્થાની, પંજાબી, બંગાળી, ફારસી અને અરબી ભાષાના શબ્દોનો પ્રયોગ કાવ્યના કલાપક્ષને વધુ મજબૂત કરે છે. આમ 'હજો હાથ કરતાલ' કવિતા મનના તારોને ઝંકૃત કરી આધ્યાત્મના ઉચ્ચતમ શિખરે લઈ એક અદ્વિતીય આનંદ બક્ષે છે અને જ્યારે જ્યારે શ્રી રાજેન્દ્ર શુક્લજીની આ કવિતા વાંચીએ ત્યારે ત્યારે મનમાં નવા નવા ભાવો આવતા રહે છે. આવા જ ભાવ લઈને મરીઝની ચાર પંક્તિઓ -

મેં કુરઆન ગીતાના વાંચન કીધા,
અવસ્તા મને ગ્રંથનાં રસ પીધા
એ સૌમાં શું અક્ષરનાં દર્શન થયાં ?
મને  મારા ઈશ્વરના દર્શન થયા.

## પ્રતિભાવો

● મને જ્ઞાતિસેતુ અંક મળ્યો. મારી કૃતિ છાપવા બદલ આપનો તથા જ્ઞાતિસેતુ પરિવારનો ખૂબ ખૂબ આભાર. મારી કૃતિને પ્લેટફોર્મ આપવા માટે આપનો ઋણી રહીશ. આવા અનએક્ષ્પેક્ટેડ પ્રતિસાદ બદલ હું ખરેખર ખરા દિલથી સાધુવાદ વ્યક્ત કરું છું. **— સોની પ્રિન્સી નીતેશભાઈ-નખત્રાણા**

● ગત સેતુના અંકમાં મારું સુચન સ્વીકારવા બદલ આભાર વ્યક્ત કરું છું. 'સેતુ' અમને બોલવાની તક આપે છે. ચાલવાનું ફ્લક આપે છે આ ઉપરાંત બસ બીજી શી અપેક્ષા હોય ? **— જીનલ સોલંકી-માંડવી**

● અતુલભાઈ સોનીના આ દશાબ્દી વર્ષ વિશેષાંકનું આયોજન તેમજ સંપાદન સંપૂર્ણ રહ્યું. આ દાયકા વટભેર પાર પાડ્યો તે બદલે સમગ્ર તંત્રીમંડળને અભિનંદન. તુલસીદાસ કંસારાનો લેખ ખૂબ સરસ.. લત્તાબેન સોલંકીને મેરેજ બ્યુરો, મહિલા સેલ માટે ખૂબ ધન્યાવાદ અને અભિનંદન.

હું એકતા કટ્ટાનો કેળવણી ફંડ ટ્રસ્ટની માહિતી આપી કાર્યને ઈજન આપ્યું એ બદલ અભિનંદન. સ્વાસ્થ્ય વિભાગ જરૂરી હતો જે ચાલુ રાખવા વિનંતી. વિચારમંચ હેઠળ છત્રાળા તુલસીદાસભાઈનો લેખ ખૂબ જ વિચારશીલ લાગ્યું આવી શુભકામના જ્ઞાતિજનો રાખે તો પરસ્પર અનુકુલન સાધી સમાજ પ્રગતિ કરી શકે. **— મીતા એન. સોલંકી**

● ગત અંકમાં 'એક બહેન ભુજનું સૂચન : બાળકોમાં ઈનામ વિતરણ વખતે વિદ્યાર્થીના પૂરા નામ સાથે માતાનું પણ નામ લેવામાં આવે.' ખૂબ જ યોગ્ય અને હૃદયસ્પર્શી છે. બાળક સાથેના સંબંધમાં પિતા પક્ષે જવાબદારી અને માતા પક્ષે લાગણી મુખ્ય હોય છે. આ લાગણીની કદર થવી જ જોઈએ.

પ્રિન્સી સોનીની વાર્તા 'માનતા' ક્યા બાત હૈ ! નવા લેખકોને હાથમાં પેન લઈને કંઈક લખવા ઉશ્કેરે એવી પ્રેરણાત્મક !

એક સૂચન : મેગેઝીનના ટાઈપ (ફોન્ટ) એક પોઈન્ટ નાના વધુ સારા લાગશે એમ મને લાગે છે. શુભેચ્છા સહ..

**— હરનિશ કંસારા (અમદાવાદ)**

● સમય સદા પરિવર્તનશીલ છે. પરંતુ, સમાજમાં હકારાત્મક પરિવર્તન થવામાં લાંબો સમય લાગે છે. 'જ્ઞાતિસેતુ' દ્વારા છેલ્લા એક દશકાથી સમાજમાં શિક્ષણ, વ્યવસાય, સામાજીક સંબંધો વિગેરે વિવિધ ક્ષેત્રે થઈ રહેલ સતત અવિરત કાર્યથી પરિવર્તનનો અહેસાસ થાય છે. આ કાર્ય માટે 'જ્ઞાતિસેતુ ટીમ' અને તેના સર્વે સહયોગીઓને હાર્દિક અભિનંદન અને શુભકામના...

**— અરવિંદ સોની-ભુજ**

# ખાદ્યતેલની પસંદગી

– અતુલ સોની

પરંપરાગત રીતે ભારતીય ભોજનથાળમાં ખાદ્યતેલમાંથી બનતી વિવિધ વાનગીઓનું સ્થાન મહત્વપૂર્ણ રહેલ છે. તળવા અને વઘારવા માટે વિવિધ પ્રકારના ખાદ્યતેલો વપરાય છે. આપણા દેશમાં વપરાતા ખાદ્યતેલોમાં સીંગતેલ, કપાસીયા તેલ, સરસીયું, સોયાબીન તેલ, તલનું તેલ, કોપરેલ મુખ્ય છે. વિવિધ પ્રાંતોમાં વસતા જુદા જુદા પ્રકારના તેલ વપરાય છે. ગુજરાતમાં મગફળીનું ઉત્પાદન વિશેષ પ્રમાણમાં થતું હોવાથી વર્ષોથી સીંગતેલનો વપરાશ થતો રહેલ છે. ઉત્તર ભારતમાં સરસીયું, કપાસીયા તેલ, સોયાબીન વગેરે વપરાય છે તો દક્ષિણ ભારતમાં રસોઈ બનાવવામાં કોપરેલનો ઉપયોગ થાય છે.

રસોઈમાં ખાદ્યતેલ કે ઘીનો વપરાશ સ્વાસ્થ્યની દૃષ્ટિ હંમેશા ચર્ચાનો વિષય રહેલ છે. રોજબરોજના વપરાશમાં કેટલું તેલ ખાવું જોઈએ અને કયુ તેલ વધારે સ્વાસ્થ્યપ્રદ ગણાય તેવા સવાલ થતા રહે છે. હવે લોકો પોતાના આરોગ્ય પ્રત્યે વધારે સજાગ બનેલ છે.

હાલમાં વિવિધ પ્રકારના ખાદ્યતેલ બજારમાં ઉપલબ્ધ છે. ખાદ્ય તેલના ઉત્પાદકો જાહેરાત અને માર્કેટીંગ ટેકનીક દ્વારા અનેક પ્રકારની લોભામણી ઓફર આપતા રહે છે. આ સંજોગોમાં ખાદ્યતેલની પસંદગી મુશ્કેલ બની રહે તે સ્વાભાવિક છે.

આ વિષય પર વિશેષ જાણકારી માટે ખાદ્યપદાર્થની ગુણવત્તા સાથે સંકળાયેલ વિશિષ્ટ પરિબળોને સમજવા જરૂરી છે. તમામ પ્રકારના તેલો મૂળભુત રીતે સંપૂર્ણ ચરબી (ફેટ) પદાર્થ છે. આથી ક્યા તેલમાં ચરબી-ફેટ વધારે કે ઓછી હોય તેવો પ્રશ્ન અસ્થાને છે.

આજકાલ ખાદ્યતેલના પેકીંગ પર મોનો અનસેચ્યુરેટેડ ફેટી એસિડ, પોલી અનસેચ્યુરેટેડ ફેટી એસીડ, સેચ્યુરેટેડ ફેટી એસિડ, કોલેસ્ટ્રોલ અને ટ્રાન્સફેટ જેવા શબ્દો વપરાતા જોવા મળે છે. આ ટેકનીકલ શબ્દોનો તેલની ગુણવત્તા સાથે સંકળાયેલ છે.

આરોગ્યની દૃષ્ટિએ વિચારીએ તો કોલેસ્ટ્રોલ શબ્દનું મહત્વ વધારે છે. આ લોહીમાં રહેલ ચીકણો ચરબી જેવો પદાર્થ છે. જે મુખ્યત્વે બે પ્રકારના છે. (૧) HDL કોલેસ્ટ્રોલ (સારૂ કોલેસ્ટ્રોલ) અને (૨) LDL કોલેસ્ટ્રોલ (ખરાબ કોલેસ્ટ્રોલ). રક્તમાં કોલેસ્ટ્રોલનું પ્રમાણ વધે તો હૃદયરોગની સંભાવના વધી જાય છે. આથી તેનું પ્રમાણ નિયત માત્રા કરતા વધે નહી તે જરૂરી છે.

અહીં એક બાબત ઉલ્લેખનીય છે કે વનસ્પતિમાંથી બનતા કોઈપણ તેલમાં ક્યારે પણ 'કોલેસ્ટ્રોલ' હોતું નથી. આથી ખાદ્યતેલની જાહેરાતોમાં Zero Cholestrol, Cholestrol Free જેવા શબ્દો ગ્રાહકને ગેરમાર્ગે દોરે છે. એ વાત ખરી છે ખાદ્યતેલ અને બ્લડ કોલેસ્ટ્રોલ વચ્ચે સંબંધ છે. જો ખાદ્યતેલમાં સેચ્યુરેટેડ ફેટી એસિડનું પ્રમાણ વધારે હોય તે તેલના વપરાશથી ખરાબ પ્રકારના કોલેસ્ટ્રોલ (HDL) અને ટોટલ કોલેસ્ટ્રોલનું લોહીમાં પ્રમાણ વધે છે. વનસ્પતિ ઘી કે પામ ઓઈલમાં ટ્રાન્સ ફેટ હોય છે તેનાથી લોહીમાં ખરાબ LDL કોલેસ્ટ્રોલનું પ્રમાણ વધે છે અને સારા HDL કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટે છે. આથી ટ્રાન્સફેટ યુક્ત તેલ આરોગ્યની દૃષ્ટિએ નુકશાનકારક છે.

ઉપરોક્ત હકીકત ધ્યાનમાં લઈ ભારતમાં વપરાતા વિવિધ ખાદ્યતેલના સંદર્ભે વિચારીએ તો આરોગ્યની દૃષ્ટિએ ખાદ્યતેલની પસંદગી કરવી સરળ બને.

**સીંગતેલ :** ગુજરાત એ મગફળી ઉત્પાદક પ્રદેશ છે. આથી મગફળીના તેલ કે સીંગતેલનું વપરાશ સૌથી વધારે છે. સીંગતેલમાં MUFA પ્રકારના ફેટી એસિડ હોય છે. જેના વપરાશથી ખરાબ LDL કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટે અને સારા HDL ના પ્રકારના કોલેસ્ટ્રોલનું પ્રમાણ વધે છે તે ઉપરાંત Total Cholestrol નું પ્રમાણ પણ વધતું નથી. આથી આરોગ્ય દૃષ્ટિએ સીંગતેલ યોગ્ય છે.

**કપાસીયા તેલ :** છેલ્લા કેટલાક વર્ષોમાં કપાસીયા તેલનું વપરાશ વધ્યું છે. મગફળી અને અન્ય તેલીબીયાનું ઉત્પાદન પુરતુ ન હોવાથી વૈકલ્પિક ખાદ્યતેલના સંશોધન બાદ કપાસીયા તેલ ને ખાદ્યતેલ તરીકે વિશેષ સ્વીકૃતિ મળી છે. કપાસીયા તેલમાં MUFA અને PUFA ફેટી એસિડનું મિશ્રણ છે. કપાસીયા તેલ તળવા માટે વિશેષ ઉપયોગી થાય છે. તેમાંથી બનાવેલ ફરસાણ લાંબો સમય રહી શકે છે. સીંગતેલની સાથે સાથે કપાસીયા તેલનો વપરાશ કરી શકાય.

**ઓલીવ ઓઈલ :** અન્ય સરખામણીમાં ઓલીવ ઓઈલ વધારે મોંઘુ પડે છે. પશ્ચિમના દેશોમાં તેનો વિશેષ ઉપયોગ થાય છે. ઓલીવ ઓઈલના ઘણા ફાયદા પણ છે. અભ્યાસ પરથી એવું જાણવા મળે છે. ઓલીવ ઓઈલના વપરાશથી હૃદયરોગનું જોખમ ઘટે છે. ડાયાબીટીસ તથા કેટલાક પ્રકારના કેન્સર (ખાસ કરીને સ્તન કેન્સર)નું પ્રમાણ ઘટે છે. કારણકે ઓલીવ ઓઈલમાં વિશિષ્ટ પ્રકારના એન્ટી ઓક્સીડન્ટ ધરાવે છે. આમ આર્થિક રીતે પરવડે તેમના માટે ઓલીવ ઓઈલ ઉત્તમ ખાદ્યતેલ ગણાય છે.

**તલનું તેલ :** વર્ષોથી આયુર્વેદમાં તલનું તેલ માહત્મ્ય જણાવવામાં આવેલ છે. દક્ષિણ ભારતના કેટલાક રાજ્યોમાં તલનું તેલ નિયમિતરૂપે વપરાશમાં લેવામાં આવે છે. તલના તેલમાં PUFA પ્રકારના ફેટી એસિડ વધારે હોય છે. જે બ્લડપ્રેશરને કન્ટ્રોલમાં રાખે છે. તે ઉપરાંત તેમાં સૌથી વધારે Omega-6 અને Omega-9 જેવા ઉપરાંત સારા પ્રમાણમાં Vitamin-E, Vitamin-B6 જેવા આરોગ્યવર્ધક તત્વો રહેલા છે. તલનું તેલ લાંબા સમય સુધી ખરાબ થતું નથી. ચીન

અને જાપાન જેવા દેશોમાં તેનો વધારે વપરાશ થાય છે. આ વિસ્તારના લોકોનું આયુષ્ય પણ વધારે હોય છે હકીકત છે.

**સરસીયું તેલ :** સરસીયા તેલમાં એક વિશિષ્ટ પ્રકારની તીવ્ર સુગંધ હોય છે. આપણે ત્યાં અથાણામાં ફ્લેવર માટે ખાસ સરસીયા તેલનો ઉપયોગ થાય છે. આ તેલમાં MUFA અને PUFA પ્રકારના ફેટી એસિડ હોય છે. પરંતુ તેમાં એક અન્ય 'યુરોસીક' નામનું ફેટી એસિડ હોય છે. જેનું વધારે વપરાશ આરોગ્ય માટે હાનિકારક સાબિત થાય છે. આથી આ તેલનો સતત વપરાશ ન કરવું જોઈએ. આ ઉપરાંત સરસીયા તેલ સાથે આરજીમોન ઓઈલની ભેળસેળ થવાથી ભુતકાળમાં સ્વાસ્થ્ય માટે જીવલેણ કિસ્સા બનેલ આથી તેનો વપરાશ ટાળવો જોઈએ.

**સાયોબીન તેલ :** સોયાબીન તેલમાં PUFA ફેટી એસિડનું પ્રમાણ વધારે હોય છે. ખાસ કરીને 'લીનોલીક એસિડ' અને 'આલ્ફા લીનોલીક એસિડ' જે માનવ સ્વાસ્થ્ય માટે ખૂબ ગુણકારી છે. આથી તળવા સિવાય રસોઈમાં સોયાબીન તેલનો ઉપયોગ આરોગ્યપ્રદ છે. તળવામાં સોયાબીન તેલ યોગ્ય નથી.

**રાઈસ બ્રાન્ડ ઓઈલ :** ચોખાની કુસકીમાંથી બનતું તેલ એક નવા પ્રકારનું તેલ ગણાય છે. હવે ભારત સહિત એશિયાના દેશોમાં તેની લોકપ્રિયતાના વધતી જાય છે. અન્ય ખાદ્યતેલોની સરખામણીમાં આ તેલમાં પોષક તત્વોનું પ્રમાણ વધારે છે. તેમાં રહેલ Vitamin-E એ ચામડી માટે ખૂબ જરૂરી છે. તે કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટાડે છે. આ ઉપરાંત તે તમામ પ્રકારના કુકીંગ માટે આદર્શ છે. ઊંચા તાપમાને તળવાથી પણ તેના ઘટકો નાશ પામતા નથી. એક અભ્યાસ પરથી એવું જણાયેલ છે કે સીંગતેલના પ્રમાણમાં રાઈસ બ્રાન્ડ ઓઈલ ૧૨ થી ૨૫ જેટલું ઓછું વપરાય છે.

**સૂર્યમુખીનું તેલ અને કરડીનું તેલ :** સૂર્યમુખીના તેલ એક આરોગ્યપ્રદ વિકલ્પ છે. તેમાં રહેલ PUFA ફેટી એસિડ ખાસ કરીને લિનોલીક નામના ફેટી એસિડના કારણે લોહિમાં રહેલ ખરાબ કોલેસ્ટ્રોલ (LDL) સાથે સાથે સારા કોલેસ્ટ્રોલ (HDL) નું પ્રમાણ પણ ઘટી જાય છે. આથી આ તેલ પણ એકલું વાપરવું યોગ્ય નથી. તેની સાથે અન્ય ખાદ્યતેલનો ઉપયોગ કરવો જોઈએ.

**પામોલીન તેલ :** પામોલીનનું તેલ ભારતમાં ખાસ ઉત્પાદન થતું નથી પણ મોટા પ્રમાણમાં આયાત થાય છે. અન્ય તેલોની સરખામણીમાં સસ્તુ હોવાથી તેના વપરાશ વધારે થાય છે. પામોલીન તેલ એકલું ખાવું આરોગ્યપ્રદ નથી. અન્ય ખાદ્યતેલ સાથે સાથે તેના થોડા પ્રમાણમાં વપરાશ કરી શકાય.

**કોપરેલ તેલ :** દક્ષિણ ભારતના ઘણા વિસ્તારોમાં કોપરેલ તેલનો ખાદ્યતેલ તરીકે ઉપયોગ થાય છે. કોપરેલ તેલના લાભાલાભ વિશે જુદા જુદા મંતવ્યો છે. તે સેચ્યુરેટેડ ફેટ ધરાવે છે. પરંતુ તેને અન્ય પ્રાણીજ ચરબી કરતા વધારે યોગ્ય માનવામાં આવે છે. સનફ્લાવર કે કરડીના તેલની સાથે સાથે તેનો ઉપયોગ થઈ શકે છે.

**વનસ્પતિ ઘી :** જુદા જુદા પ્રકારના ખાદ્યતેલો પર કેમીકલ પ્રક્રિયા કરી વનસ્પતિ ઘી બનાવવામાં આવે છે. તેમાં સેચ્યુરેટેડ ફેટી એસિડ અને ટ્રાન્સ ફેટી એસિડનું પ્રમાણ વધારે હોવાથી તેનો ઉપયોગ હૃદયરોગ લાવી શકે છે. વનસ્પતિ ઘીનો ઉપયોગ ટાળવો જોઈએ.

**ઉપસંહાર :** ઉપરોક્ત વિશ્લેષણ પરથી એવું તારણ મળે છે કે કોઈ એક ખાદ્યતેલમાં તમામ પ્રકારના પોષક તત્વો ઉપલબ્ધ નથી. આથી ઘરેલું વપરાશમાં એકથી વધારે તેલોનો ઉપયોગ ફાયદાકારક છે. જેમકે સીંગતેલની સાથે સનફ્લાવર ઓઈલ કે કપાસીયા તેલ વાપરવામાં આવે. વર્ષ દરમ્યાન પરિવારમાં ચાર ડબ્બા તેલ વપરાતું હોય તો એક જ પ્રકારના તેલના બદલે બે કે ત્રણ પ્રકારના તેલ ખરીદવા જોઈએ. રીફાઈન્ડ તેલ બિનજરૂરી તત્વો દૂર કરી શુદ્ધ કરવામાં આવે છે. આવા રીફાઈન્ડ તેલ સારા ગણાય પરંતુ તેમાં તે ખાદ્યતેલની વિશિષ્ટ સુગંધ મળતી નથી. જુદા જુદા ઉપયોગ માટે જુદા જુદા તેલ વાપરી શકાય જેમ કે ઓલીવ ઓઈલ, સનફ્લાવર તેલ વઘાર માટે, સીંગતેલ કે કપાસીયા તેલનો તળવા માટે ઉપયોગ કરી શકાય આમ કરવાથી જુદા જુદા તેલોના સારા તત્વો મળી રહે. એક તેલમાં વારંવાર તળવાથી ખૂબ ગરમીના કારણે તે તેલમાં ઝેરી તત્વો ઉત્પન્ન થતા હોય છે. જે આરોગ્ય માટે હાનિકારક છે આથી તે ટાળવું જોઈએ.

---

**અનુસંધાન પાના નં. ૨૮ પર ચાલુ..**

નથી. દુઃખી લોકોથી લોકો પણ દૂર ભાગે છે. એની પાસે જવામાં મજા નથી, એ તો રોદણા જ રડતો હોય છે લોકો પણ મજા આવતી હોય ત્યાં જ જાય છે.

સૌથી પહેલાં એ વિચારો કે તમને તમારાથી મજા આવે છે ખરી ? જીંદગીને હળવી બનાવી રાખો. ભારે રહેવાથી થાક જ લાગવાનો છે. હસવાનું થોડુંક વધારી દો અને નક્કી કરો કે મારે ખુશ રહેવું છે, મારે સુખી રહેવું છે, ચેક કરતા જ રહેજો કે તમારા સુખ, આનંદ, ઉત્સાહ, ખુશી અને જીંદગીની ચાવી તમારા હાથમાં જ છે.

મુરખ માણસ એક જ દુઃખનો અનુભવ ત્રણવાર કરે છે. (૧) દુઃખ આવવાનું છે એની કલ્પના કરીને (૨) દુઃખ ખરેખર આવી પડે ત્યારે તે વેઠીને અને (૩) દુઃખ ચાલ્યું જાય પછી એને વાગોળ્યા જ કરીને.

## શ્રદ્ધાંજલિ



**સ્વ. રંજનબેન કરશનદાસ મચચા**

**સ્વર્ગવાસ તા. ૧૫-૧-૨૦૧૧**

### ભાઈ

સ્વ. હર્ષદભાઈ કરશનભાઈ મચચા (કલકત્તા)
સ્વ. યદુભાઈ કરશનભાઈ મચચા (ભુજ)
સ્વ. રમેશભાઈ કરશનભાઈ મચચા (લંડન)
સ્વ. દિનેશભાઈ કરશનભાઈ મચચા (લંડન)

### બહેન

સ્વ. મંગળાબેન બાબુભાઈ બારમેડા (રાયપુર)
સ્વ. કમળાબેન પોપટભાઈ સોની (અંજાર)
હીરાબેન શ્યામભાઈ કંસારા (અમદાવાદ)
મંજુલાબેન શિવલાલ બુદ્ધભટ્ટી (ભુજ)
કુનાલ શિવલાલ બુદ્ધભટ્ટી (બેંગલોર)
રૂદ્ર શિવલાલ બુદ્ધભટ્ટી (વડોદરા)

KANSARA


Dream Dare Do

Rollers for Bearings
World - Class Worldwide

Kansara Modler Limited

an Indo-German Joint Venture

A-41(B), M.I.A. Phase II, Basni, Jodhpur - 342005.
Tel: +91 291 2741656, 5120656 Fax : +91 291 270657
Website : www.kansara.com Email : info@kansara.com



॥ શ્રીરામ ॥
મે. સોની પ્રભુદાસ ખેતશી
મે. મીના જ્વેલર્સ
સુવર્ણ અલંકારોનો અદ્યતન શોરૂમ
BIS Approved Jewellers
916
Hall Mark Jewellery
Govt. Approved Valuer
૨-૩ શ્રી સ્વામિનારાયણ વાણિજ્ય સંકુલ, બેંક ઑફ ઈન્ડીયાની બાજુમાં, હૉસ્પિટલ રોડ, ભુજ-કચ્છ
ફોન : (શો રૂમ) ૦૨૮૩૨ ૨૨૦૯૦૯, ૨૫૫૯૭૬ (ઘર) ૦૨૮૩૨ ૨૫૦૫૬૫, ૨૨૩૯૦૯